શૂરવીર રાજભક્ત

પ્રતાપરુદ્ર

રસિક નૉવેલ.

ભાગ ૨ જો.

વીર, ભયાનક અને અદ્ભુતરસથી ભરપૂર.
પતિ પત્નિના ધર્મનું આબેહુબ ચિત્ર.

રચનાર,
રાજકવિ હર્ષદરાય સુંદરલાલ મુનશી.
અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ત્રણ દરવાજા, અમદાવાદ.

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦.

અમદાવાદ.
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

કીંમત બાર આના.

શૂરવીર રાજભક્ત પ્રતાપરૂદ્ર

રસિક નૉવેલ.

ભાગ ૨ જો.

વીર, ભયાનક અને અદ્‌ભુતરસથી ભરપૂર.

પતિ પત્નિના ધર્મનું આબેહુબ ચિત્ર.

રચનાર,

રાજકવિ હર્ષદરાય સુંદરલાલ મુનશી.

અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા, અમદાવાદ.

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦.

અમદાવાદ.

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

કીંમત બાર આના.

પ્રસ્તાવના.

પ્રતાપરૂદ્રનો પહેલો ભાગ બહાર પડતાં લોકોમાં ઘણા ઉત્સાહથી વંચાવા લાગ્યો છે, અને બીજા ભાગની માગણી થવાથી અમોએ તે છપાવી બહાર પાડયો છે. જેથી વાંચનાર દરગુજર કરશે,

લી. પ્રસિદ્ધકર્ત્તા.

શૂરવીર રાજભક્ત પ્રતાપરૂદ્ર.

રસિક નૉવેલ.

પ્રકરણ ૧ લું.

તેણીનું વિશાળમુખ અત્યંત ભયંકર જણાતું હતું; પ્રતાપરૂદ્ર તે કૃષ્ણાંબરી જાદુગીરીના અવાસ નજીકજ આવી પહોંચ્યો હતો, જ્યારે પ્રતાપરૂદ્રે કૃષ્ણાંબરીને જોઇ તેજ વખતે અદ્વૈતાનંદ મહાત્માથી મળેલું ધનુષ સંધાન કરીને એક બાણ તેણીનું મ્હોત શોધવાને છોડી દીધું હતું; તે છોડેલું બાણ થોડીકજ વારમાં પાછું આવ્યું, અને પ્રતાપરૂદ્રને જણાવ્યું કે તે કૃષ્ણાંબરી જાદુવાળી કૃત્યાના મોટા ભાલપ્રદેશની મધ્યમાં બાણ વાગવાથી જરૂર તે ભુમિ ઉપર પછાડા મારતી પડી જશે; આટલી ખબર પડતાંમાં તો તે કૃષ્ણાંબરી પ્રતાપરૂદ્રની પાસે આવીને કહેવા લાગી કે અરે મુર્ખ ! તું મ્હોતને આધીન થએલો કોની રાહ જુવે છે ! હવે જે તારૂં ભલું કરનાર હોય તેનું સ્મર્ણ કર, કેમકે તું તદ્દન મ્હોતનેજ વશ થએલો છું, તું અમારી આજ્ઞા વિના આ હદમાં આવ્યો છે તે ઘણોજ અપરાધ કર્યો છે. તે અપરાધની ક્ષમા કદી પણ થતી નથી. બોલ્ય ! શો ઉત્તર આપે છે ! તું હજુ નથી જાણતો કે હું કોણ છું ! અત્યાર સુધી મારા સપાટામાં આવેલા સેંકડો માણસો મહોતનેજ તાબે થઇ ગયેલા છે, તારા અંતઃકરણની બેવકુફી ભરેલી મુરાદનો પરીણામ અહીયાંજ પુરો થઇ ગયો છે.

કૃષ્ણાંબરીનું આ પ્રમાણે વચન સાંભળીને પ્રતારૂદ્રે ગર્જના કરીને તેને કહ્યું કે હે દુષ્ટા ! તારા અધમ કૃત્યનો બદલો હવે તને આજ વખતે મળવાનો છે; હવે ત્હારૂ મ્હોત નજીકજ આવી પહોંચ્યું છે અને એટલાજ માટે તું તારા કુટુંબકબીલાની હવે છેલ્લી ભેટ સમજી લેજે.

આટલું સાંભળતાંમાં તો તે કૃષ્ણાંબરીએ એક તાડ ઉંચાઈ જેટલું પોતાનું શરીર વધાર્યું અને કહેવા લાગી કે અરે ગમાર ! તને એકજ લાત મારીને તારા ઉપર મારો પગ મુકું એટલે બસ છે. એમ કહીને જેવી ફલંગ મારવા જાય છે એજ વખતે પ્રતાપરૂદ્રે તે કૃષ્ણાંબરીના કપાળની મધ્યમાં બાણ માર્યું એટલે તે બાણ તેનું કપાળ ભેદીને બાહેર નીકળી પડ્યું. એજ જગોએ તેણીનું મૃત્યુ હતું; તેથી તે તુરતજ ચત્તાપાટ પડી ગઇ. અને પડતી વખતે તેણીએ એવી ગર્જના

કરી કે તે ગર્જના થતાની સાથે સેંકડો જગોએ વિચિત્ર સ્હોરબકોર થવા લાગ્યો. તેની સાથે એક દમ કૃષ્ણપક્ષની રાત્રીમાં આકાશમાં વર્ષાઋતુનું ભારે વાદળ મળ્યું હોય તેવું અત્યંત અંધારૂ થઇ ગયું. તે સાથે ભય આપે તેવા ચારે બાજુએ કાટકા થવા લાગ્યા. અને પૂર્વ તથા પશ્ચિમ બાજુનો પવન છુટીને તે પવન સામસામે આથડવા લાગ્યા. જમીન ઉપરની ધુળ આકાશમાં એટલી બધી ઉડીને ચઢી ગઇ કે તેને માટે આંખ્યો મીચવાની જરૂર પડે. મોટા મોટા પથરાઓનો વરસાદ વરસવા લાગ્યો; અનેક ઝાડનાં મોટાં પાંદડાંનો ખડખડાટ કાનને બ્હેર મારે તેવો થવા લાગ્યોઃ—ચારે બાજુ મારો મારો, ફુટી નાંખો, ચીરી નાખો, ઉભા રહો, કયાં જાય છે, ચાલ તૈયાર થઇ જા, આ પ્રમાણે સહોરબકોર થવા લાગ્યો. વર્ષાઋતુમાં જેવી રીતે આકાશમાં વીજળી ચમકારા મારે છે તેવી રીતે ચારે બાજુ વારંવાર પ્રકાશ થઇને ગેબ થઇ જવા લાગ્યો; પણ સહોરબકોર તથા ભયંકર ગર્જના એવી તો થતી હતી કે ગમે તેવા હીમતવાન માણુસ હોય તે પણ ભય પામી ગુંગળાઇને બેચેન થયા શિવાય રહે નહી એવો દેખાવ થવા લાગ્યો; સેંકડો જગોએ સળગતી મશાલો દોડમદોડા કરતી હોય તેવું દેખાવા લાગ્યું, સીંદુર જેવા રંગવાળી ધુમાડીના ગોટે ગોટ દેવતા મિશ્રિત થતાં તેમાંથી મોટા મોટા કાટકા થવા લાગ્યા; જાણે ભુકંપ થતો હોય કિંવા જાણે જ્વાળામુખી પ્રકાશ હોય તેવી રીતે ઘણી જગોએ થઇ થઇને ગેબ થવા લાગી. આ પ્રમાણે બનાવ જોઇને પ્રતાપરૂદ્ર એકદમ સ્તબ્ધ થઇ ગયો; અને કોણ જાણે આ સૃષ્ટીનો અંત આવશે કે શું ! એમ સમજીને એક વૃક્ષના થડને લપાઇને ઉભો રહ્યો; અને અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યો; તેને ક્ષણુવાર પણ ચેન પડે નહીં. તેણે વારંવાર પોતાના ગુરૂનું આ વખતે સ્મર્ણ કરવા માંડયું. આ વખતે મ્હોતનું ચક્ર ફરે છે એમજ પ્રતાપરૂદ્રે નિશ્ચય કર્યો. આ તરફ આ પ્રમાણે પ્રતાપરૂદ્ર ચકિત થઈ ગયેલો તમામ ભયંકર અને વિચિત્ર દેખાવ જોયાંજ કરે છે ત્યારે બીજી તરફ નવનવિન દેખાવ થયાંજ કરે છે. આમ કેટલીક વાર થયા પછી તમામ શાન્ત થઇ ગયું, અને તુર્ત સૂર્યનો પ્રકાશ જણાયો. આ વખતે બપોરનો સમય થયો હતો, સૂર્ય માથે આવ્યો હતો. તે જોઇને પ્રતાપરૂદ્રને આનંદ થયો. પણ તે ભયંકર દેખાવ અટોપાઇ ગયા પછી એક રમણિય માંડવો તેના જોવામાં આવ્યો; તે જોઇને માંડવા પાસે પોતે ઉભો રહ્યો. અને જુવે છે ત્યારે તે માંડવામાં એક પાંજરામાં પોપટ પુરાયલો જોવામાં આવ્યો. જરાક વાર થઇ એટલે તે પોપટ અને તમામ માંડવો જમીનમાં સમાઇ (ગેબ) ગયો. આવો

તમાસો જોઇને પ્રતાપરૂદ્ર એકદમ ખમચાયો અને વિચાર કરવા લાગ્યો કે રખેને કદાચ હું પણ આ સાથે જમીનમાં ગેબ થઇ જાઉં તો પછી મારી શી વલેહ એમ ધારીને જેવો પોતે પાછે પગે હઠવા જાય છે, એટલામાં તો જમીનમાંથી દીવ્ય દેહવાળો એક પુરૂષ બાહેર નીકળ્યો. તે પુરૂષે પ્રતાપરૂદ્રના બન્ને ચરણમાં મસ્તક નમાવ્યું. પછી ઉભો થઇ હાથ જોડીને કહેવા લાગ્યો કે, ગરીબપરવર! આપની કૃપાથીજ મ્હારો ઉદ્ધાર થયો છે; તે કૃષ્ણાંબરી કૃત્યાને આપે વિદ્દારણ કરી ન હોત તો અને જ્યાં સુધી તે હયાત રહત ત્યાં સુધી મારી પક્ષીની બનેલી અધમ સ્થિતિ કદી પણ બદલાત નહીં, હે કૃપા સિંધુ! આપનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે, અને તે થએલા ઉપકારનો બદલો વાળવાને મારી પાસે લેશ પણ સાધન નથી. મારા શરીરના ચામડાના જોડા આપના પગમાં પેહેરવાને કરાવું તે પણ મારૂં ઓછું કર્તવ્ય છે. હે પ્રભુ આથી વિશેષ આપને શું કહું! આ પ્રકારે કહીને તે માણસ ઉભો રહ્યો.

એક દ્રષ્ટિથી તે દીવ્ય પુરૂષના મુખ ભણી જોઇને પ્રતારૂદ્રે પ્રશ્ન કર્યો કે તમે કોણ છો! અને તમારો ઉદ્ધાર શી રીતે થયો! તમે કોહોના સપાટામાં હતા!

પેલા દિવ્ય પુરૂષે ઉત્તર આપ્યો કે, હું અત્રે બાવન પરીયોનો નાયક **તુંગભદ્ર** નામનો હું માણસ છું. એક વખતે આ પ્રદેશના રાજાની સભામાં મેં સત્ય બોલવા ઉપર પૂર્ણ ભરૂસો રાખી ન્યાયની ખાતર ખરેખરૂં બોલ્યો હતો કે જેમાં તે રાજાએ પોતાનું અપમાન થયું એમ ગણ્યું, અને તેમ ગણીને મારા ઉપર તે વધારે ગુસ્સે થયા, તેજ વખતે પોતાના તાબામાં કૃષ્ણાંબરી નામની જાદુમાં કુશળ એવી મહા અધમ કૃત્યા હતી. તે કૃત્યાને બોલાવીને તેના કબજામાં રાખવાને અને પક્ષી બનાવીને પાંજરામાં રાખી મુકવાની મને સજા ફરમાવી. તે કૃષ્ણાંબરીએ મારી એવીજ અધમ સ્થીતી કરી હતી; જ્યારથી મારી એવી સ્થીતી થઈ ત્યારથી કોણ જાણે બાવન પરીયો મારી ગેરહાજરીને લીધે તથા મારી આવી સ્થીતી થએલી જાણીને આમ તેમ પોતાનો વખત અફસોસમાં કાઢતી હશે. વળી તે સમગ્ર એક જગેથી રહે છે કે અલગ અલગ છે તેની પણ મને ખબર નથી. પણ જ્યારે આ ફંદામાંથી મારો છુટકો થયો જાણશે ત્યારે તે સમગ્ર બાવન પરીયોને તથા મારી સ્ત્રી સમગ્રને આનંદ થયા શિવાય રહેશે નહીં; માટે હે પ્રભુ! આ ઉપકાર કયમ વીસરી શકાશે આપે તો સેંકડો માણસોનો ઉપકાર કર્યો છે.

પ્રતાપરૂદ્રે ફરી પુછ્યું કે—એ તો ઠીક, પણ જેવી રીતે કૃષ્ણાંબરી નામની કૃત્યા જાદુવીદ્યાને જાણનારી હતી તેવી રીતે તેના જેવી પ-રાક્રમવાળી બીજી કોઇ કૃત્યા છે કે કેમ?

આ પ્રદેશમાં તો તે એકજ હતી. અને તેનાથી ઉતરતી વિદ્યા-વાળી તેની એક બેહેન છે તે પણ ઘણા ભાગે તેના જેવીજ માહા નિર્દય અને સ્વરૂપવાળી રંભા જેવી છે; યદ્યપિ તે ચારે બાજુ આમ તેમ ફરતી અને ભટકતી છે તેથી હાલ કોણ જાણે તે કયાં છે તેની ખબર નથી. બાકી તે શીવાય કોઇ બીજું તેવું છેજ નહીં. માત્ર તેના તરફની એક દુઃખદાયક ફાંસ રહેલી છે. હે પ્રભુ! તેવા લોકોનો અંત કેમ આવતો નથી! આ પ્રમાણે કહીને તુંગભદ્રે પોતાના નેત્રમાં આંસુ આણ્યાં, પ્રતાપરૂદ્ર તે તુંગભદ્રની પાસે આવીને તેના નેત્રનાં આંસુ પોતાના રૂમાલથી સાફ કર્યાં. અને ફરીથી પુછ્યું કે ધીરજનું ફળ ઘણુંજ સારૂ છે. ઇશ્વર જ્યારે સાનકુળ હોય છે ત્યારે સુખ પ્રાપ્ત થવાનાં સાધનો રફતે રફતે મળી શકે છે, માટે હવે તમારી મુરાદ ઇશ્વર બર લાવશે; કદાચ મારા હાથથીજ તમારૂં ભલું થવાનું હશે એવો યોગ કુદરતિ બની રહેલો છે માટે મ્હેં તમારા ઉપર કાંઇજ ઉપકાર કર્યો નથી. યદ્યપિ તમે મને ઘણા પ્રેમથી ઉપકાર કરનાર માન્યો છે તે તમારૂં ઉમદુ ભૂષણ છે.

પ્રતાપરૂદ્રનું વચન સાંભળી ઘણોજ પ્રેમ આધીન બની ગએલા તુંગભદ્રે હાથ જોડીને કહ્યું કે હે પ્રભુ! આપ આ પ્રદેશના નિવાસી છો એમ જણાતું નથી, તો પછી અહીં સુધી શા માટે આપ આવી શક્યા છો! અને જે કામ માટે આવ્યા હો તે કામમાં મારા સરખુ કાર્ય હોય તો તે ફરમાવશો એટલે સેવક તે કામ કરવાને વિલંબ કરશે નહીં.

પ્રતાપરૂદ્રે કહ્યું કે—હે ભાઇ! હવે તમારી સાથે મારે મિત્રાચારી થઇ ચુકી છે; જ્યારે તમે તેમજ કહો છો ત્યારે હું પણ તમને મારા મુલકમાં એક અઠવાડીયા સુધી રાખી તમારી પરોણાગત કરવાની ઇચ્છા રાખું છું. તે ઇચ્છા તમે પરીપુર્ણ કરશો. વળી સ્વર્ગમાં નિવાસ કરનાર ઇંદ્ર રાજા પણ તે સમયે અમારા સ્થાનમાં પધારવાના છે. માટે તે વખતે તમારા તરફનો અપ્રતિમ બાવન પરીયોનો જલસો એવો થાય કે ઇંદ્રરાજા તે સમગ્ર શોભા જોઇને સંતોષ પામી શકે.

પ્રતાપરૂદ્રનું વચન સાંભળી મસ્તક નમાવીને તુંગભદ્ર નાયકે કહ્યું કે ગરીબ પરવર! એ કામ જે ફરમાવ્યું તે કંઇજ હીસાબમાં નથી. જે ઉપકાર આપે કીધો છે તે ઉપકારનો લક્ષ ભાગ પુરતી કામગીરીનો અમને બતાવ્યો નથી. છતાં પણ તે ઉલટમાં અમારી પરોણાગત ક-

રવાને આપે તસ્દી લેવા ધારી છે તેને માટે આપના ચરણુનો સેવક એક શબ્દ પણુ વિશેષ બોલી શકવાને લાયક નથી. પણુ તે કામ બજાવવાને હું તયાર છું. હવે અહીંથી આપણે આગળ ચાલવું જોઇએ. કેમકે બપોર થયા છે, વળી આપને ક્ષુધાપણુ લાગી હશે, આ અરણ્ય મુક્યા પછી એક અવાસ આવે તેમાં મારો મિત્ર ચંડકેતુ નામનો રહે છે ત્યાં હાલ તુરતને માટે ચાલો. આ પ્રમાણે તુંગભદ્રનું વચન સાંભળીને ત્યાંથી બન્ને જણુા ચાલવા લાગ્યા. દુરથી બે માણુસોને આવતા જોઇને હર્ષ પામતો ચંડકેતુ પોતાના અવાસમાંથી નીકળીને સામો આવીને ઉભો રહ્યો. તુંગભદ્રને જોઇને તેના આનંદનો પાર રહ્યો નહીં અને એકદમ છાતી સરસો દાબીને તે રોઇ પડયો, અને તે સાથે બાવન પરીયોની એચેની બાબત હકીકત વિદિત કરી. તુંગભે પ્રતારૂદ્રથી થએલા છુટકારાની તમામ વાત કહી જણુાવી તે સાંભળી ચંડકેતુ આનંદ આવેશમાં આવેલો બન્નેના હાથ પકડીને પોતાના અવાસમાં આવ્યો. અને એક શૃંગારેલા ઘરના વિભાગમાં તેમને બેસાર્યા. એ વખતે ઉત્તમ પ્રકારની ચીજો ભોજન કરવાની રજુ કરી, અને તે ખાવાનું કામ અટપીને પછી થોડીકવાર વાતો કરી, ત્યારપછી તુંગભે પ્રતાપરૂદ્રને કહ્યું કે નામદાર સાહેબ! આપની આજ્ઞા હોય તો હું અને આ મારો મિત્ર તુંગભદ્ર એ બન્ને મારા ઘરકામ માટે જવાને આપની પાસેથી પરવાનગી માગીયે છીયે. આ તુંગભદ્ર મારા મીત્રને સ્ત્રી બાળક વિગેરે કંઈ નથી. તે છેક એકલો છે, અને મારી સાથે લઇ જવાને કેટલીક જરૂરીયાત કામ છે. તે સાથે મારી સ્ત્રીને પણુ મારે મળવું છે તે સાથે બાવન પરીયો ક્યાં છે? અને તે દરેક કયે ઠેકાણે નિવાસ કરી રહી છે. તેના તપાસ માટે તુંગભદ્રની પણુ જરૂર છે તેટલા માટે એક અઠવાડીયાની રજા આપની પાસે માગીયે છીએ; આપ આ અવાસમાં નિશ્ચિંતથી રહો. અહીંયાં આ સ્થળે સર્વ પ્રકારની વસ્તુઓ મોજુદ છે; આ પ્રદેશમાં દરેકનાં અવાસ ગાઢા જંગલોમાં દુર દુર છે તેથી તે ગણુત્રી પ્રમાણે મારો અવાસ સરાસરી પાંચ સાત કોસ દુર છે. સબબ આપ અહિયાં રહીને આ તરફના જંગલોમાં મનમાં આવે ત્યાં શિકારબાહ કરવા સારૂ નિકળી પડશો તો કોઇ પ્રકારની ચિંતા નથી.

તુંગભદ્રનું વચન સાંભળીને પ્રતાપરૂદ્રે તે સઘળી સગવડો પ્રાપ્ત કરવાને અને તે તરફ જવાને માટે છુટ આપી. એટલે નમસ્કાર કરીને તુંગભદ્ર અને ચંડકેતુ એ બન્ને ત્યાંથી આગળ જવાને નીકળી પડયા, અને પ્રતાપરૂદ્ર ચંડકેતુના સુના મકાનમાં રહ્યો.

પ્રકરણ ૨ જું.

દુઃખદાયક આફત.

પથ્થરની પ્રતિમા પોતે બન્યો.

તુંગભદ્રના ગયા પછી પ્રતાપરૂદ્ર એકલો રહ્યો. તે પોતે એકાંત અવાસમાં એકલો બેશી રહે તેવો નહોતો, તે પ્રદેશનું અત્યંત સુશોભિત અરણ્ય તેને ઘણુંજ પ્રિય લાગ્યું હતું; ઠેર ઠેર સુગંધી પુષ્પોના બાગજ્યાં ત્યાં ઠામે ઠામ કુદરતિ ખીલી રહ્યા હતા. રંગબેરંગી જરાનની માટી જાણે સુવર્ણના રજકણો ચળકતાં હોય તેમ જણાતું હતું; મોટા મોટા પર્વતના શિખરો અત્યંત શોભાયમાન દીસતા હતા; સુવર્ણની ગારે જાણે લેપન કર્યું હોય તેવા ચળકતા રંગના મૃગનાં ટોળાં ઘણાંજ મનોહર દેખાતાં હતાં. તેજ પ્રમાણે અનેક પક્ષીઓનો કીલકાર કાનને મધુર લાગે તેવો જણાતો હતો, તેથી તેવા ઉત્તમ અરણ્ય વન ઉપવન તરફનો વિહાર પ્રાપ્ત થવાને પતાપરૂદ્ર શસ્ત્રથી સજ્જીત થઇને વૃક્ષોની ઘટામાં આનંદથી ફરતો હતો. આ વખતે તેના હૃદયમાં આનંદનો પાર રહ્યો નહોતો. હવે તે પોતાને મોટો ભાગ્યશાળી સમજવા લાગ્યો; જે ઇંદ્રને પણ અલભ્ય છે તેવી બાવન અપ્સરાઓનો સરદાર તુંગભદ્ર તાબે થઈ ગએલો આજ્ઞાને આધીન થએલો હતો તેથી હવે પોતાની મુરાદ પુરી થઇ છે એમ તેણે માની લીધું હતું. તે સાથે સ્વર્ગ નિવાસી ઇંદ્રની સાથે ધાડો પરીચય થશે. તેવો અપ્રતિય અલભ્ય લાભ માટે પોતાને ભાગ્યશાળી સમજેલો હતો; એમ સમગ્ર સાધનોની અનાયાસે કરીને તથા તે સાથે અત્યંત પરીશ્રમે કરીને જે ફળ મળ્યું છે તેના આનંદના આવેશમાં આવેલો પ્રતાપરૂદ્ર આ સમયે ઉત્તમ વન ઉપવનમાં મસ્ત થએલો આમ તેમ શિકારગાહ માટે ખેલવા લાગ્યો. ઘડીકમાં કદંબ વનની ઘટામાં તો ઘડીકમાં સુગંધમય ચંપક વૃક્ષોની ઘટામાં વિશ્રામ લેવા લાગ્યો. જેમ જેમ આગળ જતો ગયો તેમ તેમ તેને નવનવિન ઉપવનોની બલિહારી નજરે પડવા માંડી. જેથી તેનાં નેત્રો તેથી પણ આગળ રમ્ય ભુમિ જોવાને અતૃપ્ત બની રહેલા થયાં હતાં; પણ પેલા સફેદ શિલા તલ ઉપરથી મળી આવેલી સુવર્ણ દાબડી અને રૂમાલ જોઇને વસંત કોકિલને માટે થતી ચિંતારૂપી અગ્ની તેના હૃદયને બાળ્યાં કરતું હતું. આ વખતે તેને એકાએક વસંત કોકિલા સ્મર્ણમાં આવી અને તુરત પોતાના ગજવામાંથી તે દાબડી કાઢીને વસંત

કોકિલાની છબને વારંવાર ચુંબન કરવા લાગ્યો,—અરે હાય ! તમે આ વખતે ક્યાં હશો ? તમે કેવી સ્થીતિમાં હશો ! તમે આવા ગહન પ્રદેશમાં શી રીતે આવી શકયાં; હજારો કોસ સુધી સમુદ્રની મર્યાદા તમારાથી શી રીતે ઓળંગાઈ હશે ! અરે ગુરૂ ! મારી તો એકે પ્રકારની કલ્પના ચાલી શકતી નથી. અરે રામ ! હવે શું કરૂં ! એક તરફ એક કાર્યની ફતેમંદીનો જ્યારે સંતોષ થાય છે ત્યારે બીજી તરફ મારા ઉપર સંપૂર્ણ પ્રેમ રાખનારી મારા વિયોગે કરીને કેવળ નેત્રમાંથી અશ્રુ વર્શાવનારી વીર યુવતિ ફકત મારા દમની ખાતર કોણ જાણે બાહેર નીકળી પડેલીની આવી સ્થીતિ બની હશે કે કેમ ! હવે હું કેવો પ્રયત્ન કરૂં કે તેની મને શોધ મળી આવે ! આ પ્રમાણે પ્રતાપરૂદ્ર આનંદને બદલે ચિંતાની ચિતામાં બળવા લાગ્યો; જેથી કરીને તેને એકે પ્રકારનું ચેન પડવા માંડયું નહિ; જ્યારે આમ થયું ત્યારે તે અનેક પ્રકારના સોચ સંકોચમાં ગમગીન બનેલો બાંહાવરો થઇને ભટકવા લાગ્યો. આ વખતે તેને ખાવા પીવાનું પણ ભાન રહ્યું નહિ; પણ એજ વખતે તેના અંતઃકરણમાં વસંત કોકિલાની આબેહુબ છબી ચિત્રાઈ ગઇ; પણ આ વખતે તો તેના મનોરાજ્યમાં જુદીજ સૃષ્ટિ પ્રગટ થઇ ગઇ. તેના અંતઃકરણમાં જે સૃષ્ટિ પ્રગટ થઈ તે સૃષ્ટિ ભણીજ તેનાં નેત્રો વળી ગયાં. તેથી તે બાહેરની કુદરતિ મજાહ નેત્ર છતાં જોઇ શકતો નહોતો; તે તો આ વખતે છેક બહાવરો બનેલો તથા પ્રેમમાં મસ્ત બનેલો અંધાધુંધીમાં વસંત કોકિલાના સ્વરૂપને જોતો એક શીલાતલ ઉપર બેસી ગયો હતો. તેની દુઃખદાયક સમાધી કાંઇક શમી ગઇ, અને મનોરાજ પ્રધાનમાર્ગે હવે તેનો રસ્તો શોધવાને પ્રયત્ન કરવો એવો નિશ્ચય પ્રગટ થયો. એમ થવાથી તે ત્યાંથી ઉઠીને આગળ ચાલ્યો અને જે ઉતારો તેને આપ્યો હતો તે ઉતારા તરફ વળવાને તેની પ્રેરણા થઇ; તે ઘણા ઝડપથી તે તરફ ચાલતો હતો થોડેક દુરથી તે અવાસ દેખાતો હતો તેટલામાં સાઠ વરસની ઉમરે પહોંચેલો એક વૃદ્ધ માણસ સામેથી આવતો હોય તેમ જોવામાં આવ્યું, તે બ્રાહ્મણના મસ્તક ઉપર સફેત વાળની જટા હતી, અને તેની સફેત દાઢી, પેટ ઉપરની ધુંટી સુધી નીચે આવી રહેલી હતી. તેનાં નેત્ર જાણે દયાથી ભરપૂર હોય તેવાં તપસ્વી ચિન્હ બતાવનારાં અને ક્ષમાવાળાં જણાતાં હતાં. તેણે અંગ ઉપર સફેત ઉપર્ણો ઓઢયો હતો. તેમ જમણા હાથના બગલમાં પોથી બાંધેલી હતી, ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરેલી છાતી પ્રદેશ સુધી લટકતી હતી; અને બન્ને હાથના કાંડાંમાં રૂદ્રાક્ષના મણુકાની વેલીકા હતી. મૂખમાંથી શીવ પંચાક્ષરીનો મંત્ર નીકળ્યો

કરતો હતો. આ પ્રમાણે પવિત્ર બ્રાહ્મણને જોઇને પ્રતાપરૂદ્રે તેના બન્ને ચરણમાં પોતાનું મસ્તક નમાવ્યું. અને હાથ જોડીને ઉભો રહ્યો; તે વખતે તે બ્રાહ્મણે પ્રતાપરૂદ્રને કહ્યું કે બચ્ચા! તારી મુરાદ પરમેશ્વર પુરી પાડશે. તારા હાથથી પેલી દુષ્ટ વર્તનવાળી કૃષ્ણાંબરી કૃત્યા મર્ણપામી, તેથી સેંકડો લોકોનું કલ્યાણ થયું છે, અને તેટલાજ માટે હું તને ધન્યવાદ આપું છું. હે નર પુરૂષ! આ પ્રદેશ ઘણો કઠિન છે. વળી આ પ્રદેશમાં જાદુઇ વિદ્યા જાણનારા ઘણા માણુસો છે માટે તું ઘણોજ સાવધ રહેજે, તેં જે કાર્ય કર્યું છે તેના માટે ઘણા જણ તારો ઉપકાર માને તેમ છે પણ તે સાથે જાદુવિદ્યા જાણનારા તથા કૃષ્ણાંબરીને લાગતા વળગતા સગાવાહાલાઓ તારા ઉપર ઇર્ષ્યા લાવ્યા શિવાય રહેશે નહિ માટે તારે સાવચેત રહેવાની જરૂર છે.

પ્રતાપરૂદ્ર—હા, મહારાજ! આપનું કહેવું યથાયોગ્ય છે; તે સાથે હું આ પ્રદેશનો જાણીતો નથી, તેથી આપના કહેવા પ્રમાણે ભય રહેવાનો સંભવ પણ છે; આપ સમર્થ પવિત્ર ઋષિ છો, તપસ્વિ છો, અને નિર્મળ વિચારવાળા સત્યવક્તા છો; માટે મારા ભલા ખાતર જેમ સલાહ આપશો તેમ વર્તવાને હું તાબેદાર ઇંતેજાર છું.

ઋષિ—હા ભાઇ; તમારા જેવા પરોપકારી પુરૂષોને સન્માર્ગ બતાવવો એ અમારૂ કામ છે! કેમકે તેમ થવાથી વિશેષ બીજાં સારાં કામ તમારા હાથથી થશે; જેથી લોકોને પણ ફાયદો થશે; તેમજ કપટી તથા સ્વાર્થી જાદુખોર લંપટ માણુસોના બળનું ખંડન પણ થશે;—અલબત્ત તેટલા માટે મારા મનમાં મોટી મમતા રહેલી છે હું તેવા જાદુખોર લોકોનો કો દુસ્મન છું, અને તમારા જેવાનો હિતચિંતક પ્યારો મિત્ર છું.

પ્રતાપરૂદ્ર—તો હવે મારે કેવી રીતે વર્તવું! અને કેમ કરવું! તે માટે સલાહ આપશો?

ઋષિ—હાજી! પ્રિયભાઇ! તમારા ઉપર હું ઘણોજ પ્રેમ રાખું છું; ચાલો ત્યારે હું તમારા હાથે શ્યામ રંગનો એક એવો દોરો બાંધું છું કે તમે ગમે ત્યાં જાઓ ત્યાં વિજય મેળવ્યા શિવાય રહેશો નહીં. લાવો તમારો હાથ.

પવિત્ર મનના રૂષિનું વચન સાંભળી પ્રસન્ન થતો પ્રતાપરૂદ્રે પોતાનો જમણો હાથ આશીર્વાદાત્મક રાખડી બંધાવવાને આગળ ધર્યો

એટલે તે બ્રાહ્મણે મંત્ર ભણીને શ્યામ રંગનો દોરો પ્રતાપરૂદ્રના કાંડાએ બાંધી દીધો–તે દોરો બાંધતાની સાથેજ પ્રતાપરૂદ્ર પથ્થરની પ્રતિમા બનિ ગયો.

આટલું થયું એટલે તે બ્રાહ્મણ પ્રસન્ન થતો આગળ ચાલ્યો ગયો.

અઠવાડીયું તો વીત્યુ નહિ પણ ચારજ દીવસમાં તુંગભદ્ર પોતાના કુટુંબ કબીલાને મળીને મિત્ર ચંડકેતુ સાથે પ્રતાપરૂદ્રને આપેલા ઠેકાણુ આગળ આવી પહોંચ્યો. તે વખતે અવાસમાં તપાસ કરતાં પ્રતાપરૂદ્રને જોવામાં આવ્યા નહી, તેથી કેટલેક દુર સુધી તેઓ તે અરણ્યમાં તેમની શોધ કરવાને માટે બન્ને નીકળી પડયા. થોડેક દૂર જતાં પથ્થરની પ્રતિમા જોવામાં આવી. તે પ્રતિમા આબેહુબ પ્રતાપરૂદ્રના શરીરની હતી એમ નિશ્ચય થયું. આવો વિપરિત બનાવ જોઇને તુંગભદ્ર અને ચંડકેતુ એ બન્ને બહુ ગભરાઇ ગયા; અને નેત્રમાંથી આશ્રુ કાઢીને પ્રતાપરૂદ્ર પ્રતિમાના પગ ઉપર માથુ મુકી પોકે પોક રૂદન કરવા લાગ્યાં, તે બન્ને કેવળ શોક રૂપી સરીતામાં ડુબીજવા લાગ્યા. આ વખતે તેઓને આખું અરણ્ય શોકમય દેખાવા લાગ્યું, તુંગભદ્રનો શોક જનિત અવાજ સાંભળીને કેટલીક અપ્સરાઓ ત્યાં આવી પહોંચી તે અપ્સરાઓ પોતાના નાયકનો છુટકો કરનાર પરોપકારી જાણીને વારંવાર તે પ્રતિમાના ચરણ ઉપર મસ્તક નમાવીને તે પણ રોવા લાગી; પછી ધીરજ રાખીને પરસ્પર વાતો કરવા લાગ્યા કે રખેને કદાચ પેલી કૃષ્ણાંબરીની બેહેન આ તરફ આવીને વૈરનો બદલો વાળી ગઇ હોય! કેમકે કૃષ્ણાંબરીના મર્ણ પછી તેના હૃદયમાં તે દાઝ હોલવાઇ નહી હોય; વળી તેણીને મારનાર કોણ છે? તે તેની બહેનના જાણવા બાહેર વાત હોયજ નહિ—અરે હાય! હવે આ પ્રદેશમાં માત્ર તે એકલીજ જાદુખોર રહી છે, જો કદાચ તેનો અંત લાવનાર આવા શુરવીર પ્રતાપરૂદ્ર જેવું કોઇ હોય તો પછી આ સ્નાન કેવળ નિર્ભય થયા વિના રહે નહિ. તે સાંભળી—તુંગભદ્રે કહ્યું કે એ વાત ખરી છે; પણ આ પ્રતાપરૂદ્ર શુરવીરે જ્યારે કૃષ્ણાંબરીનો નાશ કર્યો ત્યારે પછી તેની બેહેનનો અંત લાવી શકે તેમાં કંઇજ મેહેનત નહોતી, પણ એ કૃત્યાએ પોતાનું રૂપ પલટાવીને આ શુરવીરને આવી સ્થીતિમાં આણ્યો હશે એમાં કંઇજ શક નથી, હવે શો ઇલાજ કરવો કે, અસલ સ્થીતિમાં આવી શકે! હે પ્રભુ! હવે તમેજ સહાય થાઓ; પરોપકાર કરનાર ઉપર આટલી બધી વિપતિ કેમ પડતી હશે! હે જગતનિયંતા! જ્યારે ધર્મ કૃત્ય કરનાર ઉપર જ્યારે તું સહાય નહી થાય ત્યારે તારી અગાધ શક્તીને અને તારા મહીમાને કોણ માન્ય આપશે! આ પ્રકારે વારંવાર બોલતાં બોલતાં પ્રતાપરૂદ્રની

આવી અનિષ્ટ સ્થિતિ જોઇને તમામ રૂદન કરવા લાગ્યાં. આ પ્રમાણે કેટલીક વાર કર્યાં પછી તે સમગ્ર મળીને તે પથરની પ્રતિમા ઉપર ઉત્તમ પ્રકારની બેઠક રચી; ત્યાર પછી તે જગોએ તુંગભદ્ર અને અપ્સરાઓ દરરોજ પુષ્પચંદનથી તે પ્રતિમાનું પુજન કરવા જવાને નિશ્ચય કર્યો; અને થોડી મુદત પછી શો પરીણામ થાય છે તે જોવાને માટે તે નજીકના ભાગમાં તુંગભદ્ર અપ્સરાઓ સહવર્તમાન રહેવા લાગ્યો.

પ્રકરણ ૩ જું.

ગયા પ્રકરણમાં ઋષિનો સ્વાંગ ધારણ કરનાર ઋષિ માહારાજ પોતાનું કાર્ય સફળ થયાનું સમજીને આનંદના રંગમાં ભીના બની ગએલા ફરતા ફરતા આગળ જતા હતા; તેણે કેટલેક દુરથી એક તરૂણ જુવાન ઘોડા ઉપર બેઠેલો જોયો; તેનો મોહક ચહેરો કેવળ કામદેવ જેવો હતો. આવો સ્વરૂપવાન પુરૂષ આ ઋષિના જોવામાં કદી પણ આવ્યો નહોતો, તેની મૃગસમાન મોટાં નેત્ર કાન લગી સંબંધ આપે તેવાં નિર્મળ અને કામવિકારથી આરક્ત થએલાં હોય તેવાં દેખાતાં હતાં. તેણે સુવર્ણનો મુગટ મુસ્તક ઉપર ધારણ કર્યો હતો, તેના બન્ને કાનમાં મણીજડીત્ર કુંડલ ચળકાટ મારી રહેલાં હતાં. તેની ભૃકુટિ તિક્ષણ હતી. બન્ને નેત્ર ઉપરનાં ભમરો ખેંચેલા કમાન જેવાં વક્ર અને કુટિલ હતાં. તેની નાશિકા કેવળ પ્રગટ કરેલી દીપકની સ્થીર રેશા સમાન હતી. તેના જમણા બાહુમાં ઘોડાની લગામ અને ડાબા હાથમાં લાંબો ભાલો હતો. તે જાણે કોઈ રાજકુમાર હો, કિંવા ઇંદ્રનો પુત્ર હો, કે કોઇ દેવવર્ગમાંથી આ રમણિયભુમિની રચના જોવાને સેજસાજ ઉતરી પડયો હોય તેવો જણાતો હતો; તેવા પુરૂષને જોઇને આ બ્રાહ્મણ તે જગોએ સ્થિર થઇને ઉભો રહ્યો. એટલામાં તો તે તરૂણસ્વાર આવી પહોંચ્યો. તેણે વૃદ્ધ બ્રાહ્મણને જોઇને નમસ્કાર કર્યો. બ્રાહ્મણે તે તરૂણ સ્વારને ખરા દિલથી આશિર્વાદ આપ્યો અને ઘોડાની લગામ પકડીને કહેવા લાગ્યો કે હે રાજન્! હે વીરપુરૂષ તમે કોઈ દેવાંશી જણાઓ છો. તમને જોઇને મ્હેં મારા ખરા અંતઃકરણથી આશિર્વાદ દીધો છે અને તે સાથે ખરેખર એટલું તો હું કહું છું કે તમારી મનકામના ઇશ્વિર પુરી પાડશે.

તરૂણ સ્વાર—હે માહારાજ! અમારે તો તમારા જેવા પવિત્ર તપસ્વિયોનો આશિર્વાદ જોઇયે! આપના દર્શનના લાભથી આજે મને ઘણો આનંદ થયો છે.

ઋષિ—અલબત, તમે ક્ષત્રી વીર પુરૂષોનો ધર્મજ છે કે તપસ્વિ પુરૂષોના મનની મુરાદ પુરી પાડવી જોઇયે, તેમની શેવા કરવી જોઇયે અને તેમનો આશિર્વાદ મેળવવો જોઇએ.

તરૂણ સ્વાર—એજ અભિલાષા આપના આશિર્વાદથી હમેશાં કાયમ રહેવાની હું ઇચ્છા રાખું છું.

ઋષિ—(ઘોડાની લગામ પકડી રાખીને) કહો ત્યારે આપ અત્યારે કયાં જવાની ઇચ્છા રાખો છો!

તરૂણ સ્વાર—હું તો સેજસાજ વન ઉપવનની મજાહ લેવાને બાહેર નીકળી પડયો છું, તે શીવાય બીજુ કંઇજ કામ નથી.

ઋષિ—ઠીક ઠીક, ત્યારે હું કંઇક તમને પુછવા ધારૂં છું તેના માટે તમારી ઇચ્છા સાંભળવા છે કે નહીં ?

તરૂણ—શા માટે ન હોય! અમે તો આપના શેવક છીએ. જે કંઈ આજ્ઞા કરો તે અમે પુરે પુરી રીતે બજાવવાને ઇંતેજાર છીએ.

ઋષિ—ત્યારે પુછું છું કે આપનું લગ્ન થયું છે કે કુંવારા છો?

તરૂણ—હજુ હવે લગ્ન થવાનું છે.

ઋષિ—કોની સાથે?

તરૂણ—તે હજુ નિશ્ચય નથી.

ઋષિ—તો પછી હું જે કન્યા આપું તેની સાથે તમે લગ્ન કરો કીંવા ગાંધર્વ લગ્ન કરો.

તરૂણ—(મનમાં સંકોચાઇને) અરે પ્રભુ! આપ બ્રહ્મદેવની કન્યા લેવાને હું ક્ષત્રી શી રીતે લાયક થાઉં! પાતકમાં પડુઉં કે નહીં?

ઋષિ—હે વીર પુરૂષ! પુર્વે બ્રાહ્મણની કન્યા સાથે ક્ષત્રી રાજાઓ વરી ચુકયા છે. તેમજ ક્ષત્રીવીર રાજાઓની કન્યાને તપસ્વી બ્રાહ્મણો વર્યા છે એટલે આપણો પરસ્પર સંબંધ પૂર્વેથી ચાલ્યોજ આવે છે. વળી તેના માટે વેદવ્યાસે પુરાણોમાં ઘણા દાખલા આપ્યા છે. શું તમે તમારા પુરોહીતના મુખથી આ હકીકત સાંભળી નથી? અરે! તમે ચતુર છો, પણ પણ નાહક તમે મારી મશ્કરી કરતા હો એમ જણાય છે.

તરૂણ—ના ના, મશ્કરી તો કરતો નથી પણ સેજસાજ શંકા આવવાથી હું આમ પ્રશ્ન કરૂં છું.

ઋષિ—(ઘોડાની લગામ પકડીને) ચાલો ત્યારે શો વિચાર કરો છો? મને તો તમને જોઇને જરીયે ચેન પડતું નથી; તમે જાણો છો કે મારી કન્યા કેવળ ઉર્વશી દેવાંગના જેવી છે!

તરૂણ—(મનમાં) અરે પ્રભુ! વળી આ ધતિંગ વચમાં કયાંથી

આવી પડયું! લાવ જોઉં તો ખરો કે ખરો ભેદ શો છે (એમ વિચાર કરીને) તો પછી આપ મને કયાં લઇ જવા ધારો છો?

ઋષિ—આ સામે વૃક્ષ ઘટામાં અને તુંગ શૃંગ પર્વતની તળેટીમાં આપણો અવાસ છે ત્યાં.

તરૂણ—ચાલો ત્યારે?

આગળ ઋષિમહારાજ અને પાછળ તરૂણ સ્વાર એ પ્રમાણે કેટલીક ઘટિકા સુધી પ્રવાસ કરતાં ધારેલે ઠેકાણે તે ગીરી આગળ વૃક્ષ ઘટામાં કોઇને ખબર પડે નહીં તેવી જગોએ ઉત્તમ અવાસ જોવામાં આવ્યો. તે અવાસમાં બન્ને જણે પ્રવેશ કર્યો. તરૂણ સ્વારે પોતાના ઘોડાને યોગ્ય જગોએ તે અવાસની મોટી ક્ષુદ્રી પડાળીમાં બાંધ્યો. પછી બન્ને જણ એક બીજાનો હાથ પકડીને મહેલની અંદર ગયા.

અંદરની શોભા કેવળ વૈભવવાળી હતી. તે જોતાંજ તરૂણ સ્વારના પ્રથમના વિચાર પલટાઈ ગયા અને નવિન વિચારની શ્રેણી પ્રગટ થવા માંડી. કયાં તપસ્વી પુરૂષોની ઝુંપડી, અને કયાં આ ઇંદ્રને રહેવાનો અવાસ! અરે! અતિ ઋષિ હશે કે કોણ! કિંવા કોઇ યોગ્ય વરને ખોળવાને કોઈ વૈભોગી દેવ કીન્નર કીંવા કોઈ ગમે તે સમર્થ વેષ પલટીને રખેને કદાચ બહાર નીકળી પડયો હોય! આ પ્રમાણે તર્કવિતર્ક તે તરૂણસ્વાર કરવા લાગ્યો; તે મકાનમાં જ્યારે ચારે તરફ તેણે જોયું ત્યારે તેમાં જે વસ્તુઓ કીમતી ગોઠવી હતી તેની કીંમત કરવાને તે તરૂણ સ્વારની નજર પહોંચી નહીં.

મુખમલની શેત્રંજીઓ જે બીછાવી હતી તે ઉપર બરગચ્છીના ગુદ્દા ભરેલા હતા. અને તે ઉપર ઢેર ઢેર ગાદીતકીયા ઉપરની શોભાનો તો પારજ નહોતો. તે સ્થળે આરોપીને જ્યારે બીજો શૃંગારેલો ભાગ જ્યારે જોયો ત્યારે તેમાં સુવર્ણના સેંકડો પ્યાલા તથા હજારો ટાટ અને સેંકડો સુવર્ણના માણ જડિત્ર લોટાઓ ગોઠવેલા જોયા. વળી સેંકડો કપાટ હતા તે ઉપર નકશી કામ એવાં હતાં કે તેમાં પણ હજારો રૂપીયાના હીરા જડેલા હતા. આ વૈભવ જોઇને તે ઋષિ માહારાજ તપસ્વિ છે એમ તેના મનમાં તે વખતે જે વિચાર હતો તે તમામ બદલાઇ ગયો.

તેવા ઉતમ અવાસમાં જ્યારે બન્ને જણ આવ્યા ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે આપ આ ગાડી ઉપર બેસો. હવે હું મારી કન્યાને આ તરફ લાવું છું. એમ કહીને તે ત્રીજા ઓરડામાં પેસી ગયો.

ત્રીજા ઓરડામાં જઇને તે ઋષિનું સ્વરૂપ પલટાવીને કેવળ દેવાંગના જેવું સ્વરૂપ ધારણ કરીને એટલે પોતાનું અસલ સ્વરૂપ સજ્જ કરીને

પેલા તરૂણ પાસે આવીને ઉભી રહી, અને તુરત તેની જોડેજ બેઠી. તેણીએ ઘણા પ્યારની સાથે ગુલાબનું પુષ્પ તરૂણ પુરૂષના હાથમાં આપ્યું. અને કહેવા લાગી કે માહારા પ્યારા સરદાર! આ ગુલાબનું પુષ્પ ગુલાબ પુષ્પના ગુણને જાણનારને હાથ સ્વાધિન થાય છે.–પ્યારા! આપ શા વિચારમાં ગુંથાઇ ગયા છો! જુવો કે આના જેવું આ પ્રદેશમાં બીજે કંઇ પણ નિર્ભય સ્થાન છેજ નહિ, એમ કહીને ટગર ટગર દૃષ્ટિ કરવા માંડી.

પેલા તરૂણ પુરૂષે મનમાં વિચાર કર્યો કે આમાં કાંઇ કૌતુકિ ભેદ જણાય છે. ચાલ જીવ! હવે યુક્તી યોજ્યા વિના ચાલે તેમ નથી. એમ મનમાં નીર્ણય કરીને ઉત્તર આપ્યો કે હુંતો આપના અપાર વૈભવને જોઇને વિચાર કરૂં છું, અને એ સાથે આપના પૂર્વના પુન્યથી ભરપૂર સંસ્કાર ફળને ધન્યવાદ આપું છું.

તરૂણ સ્ત્રી—વાહ વાહ, સાબાશ પ્યારા સરદાર! એ બધો વૈભવ હવે આપનોજ છે. હવે હું આપનીજ થઇ ચુકી છું. હું તો તમે મોહક પ્યારાને તન મન અને ધનથી વરીજ ચુકી છું.

તરૂણ—અરે! આમ એકાએક પ્રેમ! એકાએક સ્નેહ! મારામાં શા શા અવગુણ છે તે આપે શું જાણી લીધા છે કે?

તરૂણ સ્ત્રી—ઇશ્વિરે આપને જે ઉત્તમ સ્વરૂપ બક્ષ્યું છે તે સાથે ઉત્તમ ગુણ પણ બક્ષ્યાજ છે. ચતુર હોય છે તે તો જોઇનેજ તુરત ગુણ અને અવગુણ જાણી શકે છે. મારામાં જેટલી શક્તી છે તે શક્તીપુર્વક હું આપનામાં ઉત્તમ ગુણનેજ જોઉં છું. પ્રવેશ કરતાની સાથેજ હું આપના સ્વરૂપ ઉપર વારંવાર વારી જાઉં છું.

તરૂણ—વારૂ ઠીક છે. તમારા જેવાં સલુણી, અને સ્વરૂપમાં રંભાના ગુમાનનું ખંડન કરવાવાળાં જ્યારે મને મલ્યાં છો તો તેથી હું ઘણોજ ભાગ્યશાળી બની ગયો છું પણ રસ્તામાં જે ઋષિ એટલે આપના પિતા મને મળ્યા હતા, તે ક્યાં છે? તેમણે મને કહ્યું હતું કે હું તમને કન્યાદાન આપવાની ઇચ્છા રાખું છું, માટે કન્યાદાન દેનાર આ જગોએ હાજર હોવા જોઇયે.

તરૂણ સ્ત્રી—આપણે બન્નેની એકાન્ત વાતમાં અને રંગ મજાહમાં પિતાનું કામ હોયજ નહિ, કેમકે આપણા કુતુહલમાં તેમની મર્યાદા રાખવી પડે છે.

તરૂણ પુરૂષ—એ તો આપનું કહેવું કેવળ વ્યાજબી છે પણ કન્યાદાન દેતી વખતે તેમની ખાસ જરૂર છે. જો કે તે ન હોત તો ગાં-

ધર્મે લગ્ન કરવાને કાંઇ હરકત નહોતી માટે કૃપા કરીને તેમને આપ બોલાવી લાવો તો ઘણુંજ સારૂં કહેવાશે.

તરૂણ સ્ત્રી—હવે તો મારો સંબંધ આપની સાથે આખર જીંદગી સુધીનો છે. આપની શેવકાઇ ઉઠાવવાને આ દાસી હમેશાંને માટે આધીન રહેવાની છે માત્ર આપની પાસે ક્ષમા માગું છું કે મ્હેં મારા સ્વાર્થ માટેજ તે વૃદ્ધ માણસ બ્રાહ્મણ રૂપે આપને બતાવ્યો છે. પણ તે મારો પીતા પણ નથી, અને તે વૃદ્ધ બ્રાહ્મણ પણ નથી. પણ આપને રસ્તામાં બ્રાહ્મણના વેશથી હું પોતેજ મળી હતી. હું તે વખતે આપને જોઇને ખરેખર મોહ પામી ગયેલી છું. હું અત્યાર સુધી યોગ્ય વરની ઇચ્છા રાખતી હતી, છતાં મેં કોઇને પસંદ કર્યોજ નથી. અત્યાર સુધી હું કોઇને વરી પણ નથી તેમ કોઇની સાથે સ્પર્શ પણ કર્યો નથી. પણ આ વખતે કદાચ આપની પાસે સઘળી મર્યાદાને બાજુએ મુકીને બેઠી છું. તે આ પેહેલોજ સમય છે. હું આ અવાસમાં એકલી રહું છું મારો વાલી વારસ કોઈ છેજ નહિ. મારી મોટી બેહેન કૃષ્ણાંબરી નામની હતી. તેને પ્રતાપરૂદ્ર નામના એક માણસે મારી નાંખી છે. જો કે તે હયાત હોત તો તેને જોઇને આપને ઘણોજ આનંદ થાત. તે મારા કરતાં અત્યંત ચતુર અને વિદ્યાકુશળ હતી; તે જો કે હયાત હોત તો આપને જોઇને પોતાની સમક્ષ આપનાં મારી સાથે લગ્ન ઘણા હોંશથી અને ધામધુમથી કરી નાંખત. પણ અફસોસ કે તે આપની મનોહર કાન્તી જોવા રહી નહિ.

તરૂણ પુરૂષ—સાબાશ! વીરાંગના! તમારી મધુર વાણી મને ઘણોજ આનંદ આપે છે. તેમાં તમારી બેહેન કૃષ્ણાંબરીના મર્ણની હકીકત સાંભળીને હું પણ દિલગીર થાઉં છું. પણ જ્યારે તમે તેમની બેહેન થાઓ છો ત્યારે તમારામાં પણ તેમના જેટલી ઉત્તમ વિદ્યા હોવી જોઇયે; કેમકે મારા સાંભળવામાં આવ્યું હતું કે કૃષ્ણાંબરી દેવી જાદુવિદ્યામાં બહુજ કુશળ હતાં.

તરૂણ સ્ત્રી—હાજી. તે જાદુવિદ્યામાં કુશળ હતી, અને એજ પ્રમાણે હું પણ તેવી વિદ્યામાં કુશળ છું. અફસોસ! કે તે મારો જમણો હાથ હતી, અમે બન્ને બહેનોની હાક આ પ્રદેશમાં પ્રબળ હતી, હવે માત્ર તમામ જગોએ મારો ભય

રહેલો છે, પ્યારા સરદાર ! તમારી સાથે મારાં લગ્ન થયાં છે એમ જ્યારે બીના કોઇ જાણુશે ત્યારે કેટલોક સમુદાય આપને ઘણુાજ માન સાથે બોલાવશે. અને ભયથી કાંપતા રહેશે.

તરૂણ પુરૂષ—અલબત. સમર્થનો સંગ બળવાન થઈ પડે છે. સિંહ-ણુની સાથે જ્યારે બકરાએ મિત્રાચાર કરી ત્યારે તે બકરાને જોઇને બીજાં પ્રાણુી નાસી જતાં હતાં. કારણુ કે સિંહણુની સાથે ફરનાર આ કોઇ સિંહણુ કરતાં વધારે બળવાન હશે એમ જંગલનાં અનેક પ્રાણુી સમજવા લાગ્યાં હતાં, તેમ તમારી સાથે બંધાયલા પ્રેમથી મને પણુ અત્યંત લાભ છે એમ હું પુરી રીતે માનું છું. પણુ વચમાં પ્રશ્ન કરૂં છું કે તે પ્રતાપરૂદ્ર પ્રત્યે તમે તમારી બેહેનનું વેર શા માટે વાળતાં નથી ?

તરૂણ સ્ત્રી—પ્યારા સરદાર ! હું તે કામ કરવાને બીલકુલ ભુલી ગઇ નથી. મેં આજે બપોર પેહેલાં તે કામ પૂર્ણ કરી ચુકી છું.

તરૂણ સ્વાર—સાબાશ વિરાંગના ! હું આ બાબતનો જે પડપુછ કરૂં છું તેનો હેતુ તમારા સમજવામાં આવ્યો નહિ હોય; જો કદાચ તમે જાણુવા ધારતા હો તો માત્ર મારી સાથે હવે તમારો ગાઢો સંબંધ બંધાયો છે તેથી તે મમતાને લીધે અને તે લાગણીને લીધેજ હું આવા પ્રશ્ન કરૂં છું કેમકે તેમાં તમારૂં ભલું થવાની હું ઇચ્છા રાખું છું. માટે હું કહું છું કે તમે એવું શું કામ કર્યું છે કે જેથી પ્રતાપ-રૂદ્રને પાંશરો દોર કરી શકયાં છો ?

તરૂણ સ્ત્રી—મ્હારા પ્યારા સરદાર ! મ્હેં તેને પથ્થરની પ્રતિમા બ-નાવી દીધી છે.

તરૂણ પુરૂષ—હેં હેં, સાબાશ, સાબાશ, વિરાંગના ! તમે બહુજ સારૂં કામ કર્યું. આ હકીકત સાંભળીને મારા અંતઃકરણુની આજુબાજુની દરેક કળીઓ પ્રફુલ્લ થઇ જાય છે. અલબત શત્રુને તો બિલકુલ છોડવોજ નહિ; કારણુ કે જ્યારે તેણે તમારી બેહેનનું નિકંદન કર્યું ત્યારે પ્રસંગ પડે તે શત્રુ પાછો તમારા ઉપર પોતાનો જોશ ચલાવવાને કદી પણુ ચુકે નહી. મને આ બાબત તમારી વાતમાં ઘણોજ રસ લાગી ગયો છે; અને જે કંઇ હું પ્રશ્ન કરૂં તે પ્રશ્નનો ઉત્તર આપવાને તમારૂં મન મારા પ્રત્યે કદી પણુ નહિ સંકોચાય એમ હું ઇચ્છા રાખું છું.

તરૂણ સ્ત્રી—મ્હારા પ્યારા દિલોજાન! હવે આપથી મ્હેં કોઇ પ્રકારનો ભેદ રાખ્યો નથી. માટે શા માટે હું આપથી છુપી વાત રાખું

તરૂણ પુરૂષ—(તે સ્ત્રીના ગળામાં હાથ નાખીને) મ્હારી પ્યારી મૃગાક્ષી! હવે હું આ અવાસ મુકીને એક ડગલું પણ આગળ મુકવાની ઇચ્છા રાખતો નથી; હવે તો હું તમારોજ થઈ ચુકયો છું. તમારૂં લાવણ્ય અને તમારી મિષ્ટ વાણીએથી કરીને હું કેવળ બંધાઇ ગયો છું. માટે હવે જ્યારે આપણા બન્ને વચ્ચે ભેદ રહ્યો નથી ત્યારે હવે દરેક વાતો જાણવાની મને જરૂર છે. કેમકે તમારામાં કેવા ગુણ રહેલા છે તે હું જ્યારે જાણું નહિ ત્યારે આપણો પરસ્પર સંબંધ શા કામમાં આવે? કેમકે પોતાની પત્નીનું ભલું ઇચ્છનાર તેનો સ્વામી છે, અને સ્વામીનું ભલુ ઇચ્છનાર સ્ત્રી છે. સબબ એ છે કે તે બન્ને વચ્ચે જે કુદરતી પ્રેમ સંધાયેલો છે તેવો પ્રેમ બીજે કંઇ જોવામાં આવતો નથી. માટે હવે આપણો પ્રેમ કેવળ પવિત્ર અને નિર્મળ છે. જ્યારે આપણા વચ્ચે એક બીજાનું મન નિખાલસ અને નિર્મળ રહેલું છે ત્યારે હવે જેટલી શંકાઓ આપણા બન્નેના હૃદયમાં આવે તે તમામ શંકાઓનું નિવારણ પરસ્પર મળીને કરી નાંખીએ ત્યારે તેમાં જે બલિહારી રહી છે તેવી સ્વર્ગમાં પણ નથી. કેમ પ્યારી ખરૂં કે નહી?

તરૂણ સ્ત્રી—હા, સરદાર; જે જે ખુલાસો આપ પુછશો તેનો જવાબ હવે કોઇ પણ ભેદ રાખ્યા શિવાય ખરેખર સાચુંજ કહી દઇશ.

તરૂણ પુરૂષ—તે પ્રતાપરૂદ્રના શરીરની પથ્થરની પ્રતિમા બનેલી કયાં છે?

તરૂણસ્ત્રી—અહિથી ત્રણકોસ દુર ચંપક વૃક્ષોના જુથમાં એટલે ચંપાના અરણ્યમાં શ્વેતબિંદુ સરોવર પાસે છે.

તરૂણ પુરૂષ—મારા જાણવા પ્રમાણે હું એટલું કરૂં છું કે જાદુ વિદ્યામાં બે રીતો છે. એક તો વાળી નાંખવાની, અને એક પ્રગટ કરવાની છે. ત્યારે પુછુંછું કે તેને પથ્થરની પ્રતિમા કેવી યુક્તીથી તમે કરી છે?

તરૂણ સ્ત્રી—પ્યારા સરદાર! જુવો કે મારી બેહેન કૃષ્ણાંબરી કોઇથી મરાય તેવી નોહોતી. તેના મ્હોતની કોઇને ખબર પડે તેમ નોહોતું; પણ જે વખતે મારી બેહેન જમીન ઉપર

પડી તે વખતે અંધકાર વ્યાપી ગયો હતો. જે વખતે મારી બ્હેનના શરીરમાંથી પ્રાણ નીકળવાની તૈયારી થઇ હતી તે વખતે ઘણાં ભયંકર તોફાન થયાં હતાં; એ વખતમાં મારી બ્હેન તરફથી અનાયાસ જે પત્ર આકાશ માર્ગે ઉડીને મારા તરફ ચાલ્યો તે પત્ર જુવો હું આપને વાંચી બતાવું છું તે સાંભળો.

મ્હારી પ્યારી બ્હેન ! હવે હું સ્વર્ગમાં ગઇ છું. મને મારનાર પ્રતાપરૂદ્ર નામનો એક માણસ છે. મરતી વખતે મને ચોકસ માલુમ પડ્યું કે તે પ્રતાપરૂદ્રની પાસે એક ધનુષ્ય અને ત્રણ બાણ છે. તેમાંથી એક બાણે માહારું મ્હોત શોધી કાઢીને મારો ગુપ્ત દીપક બુઝાવી નાંખ્યો છે તેની તને ખબર પડી નથી. એટલે તે બાણ તેટલું કામ કરીને પાછું આવીને પ્રતાપરૂદ્રના ભાથામાં સમાઇ ગયું. ત્યાર બાદ બીજું બાણ તેના ધનુષ્યમાંથી એવું છુટ્યું કે તે મારા કપાળના મધ્ય ભાગમાં વાગવાથી હું મર્ણ પામી છું. હવે સદાને માટે તારો વીયોગ થયો છે. પ્યારી બ્હેન ! તું હવે યોગ્ય વર તારી મેળે શોધી કાઢજે અને સર્વ પ્રકારે ખબરદાર રહેજે. જે પ્રતાપરૂદ્રે મારૂં મ્હોત આંકીને મારૂં મૃત્યુ નિપજાવ્યું છે તે પ્રતાપરૂદ્રને જ્યારે બીજાઓની શીખવણીથી એમ માલુમ પડશે કે કૃષ્ણકુંમરી દેવીની બીજી બ્હેન છે તેનો પણ નાશ કરવો જોઇયે. જ્યારે એમ થશે તે વખતે તું તેની સાથે યુદ્ધ કરવાથી કદી પણ ફાવી શકીશ નહિ, માટે તું તેથી બહુજ સાવચેત રહેજે; કદાચ તેને છેતરીને અને રૂપ પલટીને તું બીજી યુક્તી કરીશ તોજ તું તેને જીતી શકીશ. અને તોજ તું તેનો અંત આણી શકીશ. માટે આ મારા છેલા શબ્દો ખુબ ધ્યાનમાં લાવજે તથાસ્તુ. આ પ્રમાણે પત્ર આવવાથી ઘણી નાખુશ થઈ ગઇ; મારૂં હૃદય ચીરાઇ જવા માંડ્યું. પછી તે વૈર વાળવાને મેં ઉદ્યોગ શરૂ રાખ્યો. આજે જે બ્રાહ્મણના વેશથી હું આપને મળી હતી એજ બ્રાહ્મણના વેશથી આજેજ બપોરી વખત પછી તેને હું રસ્તામાંજ મળી હતી, અને કૃષ્ણકુંમરીના વિરૂધમાં વાતો કરીને તેને આશિર્વાદનો કાળો દોરો તેના જમણા હાથના કાંડામાં એવો તો બાંધી દીધો કે તે બાંધતાની સાથેજ પથ્થરની પ્રતિમા બની ગયો છે. તે કાળા રંગનો દોરો બીજા કોઇના જોવામાં આવી શકે તેમ નથી. પણ હુંજ તે દોરો જોઈ શકું, કારણ કે મારી કંચુકીમાં જે સુવર્ણની દાબડી છે તેમાં અંજન કરવાની વસ્તુ છે. તે વસ્તુથી નેત્રમાં અંજન કરવામાં આવે તો તે કાળો દોરો સ્પષ્ટ જોવામાં આવી શકે છે. તે દોરો જ્યારે છોડવામાં આવે ત્યારેજ તે અસલ સ્વરૂપમાં આવીને સ-

જીવન થાય; પણ તે યુક્તી બીજાઓના જાણવામાં નથી તેથી હવે હું નિર્ભય રહી છું; અને તે માણસનો વધારે ભય હતો; તે હવે હમેશાંને માટે દુર કરી નાખ્યો છે.

તરૂણ પુરૂષ—સાબાશ, સાબાશ, હું તમને હજાર વાર ધન્યવાદ આપું છું; કેમકે આ પ્રમાણે કાર્ય કરવાને બીજો કોઈ સમર્થ નથી; તેથી સર્વ પ્રકારે નીરાંત થઈ ગઈ છે; હવે મારા મનનો ઉદ્વેગ દુર થઇ ગયો છે. તથાપી હજી મારા મનમાં એક શંકા રહી ગઇ છે તેનું સમાધાન આપણે પરસ્પર કરવાનું છે.

તરૂણ સ્ત્રી—પ્યારા સરદાર ! જે કંઈ શંકા હોય તે હવે મનમાં રાખવી ઘટતી નથી, તમારા દમનેં માટે મ્હેં મારા હૃદય રૂપી પેટીની કુંચી તમનેજ બતાવી દીધી છે, કારણ કે હવે હું હમેશાંની આપનીજ બની ચુકી છું.

તરૂણ પુરૂષ—ત્યારે હું આપનો ક્યાં નથી ! હવે તો આપનું મુખ જોઇનેજ અહિયાં બેશી રહેવાનો છું, હું મ્હારા મિત્ર કુટંબીયોની પણ પરવા રાખતો નથી; પણ એટલું કહું છું કે આપણી જોડ વધારે નીર્ભયતામાં પરમેશ્વર કાયમ રાખે એવી ગોઠવણ કરવા ઉપર મારૂં મન જાય છે. તેટલા માટે હું કહું છું કે તમારાં મોટાં બેહેન કૃષ્ણાંબરીનો કાળ જેવી રીતે ફાનસમાં પ્રગટાવેલા દીપકનો હતો, તેવી રીતે તમારો પણ કાળ તેવીજ રીતે દીપકથી છે કે બીજી રીતે ? આ પ્રશ્ન જે હું કરૂં છું તે વાસ્તવીક સમજી લેજો. જેવી રીતે તમારો કાળ કોઇ પણ યુક્તીથી હશે, તેવી રીતે મારો પણ કાળ કેવી રીતે છે તે હું તમને રૂબરૂમાં બતાવી દઇશ; એમ કરવાથી એક બીજાની વસ્તુ સાચવવાને કાળજી રહે છે. જોકે પેલા ફાનસનો દીવો પ્રતાપરૂદ્રના બાણથી હોલાઇ ગયો ન હોત તો કૃષ્ણાંબરી દેવી કદી પણ મ્હોંતના પંઝામાં સપડાત નહિ. જ્યારે જાણમાં આવત ત્યારે તે આવેલા બાણના ટુકડા કરી નાંખવામાં આવત; અને જ્યારે એમ થયું હોત તો તે બાણ તેની પાસે જઇ શકત નહિ. પણ તે તમામ ગડબડ અજાણપણામાં, અને બેહુમથી થઇ ગયેલી છે.

તરૂણ સ્ત્રી—મ્હારા વ્હાલા સરદાર ! તમારી નિખાલસ વાણીથી મને પુરેપુરી ખાત્રી થઇ ગઈ છે કે આપ જેવા ચતુર સુઘડ તે પ્રસંગે આ ભુવનમાં હોત તો એવો યોગ કદી પણ

અનત નહિ; પણ લાચાર કે હું તે સમયે આ અવાસમાં નહોતી અને એમજ થવાથી આવો પરીણામ બન્યો છે.

હે સરદાર! મ્હારૂં મ્હોત પણ મારી બ્હેનના જેવુંજ છે.

એમ કહીને તે તરૂણ પુરૂષના મોહક ચ્હેરા ઉપર મોહ પામેલી વિહ્‌વળ વૃત્તિવાળી અત્યંત કામાંધ બની ગએલી તત્કાળ ઉભી થઇને તે તરૂણપુરૂષનું કાંડુ પકડીને બીજા શૃંગારેલા અવાસમાં લઇ ગઇ અને તે તરૂણ પુરૂષના ચિબુક ઉપર ચુંબન કરીને ભોંયરાનો દાદરો છુપામાં છુપો હતો તેની કળ ઘણા જોરથી દબાવીને તેનું દ્વાર ખુલ્લુ કર્યું. તે વખતે બન્ને તેમાં ઉતરી પડયાં. પછી પ્રકાશ થએલું ધ્રાનસ બતાવીને કહે છે કે જુવો આ અખંડ ધ્રાનસ! જોયું કે? મ્હારા વ્હાલા સરદાર આ અગમ્ય જગોની માહીતી તમારા શિવાય બીજા કોઇના હાથમાં નથી. ઘણું સારૂં થયું કે તમે મને પ્રથમથી સુચવ્યું; હવે તમારા મ્હોતની મને ખબર પડવી જોઇયે.

તરૂણ પુરૂષ—હા, હું પણ તમને તે બતાવવાને તૈયાર છું. ચાલો આપણે હવે ઉપર જઇએ.

તે બન્ને છેક ઉપર આવીને તે મેહેલની બાહેર નીકળ્યાં. પછી થોડેક દુર જઇને તે તરૂણ પુરૂષે એક તાડનું વૃક્ષ બતાવ્યું અને તેના માટે એવું કહ્યું કે આ તાડ વૃક્ષને મુળમાંથી છેક બાહેર કાઢે તોજ મારૂં મૃત્યુ છે. તે જોઇને તરૂણ સ્ત્રીએ ઉત્તર આપ્યો કે સાબાશ, સાબાશ વીર પુરૂષ! આ તાડ વૃક્ષ માટે કોઇને પણ સમજણ પડે તેમ નથી. માટે તમારૂં મ્હોત ઘણુંજ નિર્ભય છે. ચાલો ઠીક થયું. વળી આ વૃક્ષ ઉપર હરહમેશાં દ્રષ્ટી પણ રહેશે.

આ પ્રમાણે વાત કરીને પાછો તે બન્નેએ સુંદિર અવાસમાં પ્રવેશ કર્યો. પછી તરૂણ યુવતીએ પેલા તરૂણ પુરૂષ પ્રત્યે નમ્રતાપુર્વક પ્રશ્ન કર્યો કે હવે આપણે ગાંધર્વ લગ્ન કરી નાંખીયે તો ઠીક. કેમ તમારો શો વિચાર છે? તે સાંભળી તરૂણ પુરૂષે ઉતર આપ્યો કે હવે વિચાર શાંનો! હું તો તમારી પ્રેમની મર્યાદામાંજ આનંદથી ઘુમ્યાં કરૂં છું; માટે એ સંબંધીની લેશ પણ કાળજી કરશો નહિ. યદ્યપિ થોડાક કામને માટે બધો ખેલ બગાડી નાંખવો મારા મનમાં આવતું નથી. કારણ કે હું બાર વરસથી બ્રહ્મચર્ય વૃત્ત પાળું છું અને તેમાં માત્ર આઠજ દીવસ ખુટે છે, માટે તમે જ્યારે આટલા બધા વરસ સુધી યોગ્ય વર શોધવાને ખામોશ રાખી તેવી રીતે હવે માત્ર એક અઠવાડીયાને સારૂ એકદમ સાહસ કરવાનું બંધ રાખો. કેમકે તેટલા થોડા દીવસ માટે જો કે ઉતાવળ કરીશું તો મારૂ બાર વરસનું

બ્રહ્મચર્ય વ્રત છેક પાણીમાં ચાલ્યું જશે કેમ પ્યારી! તમારી ધ્યાનમાં શું આવે છે? હું તો ક્ષણ માત્ર આ અવાસ મુકીને બીજે કંઇ ટકવાનો નથી.

તરૂણ પુરૂષનું વચન સાંભળી અધીરી બની ગએલી મસ્ત યૌવનાને જરાક ઠીક લાગ્યુ નહિ પણ વ્રત ખંડન કરાવવાથી શું ફળ છે? અને દીવસ પણ છેક થોડા છે એમ જાણીને તેણીએ તરૂણ પુરૂષના દીલાસાને ઘણી ખુશી સાથે માથે ચઢાવ્યો. અને નવમે દીવસે ગાંધર્વ લગ્ન કરવાને અને તે પછી સર્વ પ્રકારનો વ્યવહાર ચલાવવાને માટે નિશ્ચય કર્યું.

હવે તો પોતાના મન ભાવન પ્યારાને માટે તે તરૂણ યુવતિયે ઉત્તમ પ્રકારની ગોઠવણ કરવા લાગી; તેણીયે એક ઘંટડી વગાડી એટલે વૃદ્ધ અવસ્થાએ પહોંચેલી બે ડોસીયો આવી પહોંચી. તેને તેણીયે તેમના કાનમાં જે કંઇ કહેવાનું હતું તે કહી દીધું, તેથી તે વૃદ્ધ ડોસીયો સર્વ પ્રકારની સાહીત્ય રચવા લાગી; થોડીક વાર થઈ એટલે જેના શરીરમાં એકલાં હાડકાંજ રહ્યાં છે.—એટલે હાડપિંજર જેવી સ્થિતિવાળો આવી પહોંચ્યો. તે એવો તો બીહામણો અને બેઢંગો જણાતો હતો કે તેની આંખ્યોમાં મોટા મોટા ખાડા પડી ગયેલા હતા, અને બન્ને હાથનાં હાડકાં કડકડાટ બોલતાં હતાં. તે ઘણા વેગથી ચાલતો આવીને પેલા તરૂણ પુરૂષને કહેવા લાગ્યો કે કૃપાસિંધુ! આપને સ્નાન કરવાની ઇચ્છા હોય તો આ હમામખાનું (સ્નાન કરવાની ઓરડી) છે. તેમાં આપ પધારો; અને સ્નાન કરી રહ્યા પછી આપને પેહેરવાના તમામ વસ્ત્રો પણ ત્યાંજ તૈયાર કરી મુકયાં છે?

તરૂણ સ્વારે તેમ કરવાને વિલંબ કર્યો નહિ; તે તરત ઉભો થઇને તે હમામખાનામાં ગયો. અને તે ઓરડીને વાસીને અને સાંકળ દઇને પોતે સ્નાન કરી લીધું અને ત્યાંજ વસ્ત્ર ધારણ કરી લીધાં.

આ વખતે ઉત્તમ લિબાસ પેહેરીને બીજા ભાગમાં પેલી તરૂણ યુવતી બેઠી હતી. તેણીયે પોતાના યારને (તરૂણ પુરૂષને) દાસી મોકલીને ત્યાં બોલાવ્યો, એટલે તે ત્યાં ગયો, ત્યારે તો સુવર્ણના મોટા મોટા ટાટમાં, જુદી જુદી જાતની વસ્તુઓ ગોઠવેલી હતી. વળી કેટલાક સુવર્ણના જુદા જુદા કટોરામાં ધુપ, ચોષ્ટ, રસ, શાક, અને પ્રવાહી મિષ્ટ પદાર્થ તથા શર્કરા સાથે તૈયાર કરેલું ઉત્તમ દુધ વિગેરે ગોઠવેલું હતું. આ વખતે એક વૃદ્ધ ડોસી ઢોલક હાથમાં પકડીને દરબારી માહાડ રાગણીની શરૂઆત કરી રહી હતી, અને ઢોલક ઉપર થાપ મારી રહેલી હતી. ત્યારે પેલો વિચિત્ર વેશવાળો સુકાઇ ગયેલો

માણસ સતાર ઉપર હાથ ફેરવીને ઉત્તમ પ્રકારની માહાડની ગત બજાવી રહેલો હતો. ત્યારે આ તરફ તરૂણ સ્ત્રી પોતાના ચાર તરફ નેત્ર કાટાક્ષ ફેંકતી અને મિષ્ટ વાણી બોલતી બોલતી ભોજન માટે ગ્રાસ લેવા માંડે છે. તે મદમત્ત યૌવનાએ સુવર્ણની સુરાહીમાંથી દ્રાક્ષનો ઉત્તમ દારૂ તરૂણ પુરૂષના હાથમાં સુવર્ણના પાત્રમાં ભરીને આપ્યો. તે વખતે આનાકાની કર્યા વિના તરૂણ સરદારે તે વસ્તુ લીધી અને તેના માટે મીષ્ટ વાણીથી તે યુવતિના કોમળ હાથને ધન્યવાદ આપ્યો. આ વખતે મસ્ત યૌવનાના હૃદયનો ભાવ તે તરૂણ પુરૂષના બ્રહ્મચર્ય વ્રત્તને ભંગ કરવાનો થયો હતો. પણ દ્રઢ સંકલ્પવાળા તરૂણ જુવાનનો ટેક તુટે તેવો નથી માટે હવે તો સબુરીજ રાખવી. એ પ્રકારના સંકલ્પ સોચ સંકોચમાં તે મસ્ત યુવતિ ઘેરાયલી હતી. તેણીના મદથી આરક્ત થયેલાં નેત્રો વારંવાર તરૂણ પુરૂષના ચ્હેરા ભણી ચકોર પક્ષીના નેત્રની માફક ટગ ટગી રહેલાં હતાં. પણ આ વખતે તે ઉદ્ધત બળની પ્રેરણાને ફેરવીને ચતુર તરૂણ પુરૂષે બીજીજ વાતોની શરૂવાત કરવા માંડી હતી, અને તે વાતના ધોરણ ઉપર તરૂણ સ્ત્રીને ચઢાવી હતી. આ પ્રમાણે ભોજન સ્થાનમાં પરસ્પર વ્યવહાર ચાલી રહ્યા છે, અને તેમાં આનંદનીજ વૃષ્ટિ વરસાઇ રહેલી છે. આ વખતે એજ ઠાઠમાં ભોજનનું કામ અટોપાઇ ગયું. એટલે તરૂણ પુરૂષે કહ્યું કે મને જ્યારે હવે ફક્ત આઠજ દિવસનું બ્રહ્મચર્ય રહ્યું છે માટે કૃપા કરીને મને તેટલી મુદત સુધી આ સઘળા અવાસમાંથી કોઇ પણ એકાંત રહેવાનો ભાગ મને આપો કે તે બ્રહ્મચર્ય વ્રત્તમાં મને કોઇ પ્રકારનો બાધ આવે નહિ; કેમકે આપની પાસે છેક નિકટ સહવાસથી ચંચળ મનને વારંવાર કબજે રાખવું પડે છે. વળી આપનો મારા પ્રત્યેનો જે પ્રેમ છે તે તો રતીપુર પણ ખસવાનો નથી. પણ છેક નજીકમાં અને એકજ સ્થાનમાં રાત્રદીવસ મ્હારો અને આપનો સહવાસ વિકારનો વધારો કરતા થઇ પડશે, અને તેમાં મારૂં બ્રહ્મચર્ય ખંડન થવાનો મોટો ભય રહેલો છે; માટે આટલી મારી પ્રાર્થના આપ સ્વિકારશો તો મોટો ઉપકાર માનીશ.

આ પ્રમાણે તરૂણ પુરૂષનું વચન સાંભળીને તે મસ્ત પ્રમદાએ તુરતજ તેમ કર્યું. એટલે પોતાને શયન કરવાનો જે ભાગ હતો તેના સામે બીજો અવાસ હતો તે અવાસની મેડી ઉપર તે તરૂણ પુરૂષને એકાન્ત રહેવાને ભાગ આપ્યો. તેથી તે ભોજન કર્યા પછી તે અવાસમાં નિદ્રા લેવાને ચાલ્યો ગયો.

રાત્રી પડી એટલે બપોરની માફક રંગઢંગથી બન્ને જણે ભોજન લીધું અને તે પછી તરૂણ પુરૂષે પોતાના અલગ સ્થાનમાં

પ્રવેશ કર્યો. ત્યારે આ મસ્ત યુવતી અઠવાડીયું વ્યતિત થવાના દીવસ ગણતી ગણતી અધીરી બનેલી પોતાના શૃંગારેલા ઓરડામાં પ્રવેશ કરીને કમાડને બંધ કર્યું.

પ્રકરણ ૪ થું.

તરૂણ પુરૂષના વિચાર અને રાત્રીનો ચમત્કાર.

પેલો તરૂણ જુવાન મોટા પલંગ ઉપર સુઇ રહ્યો હતો. ચારે બાજુ મેડી ઉપર દીપકોનો પ્રકાશ પુર્ણિમાના પ્રકાશ જેવો ભાસતો હતો. તે મેડી ઉપર રાજદ્વારી ઠાઠ હતો. તે તરૂણ પુરૂષે પોતાના રક્ષણ માટે કોઇને પણ પાસે રાખ્યો નહોતો. અને તેમ કરવાનું તેને પક્કું કારણ હતું. તેથી તેણે એકાંત સ્થળ પસંદ કર્યું હતું. જોકે તે પલંગમાં સુતો હતો ખરો પણ તેને લેશભર નિદ્રા આવતી નહોતી; પણ ઉલટમાં ચિંતા વ્યાપી ગઇ હતી. તેમજ તે સાથે તેને વારંવાર વિચાર રૂપી ઉભરાઓ આવવા લાગ્યા. તે તરૂણ સ્ત્રી જાદુ-વાળી અને નૃષ્ટ કાર્ય કરનારી મહા કૃત્યા છે એમ તો તેણે નિર્ણય કરી લીધું હતું. વળી તે સાથે "પરદેશનો પાડો, અને ઉંટનો હજ્યો" એ કહેવત તેના મનમાં યાદ આવી. તેણીયે એકાએક મારી સાથે પ્રેમની વાતો કરી એકાએક મોહ પામી ગઇઅને એકાએક જાત, નાત, કુળ, રેહાણ પુછ્યા વિના કુલટા સ્રીની માફક નિર્લજ થઇને પ્યાર જોડવાને જે પ્રયત્ન કર્યો છે, તે કેવળ ખરેખર ભેદ ભરેલો હોવો જોઇએ; આ પ્રકારે તે તરૂણના હૃદયમાં વીચારની સંકલના શરૂ થવા લાગી. આ વખતે ચિંતા અને ભય એ બે બાબતો તેના શરીરમાં દાખલ થવાથી નીદ્રાનો નાશ થયો હતો; તે તરૂણ સ્રીયે જે વાત કહી હતી તે વાતને માટે તો તે તરૂણ પુરૂષ નિશ્વાસ નાંખીને છાતી ઉપર હાથ મુકવા લાગ્યો; અને જ્યારે પ્રસંગ આવે ત્યારે હું આ સ્થળમાં કેવી સ્થીતીવાળો બની જઇશ! તેના માટે તો તે તદન બાહાવરો બની ગયો હતો; તેને પલંગમાં બીલકુલ ચેન પડયું નહીં, તેથી તે એક દમ ઉભો થઇને તે મેડી ઉપર આમ તેમ ફરવા લાગ્યો. ઘણા દીપકોનો પ્રકાશ હતો તે તમામ દીપકો બુઝાવી નાંખીને એક દીપક ઝીણા પ્રકાશવાળો કાયમ રાખ્યો; તેથી તે મેડી ઉપર અંધકારનો ભાગ વીશેષ કાયમ રહ્યો. આમ કરવાનું કારણ તે તરૂણ પુરૂષના હૃદયમાં જુદું હતું. એમ કર્યા પછી એક જગોએ પોતાનું મન સ્થિર કરવાને બેઠો, પણ વીચારનો વેગ ઉપરા ઉપરી ઉભરાની મા-

ફેક ચઢવા લાગ્યો. તે વીચાર તેનો તદન વાસ્તવિક હતો. એજ વખતે ફરીથી વિચાર કરવા લાગ્યો કે "અલબત તે કૃષ્ણકુંબરીના જેવીજ જાદુવાળી છે. જે વખતે વૃદ્ધ બ્રાહ્મણના વેશથી તે જ્યારે મને મળી ત્યારે તે સ્વરૂપજ ન્યારૂ હતું—અરે અત્યારે તો સોળ વરસની ભર યૌવના છે. જ્યારે તેણીએ અરે હાય! પેલા માણસને પથ્થર બનાવી દીધો ત્યારે તે જ્યારે કોપાયમાન થાય ત્યારે મને તેવો બનાવે તેમાં શાનું આશ્ચર્ય? ખેર ગમે તેમ હો. પણ તેણીયે પોતાનું મ્હોત જ્યારે મને બતાવ્યું છે. ત્યારે તેણીનો પ્યાર મારા ઉપર સંપૂર્ણ છે એમ તો સાબીત થાય છે; પણ કોણ જાણે તેમાં પણ કેવી પ્રકારનો ભેદ રહેલો હશે; પણ હવે તો તે ભય ગમે તે પ્રકારે દુર કરવો ઘટે છે. તે સ્ત્રી ચોક્કસ પ્રપંચના રંગમાં રમનારી હોવી જોઇયે; અલબત એટલું તો માનું છું કે તે ઘણીજ કામી, અને વિહ્વળ વૃત્તિવાળી નિષ્ઠુર છે, તેણીનો મારા ઉપર પૂર્ણ મોહ થયો છે. મારૂં સ્વરૂપ જોઇને રીઝી થઈ ગઇ છે. એટલે તેટલાજ માટે તે મોહ ફંદમાં ફસાઇને મને પોતાની હકીકત કેટલીક હવાલે કરી છે, તોપણ પુરેપુરીરીતે તેને વિશ્વાસપાત્ર ગણવી એ ઘણું જોખમભરેલું છે; માટે ચોકસ સાવચેત રહેવું જોઇયે. બેહુમથી નિદ્રાધિન થઇને પડી રહેવું આ જગોએ યોગ્ય નથી. એ પ્રમાણે વિચાર કરીને તે મેડીનાં કમાડ આડકતરાં વાસીને એક બારણા પાછળ કોઇને ખબર પડે નહીં, તેવી રીતે તે તરૂણ પુરૂષ વિચારની મર્યાદામાં ઘેરાઈ ગએલો ગુપચુપથી બેશી રહ્યો. આ વખતે મધ્યરાત્રી વીતી ગઇ હતી, બાર ઉપર એક વાગ્યાનો સુમાર થવા આવ્યો હતો. અંધારી રાત્રીએ પોતાના બળનો અંધકાર સઘળા જગતમાં ફેલાવી દીધો હતો. બારીના નીચાણમાં મોટો ચોક હતો તે ચોક ત્રણહજાર માણસો બેસે તેવો વીસ્તારવાળો હતો. તે ચોકની મધ્ય ભાગમાં એક પીપળાનું મોટુ વૃક્ષ હતું; તે વૃક્ષની પાસે પેલી તરૂણ સ્ત્રી પોતાના અંગ ઉપર સોળે શૃંગાર ધારણ કરીને આવી પહોંચી હતી. પોતાના હાથમાં સુવર્ણનો ટાટ કેટલીક વસ્તુઓથી ભરેલો હતો. તે સમગ્ર લઇને પીપળાના વૃક્ષ ઉપર ઘણા ઝડપથી ચઢી ગઇ, અને થોડીકજ વારમાં તે વૃક્ષ આકાશ માર્ગે ચાલવા લાગ્યું; તે કયાં ગયું તેની ખબર પડી નહીં. આ વિચિત્ર તમાસો જોઇને પેલો તરૂણ સ્વાર વધારે મુંઝવણમાં પડયો. આ વખતે તેની કેટલીક ચિંતામાં આશ્ચર્યનો વધારો થઇ ગયો, નિદ્રા તો કયાં રહી પણ તે તો પલંગમાં જાગતોજ બેશી રહ્યો, અને પેલું વૃક્ષ આકાશ માર્ગે તરૂણ યુવતીએ ઉડાવ્યું છે તે હવે કઇ વખતે આવે છે? તે તમાસો જોવાને ગુપચુપ બેઠો.

પાછલી રાત્ર વીતવાની જ્યારે તૈયારી થઈ તથા જે વખતે શુક્રનો તારો બાહેર નીકલ્યો તે વખતે પેલું ઉડેલું ઝાડ પાછું સપાટા મારતું તે જગોએ સ્થંભ્યું, એટલે તુરત તરૂણુ યુવતિ તે ઉપરથી ઉતરીને ચુપચુપ પોતાના ઓરડામાં દાખલ થઇ ગઇ, અને તુરત તે દ્વારનાં કમાડ બંધ કરી દીધાં. પ્રાતઃકાળ થયો એટલે પેલો તરૂણુ પુરૂષ વ્હેલો ઉઠયો. શૌચ તથા દંતધાવન કરીને તેણે મળસકામાં પેલી વૃદ્ધ ડોસીને બોલાવીને હમામખાનામાં સ્નાન કરી લીધું; અને પોતાના નિત્યકર્મથી અટપીને જ્યારે તૈયાર થયો ત્યારે સૂર્યનારાયણુ આકાશમાં ઉદય થએલા દેખાવા લાગ્યા. આ વખતે પેલી તરૂણુયુવતી ભરનિદ્રામાં મસ્ત થઈ ઘોર્યા કરતી હતી. આજુબાજુના શુષ્ક નોકરો પોતપોતાનું કામ કરી રહેલાં હતાં; જ્યારે નવ વાગવાની તૈયારી થઇ ત્યારે પેલી તરૂણુ યુવતી પલંગમાંથી બેઠી થઇને બાહેર આવી, પોતાના પ્યારા સરદારનું મુખ જોવા આવી પહોંચી. ત્યારે તે વખતે તો તરૂણુ પુરૂષ પોતાના ભાલ પ્રદેશમાં કેસર ચંદનાદિકનો લેપ કરી સર્વ રીતે તૈયાર થઇને બેઠેલોજ જોવામાં આવ્યો. આ પ્રમાણે જોઇને તે મસ્ત યુવતિ વારંવાર બલૈયાં લેવા લાગી, અને કહેવા લાગી કે પ્યારા ! તમે તો ઘણાજ ચાલાક છો, હું તો આળસુ હોવાથી મોડી ઉઠું છું. મારી બેઅદબી થઇ હોય તો માફ કરશો. હવે આપના સહવાસથી હું વહેલું ઉઠવા માંડીશ, કહ્યું છે કે “સોબત તેવી અસર અને તુખમ તેવી તાસીર” તે પ્રમાણે મને અત્યાર સુધી કોઇનો અંકુશ નહીં હોવાથી મનમાં આવે તેમ મારો વખત ગુમાવુ છું. હવે આપ નિરૂત્તથી બેસો. હું પણુ તમામ કામથી અટપી સ્નાન કરીને આપને બોલાવું છું. એમ કહીને તે ત્યાંથી ખશી ગઈ અને પોતાને કામે વળગી. કેટલુંક કામ અટપ્યા પછી દુધના કટોરા ભરીને અને ગોઠવીને તે તરૂણુને ત્યાં બોલાવ્યો, અને પરસ્પર બંને જણે દુધ પીધું. પછી નિત્ય નિયમ પ્રમાણે પોતાનો વખત અનેક પ્રકારની વાતચિતમાં અને વિનોદમાં ગુમાવીને જ્યારે રાત્ર પડી ત્યારે તે તરૂણુ પુરૂષ પોતાની એકાન્ત મેડીમાં ચાલ્યો ગયો, ત્યારે આ મસ્ત યૌવના પોતાના ઓરડામાં ચાલી ગઇ અને દ્વારનાં કમાટ બંધ કરી દીધાં. ગઈ કાલની માફક આજે પેલો તરૂણુ જુવાન મેડી ઉપર બેઠો બેઠો તમાસો જોવાની તૈયારીમાંજ યુક્તીથી બેસી રહેલો હતો. આજે તે તરૂણુ જુવાને પોતાના મસ્તક ઉપર લોહનો ટોપ અને અંગ ઉપર કવચ ધારણુ કરી દીધું હતું. મસ્તક ઉપર લોહના ટોપ ઉપર કાળા-રંગનો ફેંટો બાંધ્યો અને પોતાની દાઢી સાથે રૂમાલ પણુ ફેંટા ઉપર તાણી બાંધ્યો, તથા અંગ ઉપર કાળા રંગનું અંગરખુ ધારણુ

કર્યું. કમરમાં સાબરના ચામડાનો કમરપટો મજબુત બાંધીને કમરમાં તીક્ષણ તલવાર ભરાવી દીધી, તથા તે સાથે કમરમાં જમૈયો, કટાર અને લાંબો છરો વગરે ભરાવી રાખ્યાં. આ પ્રમાણે શસ્ત્રાદિકથી સજ્જ થવામાં સરાસરી રાત્રીના અગીયાર વાગ્યાનો સમય થવા આવ્યો હશે. તે વખતે પોતે ઉભો થઇને વિચાર કરવા લાગ્યો કે અહાહા! મારૂં એટલું ભાગ્ય સારૂં છે કે ચોકની મધ્ય ભાગના પીંપળાના વૃક્ષનું થડ પોલું છે, વળી તેમાં એક માણસ લપાઇને બેશી રહે તો ખબર પડે તેમ નથી, માટે ચાલ જીવ તે વૃક્ષના પોલા થડમાં યુક્તીથી પ્રથમજ બેસી જાઉં. હવે જે થાય તે ખરૂં; કાંતો પ્રાણ જાય છે કે કાંતો કાર્યની સિદ્ધિ થાય છે. કાંતો નવિન અને અલભ્ય ભેદ મળી આવે છે કે કાંતો આ જીંદગીનો નાશ થાય છે. આ પ્રમાણે વિચાર કરીને તે તરૂણ પુરૂષ આમ તેમ તપાસ કરતો પીંપળાના પોલમાં લપાઇને બેશી ગયો. તેના બેસવા પછી સરાસરી ત્રણ ઘટિકા વીતી હશે તે વખતે સોળ શૃંગારથી સજ્જ થએલી મદમત્ત યૌવના ગયા રોજની માફક તે વૃક્ષ પાસે આવી પહોંચી, અને ત્વરાથી તે વૃક્ષ ઉપર ચઢી ગઈ. પછી તેણીના જાદુના જોરથી તે વૃક્ષ આકાશ માર્ગે ઉપડયું. મોટા મોટા પર્વતના શિખ્ખરોને ઓળંગીને સમુદ્રનો રસ્તો નજરે પડયો. કોણ જાણે પાંચસેં કોસ કરતાં પણ વિશેષ મુસાફરી થોડીક વખતમાં થવા લાગી. સમુદ્રના મધ્ય ભાગમાં એક બેટ હતો તે બેટમાં નાનો સરખો અવાસ મઢી જેવો હતો ત્યાં પેલું ઝાડ છેક તે અવાસના ચોકમાં સ્થંભ્યું. સ્થંભેલા વૃક્ષથી પંદર કદમ છેટે એક જુવાન માણસ વાઘના ચામડા ઉપર મસ્ત બનેલો બેઠો હતો. તેના મસ્તક ઉપર મોટી જટા હતી, અને તે શરીરે ઘણો મજબુત અને કદાવર હતો, પોતાની આગળ લાકડાં સળગેલાં હતાં, એટલે અખંડ ધૂણી ધખતી હતી, મોટી ચલમ અને તેની પાસે લોઢાનો ચીપીયો હતો. આ બેટમાં આ યોગી શિવાય બીજું કોઈ માણસ રહેતું નહોતું, તેવા યોગી પાસે આવીને આ તરૂણ યુવતિ તેના ચરણમાં મસ્તક નમાવીને ઉભી રહી.

તે યુવતિને જોતાંજ તેણે આવો પ્યારી! એ પ્રમાણે શબ્દ કહ્યો; એટલે તે યુવતિએ જે સુવર્ણના ટાટમાં ઉત્તમ પ્રકારનો મેવો તથા ફળ ફળાદિક તથા કેટલાક દાબડાઓમાં ચોષ્ટ પદાર્થો તથા મદિરા વિગરે સાધનો જે કંઈ હતાં તે આગળ મુકીને તે મસ્ત યોગીના કંઠમાં હાથ નાંખીને ઘણા પ્યારથી બોલવા લાગી; અને કહેવા લાગી કે પ્યારા! દિલોજાન! હવે આપણી મરાદ પુરી થવાની

છે. એકસોને સાત ચતુર માણસોનો ભોગ પૂર્ણ થઈ ગયો છે. હવે માત્ર એકજ લાયક અને સ્વરૂપવાન તથા રૂપ ગુણથી સંપન્ન માણસના ભોગની જે કસર રહી છે તે પરમેશ્વરે પુરી પાડી છે. અને તેનો ભોગ પુરો થાય એટલે એકસોને આઠની ગણત્રી થઈ જશે. મ્હારા રસીલા પ્યારા! હવે હું મારી કૃષ્ણાંબરી દેવીની બરોબરી આપના પ્રતાપથી કરી શકીશ. મ્હેં બત્રીશ લક્ષણો માણસ મેળવ્યો છે. તે અનાયાસ મને રસ્તામાંજ મળી ગયો છે. વળી તેને અટમ સટમ એવો તો સમજાવ્યો છે કે તે મારી મીઠી વાણીમાં અને મારા બતાવેલા પ્યારમાં લટ્ટુ બની ગયો છે.

એટલું સાંભળીને શાબાશી આપતો તરૂણ યોગીએ કહ્યું કે શાબાશ પ્યારી! પણ તેને તું તારા અવાસમાં છ મહીના સુધી રાખી તે માણસના શરીરનું માંસ ઘણી યુક્તીથી ખવરાવતી રહેજે. જો કદાચ ચતુર હશે તો તે જાણી જશે.

યુવતિએ કહ્યું કે તે બાર વરસથી બ્રહ્મચર્ય વૃત્ત પાળે છે. હવે તેને છ દીવસ ખુટે છે. તે ખુટયા બાદ તેની સાથે ગાંધર્વ લગ્ન કરીને મારા ભેગો મારી પીરસેલી થાળમાંની રકમો જમવા બેસારીશ ત્યારે તેનો ઘાટ બન્યા કરશે.

વારૂ એ તો ઠીક છે. પણ તેને કોઈ બીજો ભેદ તો આપ્યો નથી ને?

અફસોસ કે જે ભેદ મ્હેં આપ્યો છે તેમાં મને ભય જેવું લાગતું નથી. તેમજ તેણે પણ મને ભેદ આપ્યો છે તેથી ભય રહ્યો નથી.

બાવો—અરે! એથી શો ભેદ આપ્યો છે?

સ્ત્રી—મ્હેં મારૂં મ્હોત કેવી રીતનું છે તે તેને બતાવી દીધું છે; તેમ તેણે પણ પોતાનું મ્હોત બતાવ્યું છે તેથી તેનું મન મને ચોખ્ખું લાગે છે, બારીક નજરથી જોતાં તે સ્વભાવનો ભોળો છે, અને એવો તો ખુબસુરત અને અલબેલો છે કે આપણું છેવટનું કાર્ય સિદ્ધ થવામાં દેવતાઓ પ્રસન્ન થયા વિના રહેશે નહીં.

બાવો—અરે રામ રામ! પણ તારા દીપકના ફાનસ પાસે જે કાળા રંગની પેટી છે તે પેટીમાંથી જો કદાચને એક કાળો સર્પ છે તેને તે મારી નાખશે તો તેમાં રખેને મારૂં મ્હોત નીપજે!

સ્ત્રી—પ્યારા સરદાર! એ ભેદ તેને મ્હેં આપ્યોજ નથી તેમ તે ભોંયરામાં તેને પ્રવેશ કરવાને કયાંથી તક મળશે? કેમકે હાલ

બ્રહ્મચર્ય વ્રતમાં છે તેથી તે અલગ અવાસમાં રહે છે. અને જ્યારે તે વ્રત પુરૂં થશે ત્યારે તો તમામ મારી દેખરેખ બાહેર રહેવાનુંજ નથી; તેમ તે માણસ તેમ કરવાને વિચાર મનમાં લાવે તેવું કાંઇ કારણ જણાતુંજ નથી. કેમકે તેની એવી તો શરભરા રાખવામાં આવશે કે તે એ ઠામ છોડીને બીજે કયાંઇ જવાને ઇચ્છા રાખશે નહીં.

બાવો—અત્યાર સુધી જ્યારે તમામ કામ નિર્વિઘ્નથી થયું છે તો હવે છેવટનું એક કામ રહેલું છે તેમાં વિઘ્ન આવવાનું નથી એ તો જાણે નિશ્ચય છે; કેમકે તેની આયુષ્ય છ મહિનાથી વિશેષ નથી. તો પછી એ બાબત કાળજી રાખવીજ નહીં પણ ત્યાં સુધી બહુજ સાવચેત રહેજો.

સ્ત્રી—મ્હારા વ્હાલા પ્યારા! એ બાબત તમે જરીએ કાળજી કરતા નહીં;

પેલો ટાટ પીરસેલો હતો તેમાંથી બન્ને જણુ ખાવા બેઠાં, અને પરસ્પર એક બીજાને શરાબ આપીને મસ્ત બની ગયાં. આ નિર્ભય સ્થાનમાં કોનો ભય હતો તે બન્ને? વચ્ચેનો પ્રેમ કોઇ જુદીજ પ્રકારનો હતો. જેવી આ મસ્ત કૃત્યા હતી તેવોજ તે મસ્ત બાવો હતો; તેથી તેઓ બન્ને મનમાં આવે તેમ વિહાર કરવા લાગ્યાં. જ્યારે પાછલી રાત્રીનો સમય થશે ત્યારે તે મસ્ત સાધુની આજ્ઞા લઇને અને નિત્યના ક્રમ પ્રમાણે આવવાનું સારૂં કરીને તે અલબેલી ત્યાંથી ઉઠી ચાલવા લાગી; અને વૃક્ષ ઉપર આરૂઢ થઈ ગઇ.

વૃક્ષ ત્યાંથી જાદુઇ પ્રયોગથી ઉપડયું અને થોડી વખતમાં પોતાના વિશાળ મંદિરના ચોકમાં આવીને સ્થંભ્યું; એટલે તે ઉતરીને પોતાના અવાસનાં કપાટ ખુલ્લાં કરીને અને વાસીને ગઇ.

થોડી વાર થઇ એટલે પેલો તરૂણ પુરૂષ તે વૃક્ષના પોલમાંથી નીકળીને મેડી ઉપર ચઢી ગયો અને પલંગમાં જઇને બેઠો. તેને લેશ પણ નિદ્રા આવી નહીં. પણ ઉલટમાં તેને ભય પેશી ગયો. તે બેટમાં તરૂણ સ્ત્રી અને મસ્ત બાવા પ્રત્યે જે વાત થઇ હતી તે તમામ વાત તેણે સાંભળી હતી, જેથી તે કૃત્યાનો સઘળો ભેદ તેના જાણવામાં આવી ગયો હતો; તેથી તેનું મન ઘણુંજ ઉદાસ થયું. પોતે આ દુષ્ટ અને ખોટા પ્યાર બતાવનારી કપટી કૃત્યાના કપટ જાળમાં ફસાઇ ગયો છે એમ તેણે તે વખતે ચોકસ માની લીધું, અને પુરી રીતે તે સાવધ થઇ ગયો.

હવે તે કૃત્યા સાથે આપણી વતણુક કેવી ચલાવવી જોઇયે તેના માટે ગોઠવણુ કરવા લાગ્યો; એટલામાં તો પુર્વ દિશાએ આકા-

રને રંગ સફેદ થવા લાગ્યો. એટલે તેણે કવચ ટોપ ઇત્યાદિક સજ્જ કરેલાં વસ્ત્રો ધારણ કર્યાં, અને નિત્ય નિયમ પ્રમાણે તે પોતાનું સ્નાન ધ્યાનનું કામ ઝટપીને બેઠો. ત્યારે ચાર ઘટિકા પછી પેલી કૃત્યા જાગ્રત થઇને બાહેર આવી. તેણી પણ સઘળું ઝટપીને તરૂણ પુરૂષને બોલાવવાને એક વૃદ્ધ ડોસીને મોકલી; એટલે તે પણ અત્યંત આનંદ બતાવતો અને જાણે તે યુવતીના પ્રેમની બલિહારી માનતો હોય તેવા દેખાવથી ઘણા હર્ષભેર આવી પહોંચ્યો; અને કહેવા લાગ્યો કે પ્યારી! તમે મારા માટે બહુજ તસ્દી વેઠો છો? હું આ તમારો ઉપકાર કદી ભુલવાનો નથી, મારાં પૂર્વ જન્મનાં પુન્ય હશે તોજ તમારા જેવાં સદ્ગુણી અને ચતુર શિરોમણીનો સમાગમ મળ્યો છે. તેટલા માટે હું પરમેશ્વરનો મોટો ઉપકાર માનું છું હવે મારા બ્રહ્મચર્યને માત્ર પાંચ દીવસ બાકી છે. તે દીવસો વ્યતિત થઇ જાય એટલે આપણું સુખ સ્વર્ગના ઈંદ્ર કરતાં પણ વધારે શોભાપાત્ર જણાશે પ્યારી! તમારૂં મનહર દીદાર સ્વપ્નમાં પણ હું જોયાં કરૂં છું હું મારૂં મન કાયમ રાખવાને અને પાંચ દીવસ સંભાળવાને માટેજ જુદા અવાસની મેડી ઉપર સુઇ રહું છું. હે અલબેલી! તમારા વીયોગથી રાત્ર દીવસ ચેન પણ પડતું નથી. આ પ્રમાણે તે તરૂણ સ્ત્રી પ્રત્યે પેલા જુવાને મિષ્ટ વાણીનો વરસાદ વરસાવા માંડયો.

આ પ્રમાંણે તરૂણ પુરૂષનાં વચનો સાંભળીને આજે તે તરૂણ મસ્ત યૌવનાને આનંદનો પાર રહ્યો નહીં, અને એકદમ મોહાંધ તથા કામાંધ થએલી બન્નો લાંબા હાથ કરીને ભેટવાને તૈયાર થઇ ગઇ, પણ તે વખતે તરૂણ પુરૂષે તેના પ્યારનો દુરથીજ સ્વીકાર કરીને કહેવા લાગ્યો કે પ્યારી! સબુર રાખો? હવે એ તમારી ભેટ થોડાજ વખતમાં પૂર્ણ થશે. ઉતાવળાં થતાંમાં! એમ કહીને બન્ને સ્વસ્થ બેઠાં. પછી નિત્યના ક્રમ પ્રમાણે સાંજ સુધી વાતચીતના વ્યવહારમાં તે દીવસ ગાળી નાંખ્યો. જ્યારે રાત્ર પડી એટલે તે ભોજનથી ઝટપીને તરૂણ પુરૂષ પોતાની મેડી ઉપર ચાલ્યો ગયો, અને પેલી નિત્ય નિયમ પ્રમાણે પોતાના ઓરડામાં ગઇ.

પ્રકરણ ૫ મું.

યુક્તિમાં વિજય.

નિત્યના નિયમ પ્રમાણે પેલી તરૂણ યુવતિ અર્ધ રાત્ર વિત્યા પછી પેલા વૃક્ષ ઉપર બેશીને અને તેને આકાશમાં ઉડાડીને ચાલતી

થઈ. એટલે મેડીના અવાસ ઉપર બેઠેલા તરૂણ પુરૂષે અમુલ્ય વખત ઉપયોગમાં લેવાને ઉતમ તક સાધ્યો. આ વખતે તે સમગ્ર અવાસમાં કોઇ પણ નહોતું. પેલી બન્ને ડોસીયો કયાંથી આવતી હતી અને તે અવાસ પૈકી કયા ખુણામાં કઇ જગોએ રહે છે તેની કંઇ કોઇને ખબર પડે તેમ નહોતું. તેમ પેલો ગાયન કરનારો કે જેના નેત્રોમાં મોટા ખાડા પડી ગએલા હતા તથા ભયંકર આકૃતિવાળો જ- ણાતો હતો તે કયાં પડયો રહ્યો છે તે પણ જણાતું ન હતું. તેથી આ વખતે કેવળ નિર્જન સ્થાન જેવું શાન્ત દેખાતું હતું. આ સ્થા- નની મર્યાદા કોઇ એવી તો અદ્દભુત હતી કે તેમાં કોઇ ક્રુર પ્રાણી વાઘ વરૂ જેવાં ફાડી ખાનારાં હિંસક પણ પ્રવેશ કરી શકતાં નહોતાં, તેમ કોઈ ભુલ્યો ભટકયો આ સ્થાનમાં આવી શકે તેમ નહોતું. આમ હોવાથી આ વખતે તમામ જગોએ શાંત જણાતું હતું તેથી તે તરૂણ પુરૂષ કવચ, ટોપ ઈત્યાદીક શસ્ત્રાદિકથી સાવધ થઇને મેડી ઉપરથી ઉતરી મોટા ચોકમાં આવી પહોંચ્યો અને ચાલાકીથી બધે ફરી વળ્યો કે આ જગોએ રખેને કોઈ બીજું છે કે નહી; તેટલા માટે તે બાબત તપાસતો તપાસતો પેલી મસ્ત યૌવનાના ઓરડાનાં કમાડ ખુલ્લાં કર્યાં અને તે કમાડ વાસીને તથા અંદરની સાંકળ દઇને ચાલ્યો ગયો. દીપકોનો ચારે બાજુ સંપૂર્ણ પ્રકાશ હતો તેથી પોતાને મળેલી માહીતી પ્રમાણે ભોંયરાના સંચને ખુલ્લું કરી દીપક હાથમાં લઇને તેમાં ત્વરાથી ઉતરી પડયો. પછી પોતાના મનમાં નિર્ણય કરેલા સંકેત પ્રમાણે પેલું અખંડ પ્રગટેલું ફાનસ હતું ત્યાં ગયો. પછી તે ફાનસની સામે લોખંડની જે પેટી હતી તે પેટી પોતાના માથા ઉપર મુકીને અને ફાનસ હાથમાં પકડીને ભોયરા બાહેર ઓ- રડામાં આવ્યો, અને પ્રથમ જેમ બંધ કરેલુ હતું તેવું બંધ કરીને તે બન્ને વસ્તુ લઇને અને ઓરડાનાં કમાડ જેવી રીતે ખાલી વાસેલાં હતાં તેવી રીતે વાસીને પોતે સત્વરથી ફાનસ અને પેટી લઇને પો- તાની મેડી ઉપર ચઢી ગયો, અને દાદરો વાસીને પલંગ ઉપર બેઠો.

આટલુ કામ કરવામાં તેને વખત ઘણો વીતી ગયો, અને થોડી વાર થઇ એટલે પાછલી રાત્રની શરૂવાત થવા લાગી. એટલે આજે તે મસ્ત યુવતિ નિત્યના નિયમ કરતાં કાંઇક વેહેલી આવી પહોંચી. એટલે વૃક્ષ હતું તે ચોકમાં ઠરી ગયું એટલે તે સ્ત્રી કમાડ ખુલ્લાં કરીને ઓરડામાં પેસી ગઇ.

જ્યારે આમ થયું. એટલે પ્રથમ લોખંડની પેટી ખુલી કરીને દીપકનો જ્વલ્ય પ્રકાશ આગળ મેલા કાળા સર્પને બાહેર કાઢવાની ગતી આપી; જે વખતે બાહેર નીકળ્યો તે વખતે મ્યાનમાંથી તલવાર

કાઢીને સર્પના ટુકડે ટુકડા કરી નાંખ્યા. પછી તુરતજ પેલા ફાનસનો દીવો ગુલ કરી નાખ્યો.

આટલું થતાનીજ સાથે તે સઘળો મેહેલ હતો તે એકદમ ગેબ થઇ ગયો એટલે ફેક મેદાંન થઇ ગયું. જેવી રીતે કૃષ્ણાંબરીના મૃત્યુ પછી પવન તથા અંધકારનો દેખાવ થઇ રહ્યો હતો તેવોજ દેખાવ આ સ્થળે થયો. ચારે બાજુ સોર બકોર થવા લાગ્યો, અને જેવી રીતે આકાશમાં મેઘ ગર્જના થાય છે તેવી રીતે સઘળી બાજુએ ગર્જના થવા લાગી, પણ આ દેખાવ થોડીકજ વાર રહ્યો, એટલે પૂર્વ દીશાએ ભાનુ દેવતાનો ઉદય થએલો જણાયો. એટલે તેના પ્રકાશથી સ્વચ્છ માલુમ પડયું કે આ જગોએ જે મોટો મેહેલ હતો તે મેહેલ નાશ પામ્યો અને એક નાની સરખી ઝુંપડી હતી તેમાં પેલી મસ્ત કૃત્યાનું મડદું પડેલું જોવામાં આવ્યું, તે વખતે તે મડદા પાસે જઇને તેની કંચુકીમાંથી સુવર્ણની દાબડી કાઢી લીધી. તે મડદાને કેટલાંક લાકડાં ભેગાં કરીને બાળી નાંખવામાં આવ્યું અને પછી જ્યારે તપાસ કરે છે ત્યારે તે તરૂણ પુરૂષે પોતાનો ઘોડો એક ખીંટી સાથે બાંધેલો જોયો, અને તેના નજીક તે ઘોડા ઉપર કસવાનો સરંજામ પડેલો દીઠો; તે જોઇને તેણે તુરત પરમેશ્વરનું સ્મરણ કરીને સામાન કસ્યો. અને તે ઉપર સ્વાર થઇ તે સમગ્ર ભુમિને અને તે કૃત્યાની બળતી ચિતાને નમસ્કાર કરીને આગળ ચાલવા લાગ્યો. અને પોતાનો બચાવ આ કૃત્યાના સપાટામાંથી થયો તેના માટે ઇશ્વરનો મોટો ઉપકાર માન્યો.

હવે તે તરૂણ પુરૂષનું મન પ્રફુલ્લ થયું; તેણે પોતાના ઘોડાને આગળ જવાને ગતિ આપી. તેથી સત્વરથી ચાલવા લાગ્યો. આ વખતે પ્રાતઃકાળનો એક પ્રહર દીવશ ચઢયો હતો; તેણે તે ભયંકર જંગલની વૃક્ષ ઘટાની મર્યાદા વટાવીને છેક ચંપક વૃક્ષના રમ્ય અરણ્યમાં જ્યારે આવી પહોંચ્યો, ત્યારે તેણે થોડેક દુરથી નાના દેવાલય જેવો અવાસ જોયો; અને તેમાં કોઈ ગાનકુશળ સ્ત્રિયો વીણાનાદ સાથે ઉત્તમ ગાયન કરતી હોય તેવું સંભળાયું. તેવું જોઇને તેને ઘણો આહ્લાદ પ્રાપ્ત થયો. અને તે તરફ ખામુખો પોતે વળ્યો. છેક નજીક જઇને અને અશ્વ ઉપરથી ઉતરીને તેણે તે નાના અવાસમાં પ્રવેશ કર્યો, ત્યારે એક પથ્થરની પ્રતિમા પાસે બે ચાર અપ્સરાઓ ગાયન કરતી જોવામાં આવી; અને તે અપ્સરાની એક બાજુએ પરિયોનો નાયક તુંગભદ્ર તે પ્રતિમા ઉપર પુષ્પ ચઢાવી રહેલો અને સ્તુતિપુર્વક ગાયન કરી રહેલો છે એમ જોવામાં આવ્યું. આ સમગ્ર ટોળામાં આ વખતે તે તરૂણ જુવાને પ્રવેશ કર્યો તે

વખતે સઘળી પરીયો જે બેઠી હતી તે તુરત ઉભી થઈ અને આવનાર સરદારને માનપાત્ર વાક્યો કહ્યાં. તે સાથે તુંગભદ્રે પણ આવકાર આપ્યો; થોડીક વાર સુધી પુજન વિધિ અને ગાયન ચાલુ રહ્યાં; એટલે તે કામ અટોપાઈ ગયા પછી, તુંગભદ્ર પ્રત્યે હાલ આવેલા તરૂણ પુરૂષે પ્રશ્ન કર્યો કે તમે કોની પ્રતિમાની પુજા કરો છો? આ કોણ છે? અને કીયા દેવની મુર્તિ છે? તેના જવાબમાં તુંગભદ્રે ઉત્તર આપ્યો કે સર્વ દેવનો દેવ જીવન બક્ષનાર છે. તેમણેજ મારૂં ભલું કર્યું છે, વળી હું પક્ષીના સ્વરૂપમાં હતો. છતાં તેમાંથી મુક્ત કરીને મને મારી અસલ સ્થિતિમાં લાવનાર આ મહાત્મા પ્રતાપશાળી ધૈર્યવાન અને શૂર મર્દ છે. વળી કૃષ્ણાંબરી જેવી મહા કૃત્યા દેવીનો નાશ કરનાર આ પુરૂષ છે; તેમનું નામ પ્રતાપરૂદ્ર છે; પણ અફસોસ છું કે આ ઉપકાર કરનાર પુરૂષને હું મારા મિત્રના ઘરમાં રાખીને મારા ખાનગી કામ માટે ગયો હતો, પછી પાંચમે દીવસે જ્યારે હું મારા મિત્ર સાથે અહીયાં આવું છું ત્યારે તેમની આવી સ્થિતિ જોવામાં આવી છે, અરે હાય! એ વખતથી અમારૂ હૃદય ચીરાઈ જાય છે!—આમ એકાએક આવો ચમત્કાર બનવાનું શું કારણ હશે! તે કંઇ સમજાઇ આવ્યું નહીં. પણ તે સંબંધી યાદ કરતાં એક ભય અમને એવો લાગ્યો છે કે રખેને કદાચ કૃષ્ણાંબરી દેવીની બ્હેને વૈર વાળ્યું; કદાચ તેણીના જાણવામાં આવ્યું હોય અને તેણીએ આ કૃત્ય કર્યું હોય તો કોણ જાણે, માત્ર તેનોજ ભય વિશેષ રહેલો છે તેથી અમને લેશમર ઉંઘ આવતી નથી; તેનું કારણ એ છે કે જેવી રીતે કૃષ્ણાંબરીનો વધ કરનાર આ પ્રતાપરૂદ્રની જ્યારે આવી સ્થિતિ કરી નાખી ત્યારે તેવી રીતે મારી સ્થિતિ પણ તે કરી નાખશે; તેટલા માટે મને જંપ વળતો નથી. હે ભાઇ! તમે કોણ છો? અને ક્યાંથી આવો છો?

આ પ્રમાણે તુંગભદ્રની વાણી સાંભળીને તે તરૂણ પુરૂષે કહ્યું કે હવે તમારા તમામ દુઃખનો અંત આવી ગયો છે. તે કૃષ્ણાંબરી દેવીની બેહેનનો નાશ મેં કર્યો છે. તેની હકીકત પ્રસંગ આવે કરીશ પણ હવે તમે મને સ્ત્રીનો પોશાક આપો એટલે તે ધારણ કરીને હું આ પ્રતાપરૂદ્રને સજીવન કરૂં; અર્થાત્ તેને અસલ સ્વરૂપમાં લાવી દઉં, તમે કોઇ વાતે ગભરાશો નહીં. તમે એમ સમજતા નહીં કે કૃષ્ણાંબરીની આ બેહેન છે.

તુંગભદ્રને આ વચનથી ઘણોજ આનંદ થયો, અને સ્ત્રી લીબાશ વસ્ત્રો લાવીને તુરત રજુ કર્યા. એટલે મર્દનો પોશાક દુર કરીને પોતાના અસલ સ્ત્રી સ્વરૂપમાં સોળે શૃંગારથી સર્વ સ્ત્રીયોના રૂપના

અભિમાનને ખંડન કરે તેવી બનેલી હાથમાં પુષ્પની માળા અને અગરબતી તથા ચંદન લઇને તે પ્રતિમાના જમણા હાથના કાંડા ઉપર હાથ ફેરવી કાળા રંગના દોરાને ખેંચીને તોડી નાંખ્યો; તેમ કરતાંજ જેવો પ્રતાપસિંહ હતો તેવોજ સચેતન થયો. અને નેત્ર ખુલ્લાં કરીને જ્યારે જુવે છે ત્યારે પોતાની પુજા કરનાર અને ચંદન કેસરાદિક ગંધનું ભાલ પ્રદેશમાં લેપ કરનાર વસંત કોકિલાને જોવામાં આવી.

વસંત કોકિલાને જોતાંજ બહાવરો બની ગયેલો પ્રતાપસિંહ બોલી ઉઠયો કે અરે શું વસંતકોકિલા ? અરે પ્યારી વસંતકોકિલા ધન્ય છે મારા જીવતરને કે આજ હું નવિન જન્મ પામ્યો. આજે મને ગયેલાં ચક્ષુ પાછાં મળ્યાં. અરે ! મને એજ આશ્ચર્ય થાય છે કે તમે અહિયાં કયાંથી ? આજે જે આનંદ મને થયો છે તેવો આનંદ કદી પણ મારી જીંદગીમાં થવાનો નથી; તમારા વિયોગથી હું અધીં બળી ગયેલો હતો. પણ જ્યારે મેં આ પ્રદેશમાં એક ધવ્વલ શિલાતલ ઉપર રૂમાલ અને તમારી સુવર્ણની દાબડી તે ઉપર પડી રહેલી મારા હાથમાં આવવાથી જોઇ ત્યારે હું છેક અધિરો અને ચિંતા રૂપી અગ્નીમાં બળ્યો ઝળ્યો થઇ ગયો હતો. મને રાત્ર દિવસ નિદ્રા આવતી નહોતી, અને તમે આ પ્રદેશમાં આવ્યા છો, તેવી સાબીતી રૂમાલ અને દાબડી તથા તેમાં તમારૂં અને મારૂં ચિત્ર હોવા ઉપરથી થઇ હતી. સબબ તેથી મારૂં હૃદય ઉથલપાથલ થઇ રહ્યું હતું. હું તમારી શોધ કરવાને માટેજ જંગલમાં આમતેમ ભટકતો હતો પણ વસંતકોકિલા ! આજે તમારા દિદાર જોઇને હું પાવન થયો છું.

આ પ્રમાણે કહીને જરાકવાર પ્રતાપરૂદ્ર અચકે છે અને વિશેષ બીજુ કંઇ કહેવાને શરૂવાત કરે છે એટલામાં સઘળી પરીયોનો નાયક તુંગભદ્ર બોલી ઉઠયો કે કૃપાસિંધુ ! આ પવિત્ર બાઇ સાહેબે આપનો ઉદ્ધાર કર્યો છે તેના માટે તે બાઇ સાહેબનો હું મોટો ઉપકાર માનું છું !

હેં હેં, તમે શું કહો છો ? શું મારા ઉપર પ્યાર રાખનારી વિરાંગનાએ મારો ઉદ્ધાર કર્યો ! પ્રતાપસિંહે ઉત્તર આપ્યો.

હાજી. એ બાઇ સાહેબ ન હોત તો આપની જીંદગી પથ્થરની પ્રતીમા દ્વારાએ સેંકડો વરસ સુધી આ પ્રદેશમાં રહેત, અને પરિણામે શું થાત તેના માટે કંઇજ કહી શકાય નહીં. આ પ્રમાણે આપની બનેલી સ્થિતિનો ફેરફાર કરનાર અને આપને પુનર્જીવન બક્ષિસ કરનાર આ મહાત્મા અત્યારે વિરાજમાન થયેલાં સાક્ષાત

દેવી છે, અને જેમને આપ મારી પ્યારી, વસંતકોકિલા એવા નામથી બોલાવો છો તે એજ દેવી આપનું ભલું કરનાર છે એમ અમે સઘળાં પ્રતિજ્ઞાપુર્વક કહીયે છીએ, એ પ્રકારે તુંગભદ્રે નજરે જોયેલી વાત જાહેર કરી.

અરે હાય હું કમનસિબ માણુસ કોના સપાટામાં આવી ગયો ! હાં હાં, હવે મને યાદ આવે છે કે એક બ્રાહ્મણ મને મળ્યો હતો. તેણે મને ઉત્તમ સિક્ષણ આપીને કહેવા લાગ્યો કે તમે કૃષ્ણાંબરીનો જે વધ કર્યો છે તેથી તમારા ઉપર બીજું વિઘ્ન આવવાનો સંભવ છે. કેમકે તેની એક બેહેન છે તે કૃષ્ણાંબરી જેવીજ માહા જાદુવારી, નિષ્ઠુર, કપટી, અને કુટિલ છે; માટે તેથી બહુ સાવચેત રેહેજો. વળી કદાચ તમે બોળાઇ જાઓ તો તમારા રક્ષણ માટે હું રક્ષાની રાખડી બાંધું છું. એમ કહીને તેણે મારા જમણા હાથના કાંડા ઉપર રાખડી બાંધી; જે વખતે રાખડી બાંધી ત્યારથી પછી શું થયું ! તે હું કંઇજ જાણતો નથી; પણ પ્યારા તુંગભદ્રના કહેવાથી મારી સ્થિતિ પથ્થરની પ્રતિમારૂપે જ્યારે થઇ ગઇ અને તેને આજકાલ પાંચ કિંવા છ દીવસ થયા છે તે ઉપરથી હવે મને ખાત્રી થાય છે કે તે બ્રાહ્મણ નહોતો પણ કૃષ્ણાંબરીની બેહેન જાદુખોરીણી બ્રાહ્મણનો વેશ ધારણ કરીને આવેલી હશે; અને તેના જાદુ પ્રભાવથી હું પથ્થરની પ્રતિમા બની ગયેલો હોવો જોઇયે. અહા ! તે કૃષ્ણાંબરીના જાદુ પ્રયોગથી ઘણા કાળસુધી તમે તુંગભદ્ર પક્ષીની સ્થિતિમાં દીવસ વ્યતિત કર્યા તો પછી તેની બેહેનના દ્વેશ ભરેલા કીનાથી મારી આવી સ્થિતિ બને તેમાં કાંઇજ આશ્ચર્ય નથી; તેણે પોતાની બેહેનનું વૈર વાળ્યું એમ કહીયે તો ચાલે. યદ્યપિ પ્યારી વસંત કોકિલાના પ્રયોગ બળથી હું શી રીતે પથ્થર છતાં ચૈતન્યમાં આવી ગયો તેના માટે મારા મનમાં ઘણુંજ આશ્ચર્ય લાગે છે. આહાહા ! તેમણે મને સ્વર્ગમાંથી પાછો બોલાવ્યો છે, તેમણે મને સુકાઈ ગએલાને લીલો કર્યો છે, તેમણે મને મારા જિંદગીનું ટેક રાખવાને ખરેખરી નોંખ સાચવી છે. અને તેમણે મારૂં સર્વસ્વ પણ રાખ્યું છે તે સમગ્ર ઉપકાર હું કદી પણ ભુલવાનો નથી. આ પ્રમાણે જ્યારે પ્રતાપરૂદ્રે કહ્યું તે વખતે વસંતકોકિલાએ ઉત્તર આપ્યો કે આપની નેક નોકરી બજાવવી એ મારૂં કર્તવ્ય છે, અને તેટલાજ માટે આપની શેવા બજાવવાને આ કિંકરી આપના સન્મુખ ઉભી રહી છે.

રાજકુમારી વસંતકોકિલાના શુદ્ધ હૃદયના શબ્દો જે કે કેવળ રાજ્ય વૈભવની સત્તા ઉપર બેપરવા રાખીને નમ્ર વાણીના હતા. તે શબ્દો સાંભળીને પ્રતાપરૂદ્રનું હૃદય મીણની માફક પીગલાઇ ગયું, તેના

નેત્રમાંથી આંસુની ધરાઓ છુટવા લાગી, તે વખતે હાથમાં રૂમાલ લઇને વસંતકોકિલાએ પ્રતાપરૂદ્રનાં આંસુ લુછી નાખ્યાં. અને તે સાથે વસંતકોકિલાએ કહ્યું કે આ તુંગભદ્રની આપના પ્રત્યે પ્રેમ ભક્તી હતી તેના માટે મને ઘણો સંતોષ થયો છે; કેમકે તેમણે તમારા ઉપકારનો બદલો કદી પણ વિસર્યો નથી. વળી તેમણે તમારી પ્રતિમાની પુજા ઇષ્ટદેવ પ્રમાણે કરી છે; હવે આપણે આ નિર્જન સ્થાનમાંથી ખસીને કોઇ અવાસમાં જઇને નિરૃત્તિથી ઠરીયે તો ઠીક.

વસંતકોકિલાનું વચન સાંભળી ગદગદ કંઠથી પ્રતાપરૂદ્ર કહેવા લાગ્યો કે તેની બેહેનનો ભય આપણે માથે જાથુ રહેલો છે; માટે હવે ફરીથી કેવો પરીણામ થશે તેના માટે મારા હૃદયમાં ઘણી ચિંતા રહે છે. જે કામ મેં ધાર્યું છે તે કામ પાર પાડવાને માટે હવે ફક્ત ત્રીસજ દીવસ બાકી રહ્યા છે; છતાં તે મુદતમાં જ્યારે અનાયાસ આ પ્રમાણે તે દુષ્ટા તરફથી વિપત્તિ આવી પડે તો મારૂં પણ નકામું જાય, મારી કીર્તિ જાય; છતાં જ્યારે કીર્તિ ઘટી, ત્યારે તે માણસ જીવતો છતાં મરણ પામ્યા જેવો જાણવો. સબબ આ પ્રકારે મારા મનમાં અનેક તર્કવિતર્ક થયાં કરે છે. આ પ્રમાણે કહીને તે પ્રતાપરૂદ્ર ઉભો થયો.

આ પ્રમાણે પરસ્પર વાતનો અંત આવ્યા પછી કેટલીક પરીયો અને તેના નાયક તુંગભદ્ર ઉભો થયો, અને પ્રતાપરૂદ્ર તથા વસંતકોકિલાને લઇને તુંગભદ્ર પોતાના મિત્રના અવાસ ભણી ઘણા આનંદમાં મસ્ત થએલા ચાલ્યા, તેઓ બપોર થતા પેહેલાં તે સ્થાનમાં પ્રવેશ કરીને નિરૃત્તથી બેઠા. પછી અનેક પ્રકારનાં સ્વાદીષ્ટ ભોજન કરીને આરામ લીધો. ત્યાર બાદ રાત્રી પડવાથી. તે મકાનના સુંદિર વિભાગમાં પ્રતાપરૂદ્ર તથા વસંતકોકિલા તથા તુંગભદ્ર અને બીજી પાંચ સાત અપ્સરાઓ વિગેરે બેઠાં. અને તે સમયે ગાયન વિગેરેની ગમત કેટલીક વખત ચાલુ રહી.

પ્રકરણ ૬ ઠું.

આશ્ચર્ય પામેલો પ્રતાતરૂદ્ર
અને
વસંતકોકિલાના આગમનનું વર્ણન.

ગાયન થઇ રહ્યા પછી પ્રતાપરૂદ્રે સમસ્ત મંડળ સમક્ષ વસંતકોકિલા પ્રત્યે પ્રશ્ન કર્યો કે, તમે ભદ્રમંડળમાંથી આ અગમ્ય સ્થાનમાં શી રીતે આવી શક્યાં ! કેમકે આ સ્થાનમાં હું કેવી ! મુસીબતથી

તથા કેવા પ્રકારના સાધનથી હું આવી શક્યો છું તેનો જે મને અનુભવ છે. તે અનુભવદ્વારાએ હું પુછું છું કે અત્રે આવવાને તમને આશ્ચર્ય પમાડે તેવું કયું સાધન મળી શક્યું ? વળી હું પથ્થરની પ્રતિમા બની ગયેલાને પુનર્જીવન કર્યો, તેવું સામર્થ્ય શી રીતે પ્રગટ થયું ? અહાહા ! મને એજ આશ્ચર્ય થાય છે કે, તમે જે અહીં સુધી પ્રવેશ કર્યો છે તેના માટે વિચાર કરવાને મને કોઈ પણ રીતથી માર્ગ જડતો નથી; માટે તમે આ સઘળા સમક્ષ એ વાતની શરૂવાત કરશો તો તેમાં અમને સંપુર્ણ રસ પ્રાપ્ત થશે.

વસંતકોકિલાએ પ્રતાપરૂદ્રપ્રત્યે તથા સમગ્ર સભામાં વાતની શરૂવાત કરી કે, શુરવીર સરદાર ! જે વખતે આપ મુખ્ય કાર્ય યોજવાને માટે ઘોડાપર સ્વાર થઇને નિકળ્યા, અને આપનાં દર્શન ઝરોખામાં હું ઉભી રહીને કર્યા તથા તે વખતે મ્હેં આપને અંતઃકરણપુર્વક ચાર શબ્દો કહ્યા. તે વખત હું આપના પવિત્ર દીદારનાં દર્શન કરીને રાજ્યભુવનના મારા ખાનગી અવાસમાં ચાલી ગઇ. આપ તો સત્વરથી રસ્તો કાપવા લાગ્યા, પણ મને આપના વિના એક ક્ષણ પણ ચેન પડયું નહીં. આપ તો પ્રાતઃકાળમાં કાર્ય માટે નીકળી પડયા, પણ તે પછી હું તો આખો દીવસ મારા ખાનગી અવાસમાં આમતેમ ફરવા લાગી હતી. મારી બેહેનપણી તથા સખીયો જે કંઇ મારી સાથે વાત કરે તે તમામ કંટાળો ઉપજે તેવી લાગી. પ્યારા સરદાર ! આપે મારો બચાવ જે અગમ્ય ગુફામાંથી કર્યો હતો, તે તે વખતે મને વારંવાર યાદ આવવા લાગ્યું. આપે જે ઉપકાર કર્યો તે ઉપકારનો બદલો હું કેવી રીતે વાળી શકું ? કેમકે તેટલું શૌર્યબળ કિંવા તેટલી સત્તા ઇશ્વરે મને બક્ષીસ કરી નથી, પણ તેના બદલામાં મેં આપને તનમન અને ધનથી પ્રાણપતિ માની લીધા હતા, તેથી તેના પ્રમાણમાં મારૂં જન્મારાનું હીત કેવી રીતે સાચવવું જોઇયે, જે આપે કામ મનમાં ચિંતવ્યું છે તે કેવું વિકટ છે ? અને તેમાં કેવો પરીણામ આવશે ? તથા તે કામ કરવાને કોઇ પણ આધાર નથી; છતાં સઘળી જીંદગી રાજ્ય માટે નિમકહલાલીના ખરાપણાના ચક્રમાં અથડાઇને જ્યારે પોતાના દેહનો નાશ કરો ત્યારે આ દીનબાળાની કેવી સ્થીતી ? આ પ્રમાણે વિચાર કરીને જ્યાં પતિ દુઃખી હોય ત્યાં સ્રીયે પણ દુઃખ ભોગવવું જોઇયે. એમ કરીને આપને પહોંચી વળવાને માટે આપના ગયા પછી આખો દીવસ વ્યતિત કરીને રાત્રીના બાર વાગ્યા પછી મર્દનો પોશાક ધારણ કરીને તથા કવચ ટોપ ઇત્યાદીક શસ્ત્ર અસ્ત્ર સજીને અને અશ્વ ઉપર બેસીને હું રાત્રીએ તે ભદ્ર મંડળીને નમસ્કાર કરીને નીકળી પડી. પણ રાત્રીનો સમય હોવાથી

આગળ જતાં મોટા ધોરી રસ્તા ત્રણ નજરે પડયા, તે પૈકી કીયે રસ્તે જવું જોઇયે તેના માટે હું વિચાર કરવા લાગી. હું તે જગોએ કેટલીક વખત સુધી એક વૃક્ષ નીચે ઉભી રહી. પણ તે સ્થળે તેટલી રાત્રે કોણ મુસાફર નજરે પડે ! છેવટે તે ત્રણ રસ્તા પૈકી એક રસ્તો મધ્ય બાજુનો સિદ્ધ કર્યો. દર મજલ દર કોસ કાપતાં પ્રાતઃકાળ થયો. એટલે તેટલામાં તો દસ કોસ સુમારની જગો કાપી, આજુબાજુ ડુંગરાઓની ઘટ્ટ ઝાડી ભયંકર દેખાતી હતી; પણ જ્યારે સૂર્યનારાયણ ઉદય થયા એટલે વધારે રળીયામણું દેખાવા લાગ્યું; એટલામાં એક નાનુ સરખું તળાવ આવવાથી ત્યાં ઉતરીને દાતણ કરી લીધું. પછી રાત્રીનો પડેલો શ્રમ હોવાથી ત્યાં જરાક વિશ્રાંતી લીધી. તે કેવળ એકાન્ત જગો હોવાથી મેં મારાં કપડાં ઉતારીને સ્નાન કર્યું. પછી ઇશ્વરની પ્રાર્થના કરીને અને આપનું ધ્યાન ધરીને હું ત્યાંથી આગળ જવાને નીકળી, જ્યારે બીજા દસ ગાઉ કાપું છું ત્યારે બન્ને ડુંગરાઓના સાંધામાં મોટી મેહેલાતો માલુમ પડી. તેથી જાણ્યું કે કોઇ મોટું નગર હોવું જોઇયે. આ વખતે સરાસરી બપોર થવાનો વખત થયો હતો; તેથી થોડીકવાર થઇ એટલે તે નગરમાં મેં પ્રવેશ કર્યો. પણ તે નગરમાં મને કોઇ ઓળખી શકે તેમ નહોતું. તદ્યાપ કોઇ ચતુર સ્ત્રી એક મંદિરમાંથી બહાર નીકળીને આમતેમ જોયા કરતી હતી. તે સ્ત્રી છેક મારા ઘોડાની પાસે આવીને ઘોડાની લગામ હાથમાં પકડી, અને કહેવા લાગી કે સરદાર સાહેબ ! આ પવિત્ર મંદિરમાં આપ પધારો; એમ કહીને તેણીયે મારા ઘોડાની લગામ ખેંચી, એટલે મને પણ ઠીક લાગ્યું. કેમકે એક દિવસ વિશ્રાંતી લેવાની મને જરૂર હતી; તે બાઇ સાથે મેં મંદિરમાં પ્રવેશ કર્યો. તે મંદીરમાં કામકાજ કરનાર એક ઠાકરડા જેવા નોકરે મારા ઘોડાને ઓસરીમાં તાણી બાંધ્યો, અને તેને ઘાસ મુકી તથા તે ઘોડા ઉપર જે સામાન સરંજામ હતો તે તેણે ઉતારીને મંદીરમાં જ્યાં હું બેઠો હતો ત્યાં એક બાજુએ સુરક્ષિત ગોઠવ્યો; અને મને એક ઉત્તમ આસન પાથરીને ત્યાં બેસાર્યો હતો. પેલી સ્ત્રી હતી તે મંદીરના કોઇ બીજા ભાગમાં ચાલી ગઇ. થોડીવાર થઇ એટલે લગભગ પીસ્તાળીસ વરસની ઉમરવાળા એક મહાત્મા મંદીરના ઓરડામાંથી નીકળીને બાહેર આવ્યા. પછી તે પોતાના ઉંચા આસન ઉપર બેઠા, તેમણે ભગુવા રંગનો મોટો ખલકો પહેરેલો હતો, તેમના ગળામાં રૂદ્રાક્ષની માળા લટકતી હતી, તેમના કાનમાં રૂદ્રાક્ષના ત્રણ ત્રણ મણકા હતા, અને જય પરમાનંદ આનંદકંદ! એવા શબ્દો બોલીને તે આસન ઉપર બેઠા. પછી તેમને જોઇને મેં નમસ્કાર કર્યો. એટલે તેમણે બે હાથ ઉંચા કરી મને આશિર્વાદ

આપ્યો. તેમણે મને નામ ઠામ વગેરે પુછ્યું તથા કયાં જવાની ઇચ્છા રાખો છો તે વીગરે સહેજ સમાચાર પુછ્યા, એટલે મારા કામને જેમ અનુકુળ આવે તેવો તેમને તે વખતે ઉત્તર આપ્યો; પછી થોડીકજ વાર થઇ એટલે જે બાઇયે મારા ઘોડાની લગામ પકડી હતી તે બાઇ બાહેર આવીને ભોજનનો વખત થયો છે માટે પધારો એમ મને કહેવા લાગી; એટલે તે સ્વામીની આજ્ઞા લઇને હું ભોજન લેવા માટે તેમના નિયમિત સ્થાનમાં ગઇ. મેં યથાયોગ્ય ભોજન કરી લીધું. તે કામ અટપીને હું પાછો પેલા મંદિરના સ્વામી મહંત સાધુ પાસે જઇને બેઠો. પછી થોડીવાર થઇ એટલે તે નગરના રહેનાર માણુસો આવવા લાગ્યાં. ઘણા ભાગે કેટલાક વૃદ્ધ માણુસોનું ટોળું આવવા લાગ્યું. સરાસરી ચારેક વાગવાનો વખત થયો હશે એટલામાં તો દોઢસો મરદો અને પચાસ વૃદ્ધ સ્ત્રીયોનો જમાવ થઇ ગયો. મર્દનો પોશાક ધારણ કરીને આ વખતે હું પણ એક બાંજુએ બેઠી હતી. આ વખતે તે મહંત સાધુએ યોગવાસિષ્ટ અધ્યાત્મ કથાની શરૂવાત કરી, તે સાધુની ઉત્તમ કહેણી, તથા દ્રષ્ટાંત સિદ્ધાંત સાથે તેની સમજાવવાની ઉત્તમ શૈલી એવી તો અસરકારક હતી કે તે સમગ્ર માણુસો એકાગ્ર વૃત્તિથી સાંભળ્યાં કરતાં હતાં. આ વખતે તેમણે વિરાગનું પ્રકરણ ચલાવ્યું હતું. તે વિરાગવૃત્તિ સંબંધીમાં તે મહંતે જે જે દાખલા આપ્યા હતા તે દાખલા જડવસ્તુને પણ અસર થયા વિના રહે નહીં તેવા હતા. તે સઘળા વૃદ્ધ માણુસો કેવળ શ્રદ્ધાવાળા મુમુક્ષુ હતા. તે સમગ્રમાં જેમ દશરથ રાજાની સભામાં સાક્ષાત વસિષ્ટ મુનિ શોભતા હતા, તે પ્રમાણે તે મુમુક્ષુ સભામાં તે મહંત શોભતો હતો. તેની દ્રષ્ટી કેવળ નિર્વિકારી અને દયાથી તથા પરોપકારથી ભરપુર હોય તેવીજ જણાતી હતી; તેની અમૃત જેવી અસરકારક વાણી અનેક પ્રકારની ચિંતારૂપી અગ્નીને બુઝાવી નાખે તેવી હતી. આ પ્રમાણે તે અમૃત સમાન કથા દીવાબતીની શરૂવાત સુધી ચાલી, ત્યાર પછી તે અટોપી નાંખવામાં આવ્યું એટલે તુરત કેટલાક વૃદ્ધ, જુવાન અને વૃદ્ધ સ્ત્રીયો તે મહંતના ચરણમાં પોતાનું મસ્તક નમાવી નમાવીને પોતપોતાને ઘેર જવા લાગ્યા. ઘટિકા રાત્ર ગઇ એટલે તે નગર પૈકીનું કોઇ પણ માણુસ તે મંદિરમાં રહ્યું નહીં; પણ હું તો તે દીવસે એ મંદિરમાં રહેવાની હતી તેથી તેમના મિજબાન તરીકે ગણાયેલી હતી. દીપકનો પ્રકાશ મારા મુખ ઉપર પુરેપુરો હતો, તેથી તે મહંત વારંવાર આડકતરી નજરથી મારા તરફ જોયા કરતો હતો. આ વખતે મંદિરનું દ્વાર બંધ કરી દેવામાં આવ્યું હતું. પછી તે મહંતે મારા તરફ નજર કરીને પ્રશ્ન

કર્યો કે આ વખતે એકાંત છે; માટે પોતાના મનમાં જે હકીકતો રમતી હોય તે હકીકતનો ભેદ જ્ઞાની લોકોથી છુપો રાખવો નહીં; કેમકે જ્ઞાની સત્સંગથી સારા ખુલાસા મળી શકે છે. કેમ ખરૂં કે નહીં ? આ પ્રમાણે મારા સામું જોઇને ઉચ્ચાર કર્યો; ભેદ ભરેલા શબ્દો એવા હતા કે તે બોલેલા શબ્દોના જેટલા અર્થ કરવા ધારીયે તેટલા થાય તેમ હતું. તેથી મેં કહ્યું કે માહારાજ ! હું આપનું બોલવું સમજી શકયો નથી.

મહારાજે કહ્યું કે, તમે જે કહો છો કે હું સમજી શકયો નથી, પણ તે શબ્દ બોલવાને બદલે તમે મને એમજ કહો કે હું સમજી શકી નથી ! !

ત્યારે મેં કહ્યું કે અરે મહારાજ ! હું નરજાતિ છતાં નારી જાતીના શબ્દો શા માટે વાપરૂં ?

માહારાજે ઉત્તર આપ્યો કે જેઓનામાં છુપો ભેદ બાહેર પાડવા નહીં દેવા રૂપ હૃદયમાં કપટ છે તે નર હોય તોપણ આ મંદીરમાં નારી થઇ જાય છે. અને નિખાલસ વૃત્તિવાળા સત્યવક્તાઓ છે તે હમેશાંને માટે શૂર મર્દ નર સ્થિતિમાં રહે છે. કેમ ખરૂં કે નહીં ?

જ્યારે ભેદ ભરેલા શબ્દો આ પ્રમાણે મારા પ્રત્યે વાપર્યા ત્યારે જો કે મેં નામ ઠામ અને ઠેકાણું તેને ચોક્કસ બતાવ્યું નહોતું, તોપણ હું મર્દ સ્વાંગ ધારણ કરનારને તેણે સ્ત્રી છે એમ ઓળખી કાઢયું. તેના માટે મારા મનમાં ઘણું આશ્ચર્ય લાગ્યું. અને તેના માટે મારે શો ઉત્તર આપવો જોઇએ ! તે સંબંધી જ્યાં હું વિચાર કરૂં છું એટલામાં જે સ્ત્રીએ મારા ઘોડાની લગામ પકડી હતી તે નવ યૌવના સ્ત્રી સોળે શૃંગાર ધારણ કરીને જમવાને માટે ત્રણ મોટા થાળ લાવીને ત્યાંજ મુકી દીધા, અને ચાંદીની સુરાહીમાં ઉત્તમ પ્રકારનો દ્રાક્ષનો દારૂ તથા તે સાથે ત્રણ સુવર્ણની પ્યાલીયો લાવીને ગોઠવી દીધી. આ વિચિત્ર તમાસો જોઇને તો મારી અક્કલ બ્હેર મારી ગઇ; અને હું શાન્ત થઇને તે સમગ્ર વસ્તુને ટગર ટગર જોવા લાગી. એટલામાં મહંત બાવાએ મને કહ્યું કે રસીલી સુંદરી ! આજ તમે આ મંદિરમાં પગ મુકી પવિત્ર કીધું છે. આજ તમારા કમળ જેવા હાથથીજ મધપાત્ર લેવું છે, અને આજ તમારી મધુર વાણીનો વિલાસ સાંભળીને મારે આનંદ મેળવવાનો છે. માટે હવે સર્વ પ્રકારનો ભેદ મુકી દઇને અને આ મર્દનો પોશાક હાલ દુર કરીને સ્ત્રીનો પોશાક પેહેરો કે જેથી તમારૂ મનોહર સ્વરૂપ જોઇને મારાં નેત્ર ઠરે.

મહંતે જ્યારે આ પ્રમાણે કહ્યું અને મારા સ્હામે ટગર ટગર જોયાં કર્યું તે વખતે મેં પ્રશ્ન કર્યો કે તમે ત્યાગી પુરૂષ છતાં તમારૂં

હૃદય આવી પરિક્ષા લેવામાં અને નિદાન કરવામાં શા માટે સામેલ થાય છે ? તમે શા ઉપરથી જાણ્યું કે હું સ્ત્રી છું !

જેવી રીતે ઝવેરી ઝવેરની પરિક્ષા કરે છે, તથા જેવી રીતે અશ્વની પરિક્ષા પરીક્ષકો કરે છે તથા જેવી રીતે જળમાં મિશ્રિત થએલું દુધ હંસ શુદ્ધ કરીને ગ્રહણ કરે છે તેવી રીતે તમારી પરિક્ષા મ્હેં કરી છે; તેથી મારી સાધુત્વતાને ઐબ લાગતી નથી; તમે યોગવાસિષ્ટ સાંભળ્યુંજ હશે. અને અદ્વૈતજ્ઞાન પણ જ્ઞાનીયોના વચનોથી પ્રાપ્ત થયું હશે તો પવિત્ર આત્માને કોઇ પણ ઉપાધી લાગુ થતી નથી, માટે તમે ખોટું નહીં લગાડતાં સત્ય બોલશો તો તમારી વાત અહિયાંથી બીજે કાંઇ જવાની નથી; એમ સાધુએ ઉત્તર આપ્યો.

તેજ વખતે મ્હેં કહ્યું કે હું યોગ્ય વરને વરવાની ઇચ્છા રાખું છું માટે હું પુરૂષનો લિબ્બાસ પેહેરીને ફરૂં છું.

સાબાશ સાબાશ, સત્યની બલિહારી ન્યારી છે. હવે કદાચ સ્ત્રીનો સોંગ બદલો કિંવા નહિ બદલો તો તેની ચિંતા નથી પણ ભોજનનું થવા દો. એમ કહીને તે મહંતે દેવીનો મંત્ર ભણીને મારા હાથમાં મદ્યનું પાત્ર આપ્યું તેથી મ્હારે તેમ કરવું પડયું અને ભોજન લેવાની પણ શરૂવાત થવા માંડી. મ્હેં મારી મરજીમાં આવે તે પ્રમાણે મદ્ય લીધું. ત્યારે મહંત મહારાજે અને પેલી તરૂણ સ્ત્રીએ તો છેક મસ્ત બનિ જાય તેટલો મદ્ય લઇને પરસ્પર એક બીજાના મુખમાં ગ્રાસ મુકવા લાગ્યાં. આ બનાવ જોઇને તો મને ઘણું આશ્ચર્ય લાગ્યું, અને મારા મનમાં હું ઘણુંજ મુંઝાવા લાગી, તથા તે વખતે મને જુદી જુદી કલ્પનાઓ થવા લાગી. જે સાધુ અદ્વૈતજ્ઞાનનો બોધ કરીને ષડવિકાર ઇત્યાદિકને જીતીને અંતઃકરણને સ્વચ્છ રાખવા મનોનિગ્રહનો ધર્મ બતાવે છે તથા જે કામ વિકારરૂપી માહાયોદ્ધાને જીતવાને અનેક યુક્તિયો અને દાખલા આપીને વૃદ્ધ પુરૂષોના હૃદયને આનંદ આપે છે તથા ઉત્તમ બોધ આપીને પોતાની મહત્તા જણાવે છે તે સાધુ અત્યારે પરસ્ત્રી લંપટ બની ગયેલો વિષયી જોવામાં આવે છે. વળી માદક પદાર્થનું સેવન કરીને પરાઇ સ્ત્રીનું મન વિહ્વળ કરવાને પ્રયત્ન કરે છે તથા વિકારને વશ થવાથી આત્માને કંઇજ દોષ નથી તેવા દાખલા આપે છે તે કેવો સાધુ ! અરે રામ રામ ! આ સાધુ માત્ર નાટકી વેશ ભજાવનારો જણાય છે. કહ્યું છે કે "ઉપરકી નીકી બની ઔર ભીતરકી રામ જાને" ચાલો ગમે તેમ હોય પણ હવે શું બને છે તે પુરેપુરૂં જોવામાં આવશે. આવા ખળ સાધુને આ નગરના લોકોએ જાણ્યો હોત તો તે બિચારા શ્રદ્ધા રાખનાર વૃદ્ધ માણસો કદી પણ આ સ્થાનમાં પગ મુકત નહીં.

જે વારે તે સાધુ ખરેખર માદક પદાર્થથી મસ્ત બની ગયો તે વખતે ઘણાજ પ્રસન્ન વદનથી મને કહેવા લાગ્યો કે તમે કેવો વર પસંદ કરો છો ? એ વખતે મેં ઉત્તર આપ્યો કે જે શુરવીર અને પરાક્રમી હોય તેને પસંદ કરૂં છું.–પછી સાધુએ કહ્યું કે જેટલા લક્ષણો શુરવીરના અને પરાક્રમીના આપ જોવા માગતા હશો તો મારામાં તેટલા ગુણ છે. તમે તો અત્યારે મારા મિજબાન છો તેથી તમારી સેવા ઉઠાવવાને હું લાયક છું. પણ જો કે તમે ક્ષત્રી છો તો હું પણ અત્યારે તમને ખાનગી જણાવું છું કે હું જીનદેશના રાજાનો ભાઇ છું; પણ કેટલાક રાજ્ય પ્રપંચના કારણથી આ વેશથી હું આ મઠમાં મહંત બનીને બેઠો છું. મેં યુદ્ધમાં ઘણી બાહાદુરી મેળવી છે, વળી ગહન ડુંગરાઓ અને પર્વતોની ખીણમાં સિંહની સાથે યુદ્ધ કરીને ક્રૂર પ્રાણીની પાયમાલી કરી નાખી છે. મારા હાથથી તલવારના જેને ઝટકા લાગ્યા છે તેઓ યાદ કરે છે અને અત્યારે હું કયાં છું ? તે તેઓ જાણી શકતા નથી; પણ જો તે જાણી શકત તો ખુદ મારો ભાઇ મને મળવા સારૂ આ તરફ આવ્યા વિના રહે નહીં. આટલી વાત તમને કરવાનો મારો હેતુ એજ છે કે જો કદાચ તમે યોગ્યવર જોવાની ઇચ્છા રાખતાં હો તો હું રાજબીજ છું. જો તમારે ખાત્રી કરવી હોય તો જીન પ્રદેશમાં જઇને આ સ્થળ નહીં બતાવતાં એટલુંજ કહેવું કે રાજેંદ્ર વીરોચન કયાં છે ! એટલું કહેતાં સાથે તમને તમામ ખુલાસો માલુમ પડશે.

આ પ્રમાણે જ્યારે તે સાધુના મુખથી આ હકીકત સાંભળી ત્યારે હું મારા હૃદયમાં ચમકી ઉઠી; કેમકે જીન પ્રદેશના રાજાનો પુત્ર વરરૂચીયે મને જે દગો દીધો હતો તે હકીકત આપના જાણવામાંજ છે; જ્યારે તે જીન પ્રદેશના રાજાનો ભાઇ નીકળ્યો ત્યારે મને સાવચેત રહેવાની બહુ જરૂર પડી અને કેટલીક ખાત્રી કરવાને મેં આડકતરો પ્રશ્ન પુછ્યો કે–મારા સાંભળવામાં ઘણી મુદત ઉપર એમ આવ્યું છે કે જીન પ્રદેશના રાજાએ કોઇક રાજ્યની કન્યાનું હરણ કર્યું છે. તે વાત શું ખરી છે ?

સાધુએ ઉત્તર આપ્યો કે ગાંધર્વ પ્રદેશના ભદ્રમંડલ નગરના રાજા ધનંજયની બેહેન સુલોચનાનું હરણ તેમણે કર્યું છે. અને તેટલા માટે જીન પ્રદેશ સાથે ગાંધર્વ રાજા વૈર રાખે છે. વળી જીન પ્રદેશના રાજાનો પુત્ર વરરૂચી જે કે મારો ભત્રિજો થાય તેણે તે ભદ્રમંડલના રાજા ધનંજયની પુત્રિ વસંતકોકીલાનું હરણ કર્યું હતું અને કોઇક જગોએ તેને છુપી રાખી હતી; પણ પાછળથી મારા જાણવામાં આવ્યું

છે કે તે રાજ્ય કન્યાને તેના રાજ્યના કોઇ દીવાનની મદદ મળવાથી છુટી છે અને તે સાથે વરરૂચી જે કે મારો ભત્રિજો છે તે પણ તે ભદ્રમંડલમાં નજરકેદ તરીકે રહેલો છે. અને તેમ થયાનો પત્ર તે રાજાનો ઉજ્જૈન પ્રદેશમાં આવી પહોંચ્યો છે. અને તેનેછોડાવવાને માટે ભારે સૈન્યા સજ્જ કરવાની અને તે ગંધર્વ રાજ્ય ઉપર ચઢાઇ કરવાની તૈયારી થઇ રહી છે. એમ હમણાં મારા સાંભળવામાં આવ્યું છે. આ પ્રમાણે જ્યારે તે યોગીએ કહ્યું ત્યારે મને ખાત્રી થઇ કે તે ઉજ્જૈનપ્રદેશના રાજાનો ભાઇ થાય છે. તેથી મેં મારો ભેદ જે આગળથી છુપાવી રાખ્યો હતો તે મેં ઠીક કર્યું એમ પછીથી મેં માની લીધું. પણ તે વખતે મારા મનમાં કોનો રહી ગયો કે આ માણસ મારા પિતાનો શત્રુ છે. વળી ઘણું સારૂં થયું કે હું અમુક છું એમ કહ્યું નથી. માટે હવે યોગ્ય તક સાધી લેવી જોઇએ. એમ ધારીને તેની જેટલી મેં વાત સાંભળી તે જાણીને હું ચુપ રહી, અને જ્યારે હું બોલી નહિ ત્યારે તેણે ફરીથી વાત ઉસ્કેરી કે તમે શા વિચારમાં ફસાયાં છો ? જ્યારે તમે યોગ્ય વર જોવાની ઇચ્છા રાખતા હો તો આ સ્થળ કેવળ સ્વતંત્ર અને રાજ્ય વૈભવ જેવો છે; સાધુપદ એ રાજ્ય વૈભવ કરતાં ચઢે છે. રાજાઓને તો અનેક પ્રકારની પીડાઓ સહન કરવી પડે છે; અને આ સ્થળમાં તો કેવળ આનંદ, નિશ્ચિંત અને નિવૃત્તિ શિવાય બીજું કંઇ છેજ નહીં. વળી મનમાં આવે તેમ રાત્રીને વિષે મજાહ ભોગવો; છતાં તેમાં કોઇ આડે આવતું નથી. માટે તમે સઘળી આળપંપાળ મુકી દઇને જો આ સ્થાનમાં ઘણા કાળ સુધી વખત ગાળશો તો આપણુ બન્નેનું સુખ સ્વર્ગ કરતાં પણ વધારે છે, એમ તમને ખાત્રી થયા શિવાય નહિ રહે જુવો અત્રે કેવો આનંદનો બાગ અંતઃકરણમાં ખીલી રહ્યો છે. હું તો મારા મનના સત્ય વિચાર તમને જણાવું છું. કેમ ? તમારી શી વૃત્તિ છે?

આ પ્રમાણે જ્યારે તે બાવાએ મને કહ્યું ત્યારે મેં સુલભ રસ્તો યુક્તિ સાથે ખોળી કાઢયો, અને ઉત્તર આપ્યો કે જ્યારે તમે રાજવંશી છો ? ત્યારે તમે અશ્વ ઉપર બેશીને મારી સાથે ડુંગરાઓની ખીણુમાં ચાલો અને સીંહની સાથ યુદ્ધ કરીને એકજ તલવારના ફટકાથી તેને જમીન ઉપર પાડશો. એટલે એજ વખતે આપની સાથે મારાં લગ્ન થઇ ચુક્યાં એમ હું કબુલ થઇશ.

આ પ્રમાણે કરવાને તે બાવાએ આવતી કાલે અહીંથી નીકળીને કરવાની કબુલત આપી; રાત્રીએ મને જુદો અવાસ આપવાથી હું તેમાં સુઇ રહી. પછી પ્રાતઃકાળમાં શૌચ તથા દાતણ કરી ને અને સ્નાન

ધ્યાનથી અટપીને તથા કેટલોક ખોરાક લઇને તૈયારી કરી. મેં લોહ કવચ તથા ટોપ ધારણ કરી લીધો, અને મર્દ વસ્ત્ર જે પ્રકારે પેહેરતી હતી તે પ્રકારે પેહેરી લીધાં, તથા ઢાલ તલવાર તથા શરીયાનો ભાથો અને કબાંન ખભા ઉપર ભરાવી દીધું. તેજ પ્રમાણે બાવાએ પણ તૈયારી કરી તેની પાસે લોઢાનું કવચ તથા ટોપ નહોતો તેથી વસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઇને અશ્વ ઉપર બેઠો. અમે બન્ને બપોર પછી જંગલમાં નીકળી પડયાં. સાયંકાળ થયો ત્યારે ભયાનક જંગલમાં આવી પહોંચ્યાં. છેક નીચાણમાં નદી વેહેતી હતી, તેથી સાંજની વખતે પાણી પીવા સારૂ ડુંગરની ખીણમાંથી કોઇ પણ ક્રૂર પ્રાણી તે તરફ આવશે એવી આશાથી એક ઝાડની નીચે લપાઇને તે બાવો બેઠો. હું પણ તેની જોડેજ તમાસો જોવા બેઠી હતી. થોડીકવાર થઇ એટલે એક કદ્દાવર સીંહ પાણી પીવા સારૂ આવી પહોંચ્યો. આ વખતે સાંજના પાંચ વાગ્યાનો વખત હતો; તેથી સૂર્યનું જોઇયે તેટલું અજવાળું હતું. બરાબર લાગ જોઇને તે બાવાએ હાથમાં ખુલ્લી તલવાર પકડી અને સીંહ ઉપર ધસ્યો જેવો તે બાવો સીંહ ઉપર ધસીને તે તરફ દોડવા જાય છે તેવો તુરતજ મેં કાન સુધી કમાન ખેંચીને અને તેમાં તીર ભરાવીને તેના વાંસામાં સુસવાટા કરતું એવું તો બાણ માર્યું કે તેથી તે ઝખમી થઇને સીંહ ઉપર ઉથલી પડયો. જ્યારે આમ બન્યું ત્યારે સિંહે જાણ્યું કે મને અનાયાસ ભક્ષ મળ્યું છે એમ ધારીને તે બાવાની ગર્દન પકડીને ડુંગરાની ઉંડી ખોહમાં ચાલતો થયો. હું સર્વ પ્રકારની તૈયારી કરીનેજ આવી હતી. આ પ્રકારે શત્રુનો નાશ કરીને હું ત્યાંથી ઘણા વેગથી ઘોડાને ગતી આપી મુસાફરી કરવા લાગી. ત્યારે સરાસરી પાંચકોસ જ્યારે આવી ત્યારે ભીલ લોકોની છુટી છુટી ઝુંપડીવાળું નાનું ગામ ડુંગરાઓના ટેકરા ઉપર હતું ત્યાં આવી પહોંચી અને તે ગામમાં મેં રાતવાસો કર્યો. મને કોઇ અમીર સમજીને ત્યાંના મુખી મતાદારોએ મારો સત્કાર સારો કર્યો.

પ્રકરણ ૭ મું.

પછી હું કૃત્યાઓના સપાટામાં સપડાઇ.

તે ગામમાં રાતવાસો કરીને હું પ્રાતઃકાળે ત્યાંથી નીકળી, આગળ જતાં બે રસ્તા મોટા ડુંગરાઓની હારાવળી તરફ જણાયાં. તે જોઇને હું ખમચાઇ ગઇ, પણ વિચાર કર્યો કે જ્યારે રસ્તા છે ત્યારે તે રસ્તે આગળ જવાને માટે કોઇ પણ નગર આવવું જોઇયે.

એવો અનુમાન કરીને જમણા હાથનો રસ્તો મેં પસંદ કર્યો, અને પ્રયાણ કર્યું. મેં મારી સાથે એક પીતળના ડાબડામાં ખાવાનું ભાથુ રાખીને હડફીમાં રાખી મુક્યું હતું. તેથી જ્યારે બપોર થવાનો વખત થયો ત્યારે કોઇ જળાશય આગળ વિશ્રાંતી લઇને થોડુક ખાઇ લીધું. અને તે નિર્જન સ્થાન હતું તેથી ત્યાં સ્નાન પણ કરી લીધું. થોડીકવાર ત્યાં ટકી, પછી જ્યારે પશ્ચિમ બાજુએ સૂર્ય નમ્યો તે વખતે ત્યાંથી આગળ ચાલવા માંડયું. પણ કેમે કર્યું ગામ કિંવા નગર કિંવા કોઇ વસ્તીવાળો પ્રદેશ બિલકુલ જોવામાં આવ્યો નહીં. તેથી મારા મનમાં ઘણી ચિંતા થવા લાગી. જે રસ્તો પકડયો હતો તે રસ્તો આગળ જતાં બીલકુલ જણાયો નહીં. તેથી તે રસ્તો ખોટો છે એમ હવે મને ખાત્રી થઇ. પણ હવે શું કરવું ? તેની મને સુઝ પડી નહીં; ત્યાંથી પાછું ફરવાને પણ યોગ્ય તક રહ્યો નહીં; કેમકે તે વખતે સાયંકાળ થયો હતો; તેથી મારા હૃદયમાં કોઇ પણ પ્રકારની ધીરજ રહી નહીં. ગમે તેમ થાઓ એમ વિચાર કરીને તથા મારા કર્તવ્યને ઇશ્વર આધિન રાખીને મેં આગળ ચાલવાને શરૂવાત કરી. બે કોસ લગી જ્યારે આગળ ગઇ ત્યારે પશ્ચિમ બાજુએ સૂર્ય છેક નમી પડયો. મોટા પર્વતોની પાછળ સૂર્ય દેવ ઉતરી પડયા તેથી તે કીરણોનો માત્ર ઉજવળ પ્રકાશ ઝાંખો જણાવા લાગ્યો. તેથી હવે મ્હારે રાત્રે ક્યાં વિશ્રાંતી કરવી ? તેના માટે ચારે બાજું હું જોતી હતી; પણ મને કોઇ સ્થળ પસંદ પડયું નહીં, આ વખતે ઇશ્વરની પ્રાર્થના કરી. મારા જીવનનું રક્ષણ કરનાર તુંજ છે એ પ્રકારે હું સ્તુતિ કરતી હતી, અને ઘોડાને સત્વરથી ચલાવતી હતી, એટલામાં ઇશ્વરની કૃપાથી ચારે બાજુ ડુંગરાઓની મધ્યમાં મોટું વિસ્તારવાળું સમુદ્ર જેવું સરોવર મારી નજરે પડયું. તે જોઇને મને આનંદ થયો. તુરતજ તે સરોવરની ઉંચી પાળ ઉપર ગઇ, અને તુરત ઘોડા ઉપરથી ઉતરી પડી. આ વખતે અંધારૂ થવાની શરૂવાત હતી. સાધારણ પ્રકાશ હતો તેથી ઘોડાના રક્ષણ માટે હું પ્રથમ સગવડમાં ગુંથાઇ. તે સગવડ એક ઓરડીના મોટા જાળાની મધ્યમાં માગ હતો તેમાં કરીને મારા ઘોડાને બાંધી દીધો અને જાળાનું બાખુ ઝાંખરાંથી પુરી દીધું. પછી હું તેની પાસે સરોવરના કીનારા ઉપર એક લીમડાનું ઝાડ હતું તે ઉપર યુક્તિથી ચઢી ગઇ. એક ડાળની બન્ને શાખાના સાંધા ઉપર પલાંઠીવાળીને હું નિવૃત્તિથી બેઠી અને વિશાળ સરોવરની શોભા હું જોયાં કરતી હતી. આ વખતે અંધારૂં થઇ ગયું હતું. ચારે બાજુ ક્રૂર પ્રાણીઓનો સોરબકોર ડુંગરાઓમાંથી સાંભળવામાં આવતો હતો; તેમજ તળાવમાંનાં

કેટલાંક પ્રાણીઓનો નાદ સાંભળવામાં આવ્યો. આ વખતે ઘણીજ ભયંકર રાત્રી દેખાતી હતી. કદાચ અચાનક વાઘ વરૂ આવી પહોંચે તો પેલા ઘોડાને હરકત થાય તેના માટે મને ચીવટ રહેતી હતી, કેમકે તે ક્રૂર પ્રાણી ઘણું અઘોર હોય છે. તેટલા માટે હું કેવળ સાવધ રહેલી હતી. આમ ચિંતામાં વખત વ્યતિત થતાં જ્યારે બારેક વાગ્યાનો સમય મધ્ય રાત્રી થઇ હશે તે વખતે સઘળું સ્થળ શાન્ત થએલું જોવામાં આવ્યું. એટલામાં અચાનક આકાશમાંથી ત્રણ દીપકોનો પ્રકાશ દેખાયો. તે જાણે આ તરફ મશાલ આવતી હોય તેમ જણાયું. એટલામાં તો ત્રણ શમેદાનીમાં દીપકના પ્રકાશવાળા ત્રણ તખ્ત મારા વૃક્ષની પાસેજ આવીને સરોવરના કીનારા ઉપર ઠર્યા; અને તે ઉપર બેઠેલી ત્રણ તરૂણ સ્ત્રીયો હતી તે ઉતરીને ઉભી થઇ. તે પરસ્પર એક બીજા સાથે હાથ તાળી આપતી આનંદમાં મસ્ત થએલી કેવળ રંભા જેવી સ્વરૂપવાન યૌવનાઓ વાતો કરવા લાગી. તે તખ્ત શમેદાનીના પ્રકાશવાળાં ત્રણે ત્યાં ઠરાવીને સરોવરમાં સ્નાન કરવાને ચાલી. આ તમામ તમાસો જોઇને મને આશ્ચર્ય લાગ્યું કે આ કેવળ દેવ ભુમિ હોવી જોઇએ ! આકાશમાં ગમન કરનારી દેવાંગનાઓજ હોય છે. માટે તે દેવીની સાથે પીછાન કરવાથી આપણો મનોર્થ સફળ થશે. ઘણા વરસ સુધી ઉપાસના કરનારાઓ ઉપાસકો પણ દેવીયોનું દર્શન પામી શકતા નથી તો હું સહેજ તે લાભ લેઇ શકું તેવો તક જ્યારે અનાયાસ અત્યારે મળે છે તે શા માટે ગુમાવવો જોઇયે ? મેં આ પ્રમાણે નિશ્ચય કર્યો. આ વખતે મારા મનને આનંદનો પાર રહ્યો નહીં. જેવી રીતે મનકામના સિદ્ધ થવાને કલ્પતરૂ પ્રાપ્ત થાય છે તેવી રીતે ખરેખર આજે હું મોટો લાભ પામી શકીશ, એમજ મેં ખામુખાં ધારણા કરી. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં પાંચ ઘટિકા વાતી ગઇ એટલે પાછલી રાત્રીનો વખત થયો; છતાં પેલી સ્નાન કરવા ગએલી રંભાઓ આવી નહીં. તોપણ મેં અનુમાન કર્યો કે હવે તો તેમને આવવાનો વખત થવોજ જોઇયે, માટે હું આ વૃક્ષ ઉપરથી હેઠળ ઉતરૂં તો ઠીક કે તે જેવાં આવે તેવાં મને જોઈ શકે. આમ વિચાર કરીને હું તે વૃક્ષ ઉપરથી હેઠળ ઉતરી અને નજીકમાં એક બાજુએ ઉભી રહી. સાધારણ અડધી ઘટિકા વખત જેટલું હું ઉભી રહી હું એટલામાં તો પેલી ત્રણ સુંદરીઓ તખ્ત આગળ આવી પહોંચી, અને મને તે સ્ત્રીયોએ જોયો. જોતાંજ તે ઘણા આનંદના આવેશમાં આવેલી તે ત્રણ પૈકી એક પ્રૌઢ વયની સ્ત્રી કે જેણીને લગભગ પચીસ વરસની ઉમર હશે તે સ્ત્રી મારી પાસે આવીને કહેવા લાગી કે કેમ મેહેરબાન ! આપ

અત્યારે આટલી મોડી રાત્રે અહિયાં ક્યાંથી? આપ ક્યાં પધારો છો? આપ કીયા રાજાના કુમાર છો? આપનું મનોહર સ્વરૂપ જોતાં તમે કોઈ રાજપુત્ર સુકુમાર હશો એમ જણાય છે. તમને જોઇને અમને ઘણો આનંદ થયો છે. આવો, આપણે આનંદની વાતો કરીયે. એમ કહીને તે સ્ત્રીએ મારો જમણો હાથ પકડયો અને ઘણા આદર સાથે તે તખ્તની પાસે લઈ ગઇ. આ વખતે મારા મનમાં મેં મારા ભાગ્યને ધન્યવાદ આપ્યો; થોડાજ પરિશ્રમમાં વગર બોલે દેવીયોની મારા ઉપર કૃપા થઇ ગઇ, તે કંઇ જેવી તેવી વાત નથી, એમ સમજીને મેં ઉત્તર આપ્યો કે દેવીયો! હું અમુક રાજાનો પુત્ર છું અને હું મૃગયા રમવા સારૂ મારા કેટલાક સેનીકો સાથે હું નીકળી પડયો હતો. દરમીયાન સુવર્ણના જેવા રંગવાળો મૃગ મારા જોવામાં આવ્યાથી હું એટલે દરજ્જે પાછળ પડયો હતો કે મારા સેનિકો મારાથી ઘણા દુર રહી ગયા છે. તેઓ મારી શોધ કરતા હશે પણ હું વિકટ રસ્તા ઉપર ચઢી ગયેલો છું તેથી અત્યારે હું એકલો છતાં આ વૃક્ષ ઉપર ચઢીને બેસી રહ્યો હતો, અને આ સરોવરની તમામ રચના જોતો હતો. વળી ક્રુર વ્યાઘ્ર ઇત્યાદીક પ્રાણી મારા ઘોડાને હરકત કરે નહીં તેટલા માટે આ સામેના જાળામાં તેને પુરીને હું સાવચેતથી વૃક્ષ ઉપર બેઠો હતો, દરમિયાન મધ્યરાત્ર વીત્યા પછી આ સ્થળે આપનું આવવું મેં જોયું. આપ સમર્થ છો, વળી તમે કોઇ દેવી હશો એમ મેં ધાર્યું છે; માટે આપ સર્વેના દર્શનનો લાભ લેવા સારૂ વૃક્ષ ઉપરથી ઉતરીને ઉભો રહ્યો હતો તેટલામાં તો આપ સર્વે અત્રે આવી પહોંચ્યા છો. હું આપનો ઉપકાર માનું છું કે મને આપે માન આપીને બોલાવ્યો છે. આ પ્રમાણે તે સ્ત્રીને મેં ઉત્તર આપ્યો તેથી તે ઘણીજ ખુશી થઇ ગઇ અને તે સાથે સંપૂર્ણ આનંદ આવેશમાં આવેલી તે દેવાંગના દેવીએ મને હૃદય સાથે ચાંપ્યો. મેં કવચ વખ્તર ધારણ કર્યું હતું તેથી તેમને મારી છાતી પથ્થર જેવી કઠણ લાગી હશે પણ તે ઉપર તેમણે ધ્યાન નહીં આપતાં વારંવાર મારા હાથને ચુંબન કરવા માંડયું. આ જોઇને તો મને આનંદની શીમાજ રહી નહીં; અને મને આપેલા માનની ખાતર તેના બદલામાં શો ઉત્તર આપવો? તેની મને સુજ પડી નહીં. પણ તે ચાલાક યુવતિ એવી હતી કે તેનો વિવેક જોઇને હું શરમિંદી બની ગઇ, જેથી હું કાંઇ બોલી શકી નહીં. તેટલામાં તો તેણીએ મારા ભણી જોઇને પ્રશ્ન કર્યો કે સરદાર! આપ શા વિચારમાં ગુંથાઇ ગયા છો? તમારો સરલ સ્વભાવ જોઇને તમારી પરોણાગત કરવાનો અમે ત્રેણેનો વિચાર થયો છે માટે તમે જે કામ પ્રસંગે નીકળ્યા છો તે

કામમાં સૂર્ય ઉદય થયા પછી પોતાને ઘેર જવા ઇચ્છા રાખશો, પણ અમારો વિચાર તો અત્યારે એજ ચોકસ થયો છે કે આપને અમારા અવાસમાં લઇ જઇ ત્રણ દીવસ પરોણાગત કરીશું, અને પછી આપના દેશ તરફ રાજ્યની હદમાં તખ્ત ઉપર બેસારીને ક્ષણમાત્રમાં મુકી દઇશું. માટે બીજો કંઇ પણ વિચાર નહિ કરતાં આપ અમારે અવાસ પધારી સ્થાનને પવિત્ર કરશો. આ પ્રમાણે તે સ્રીઓએ મને આગ્રહ કર્યો. એ ઉપરથી મેં કેટલોક વિચાર કરીને તેમનો આગ્રહ કબુલ રાખ્યો, જેમાં તેમનો અવાસ તથા તેમનું સ્થાન તથા તેમનું પરાક્રમ, શક્તી તથા તેમનો વૈભવ અને તેમનું બળ વગેરે સમગ્ર જોવાની મને ઇચ્છા થઇ. અને તે ઇચ્છામાં મારાથી બની શકે તેટલો પ્રયત્ન કરી તેમની અત્યંત શક્તિના પ્રભાવવડે કરીને સહેલાઇથી હું આપને મળી શકું, તેવું સાધન તેમનાથી પ્રાપ્ત કરવાની મને લાલસા ઉત્પન્ન થઇ. પછી મેં મારા ઘોડાને માટે કાળજી બતાવી. ત્યારે તે સ્રીઓએ મને કહ્યું કે, આપનો ઘોડો અમારા અવાસમાં પ્રાતઃકાળ થતાં અશ્વના તબેલામાં આવીને જ્યારે ઉભો રહે ત્યારે પછી આપ શાને માટે કાળજી રાખો છો? ચાલો આપનો ઘોડો ક્યાં છે! એમ કહીને તેણીએ મારો હાથ પકડયો એટલે મેં તે ઘોડો બતાવ્યો.

ઘોડાને જોઇને તે સ્રીએ તેના કપાળમાં તિલક કર્યું. પછી કહ્યું કે આપ હવે નિર્ભય થઇને અમારા અવાસ બણી ચાલો અને મારી જોડે આ તખ્ત ઉપર બેસો. આપનો ઘોડો પ્રાતઃકાળમાં ત્યાંજ આવશે.

તે વનદેવી કહો કિંવા સ્વર્ગમાં વિચારનારી દેવીઓ કહો. પણ તેમનાં તખ્ત આકાશમાં ઉડતાં જાણીને તે અશ્વ પણ તેમની ક્રિયાથી જરૂર પ્રાતઃકાળમાં આવી શકશેજ. એમ જાણીને તે ઘોડાને નાળામાં પડતો મુક્યો અને હું તે સુંદરીની જોડે તખ્ત ઉપર બેઠો. તખ્ત ઉપર બેસતાની સાથે તે ત્રણે તખ્ત આકાશમાં એવા સપાટાથી ઉડયાં કે પૃથ્વિ ક્યાં છે? તથા તે ઉપર મોટા પર્વતો દેખાતા હતા તે ક્યાં છે? તેની કંઇજ ખબર પડી નહીં. કેવળ આકાશના નક્ષત્રોની મજા જોવામાં આવી. તે તખ્તનો વેગ એવો હતો કે એક ઘટિકામાં પચાસ કોસ કાપી નાખે. તેથી પ્રાતઃકાળ થતામાં એક મોટા ભવ્ય અવાસમાં આવી પહોચ્યાં, અને એક મોટા ચોકમાં તે ત્રણે તખ્ત ઠર્યાં થોડીકજ વારમાં સૂર્ય ઉદય થયો, એટલે જણાઇ આવ્યું કે મોટી નદી વેહેતી હતી, તેથી ઘણા ઉંચાણ ટેકરી ઉપર તે રમણિય અવાસ હતો અને તેની આજુબાજુ ભયંકર ડુંગરાઓ ઘેરાઇ વળેલા હતા; જેમાં એમ જણાયું કે અહિંયાં કોઇ દેવ સરખો હોય તેજ નિવાસ કરી શકે.

તખ્ત ઉપરથી ઉતર્યા પછી થોડીક વાર થઈ એટલે તે પ્રૌઢ યૌવનાએ લાંબો હાથ કરીને મને કહ્યું કે સરદાર! જુવો આ તબેલામાં આપનો અશ્વ છે કે નહીં? મેં મારો અશ્વ જોયો ત્યારે ખરેખર મારોજ હતો. તેની ખાત્રી એ થઇ કે તે અશ્વ ઉપર ભરગચ્છીનો જે સામાન હતો તેના એક ખુણા ઉપર વસંતકોકિલા એવું નામ ભરતથી ભરાવ્યું હતું, તે નામ મેં વાંચીને અને અશ્વને ઓળખીને પૂર્ણ ખાત્રી કરી. એ જોઇને મને ઘણોજ અચંબો લાગ્યો કે આ ત્રણે સ્રીયો માનવ જાત નથી પણ કોઈ દેવીયો છે; કેમકે આકાશમાં ગમન કરનાર તખ્તની બરાબર અશ્વની ગતી જમીન ઉપર દોડવાની શી રીતે થઇ! અને તે એટલે બધે પાંચ ઘટિકામાં શી રીતે આવ્યો! આ બાબત મને બીલકુલ કલ્પના પહોંચી નહીં.

તે ઘોડાની કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરવાને મને કાળજી રહી નહીં. કેમકે તે ઘોડાની સારવાર કરવામાં સુકાઇ ગએલા બે માણુસો કામે વળગી પડયા હતા. ઘોડાનો સામાન ઉતારીને તેઓએ વગે કર્યો, અને મારી હડપીમાં જે કીમતી સામાન હતો તે હડફી મારે કબજે કરી.

ત્યાર બાદ તે સ્રીયોએ મને એક સુંદિર શૃંગારેલા અવાસમાં લઇ ગઈ. મને સ્નાન કરવાને માટે હમામખાનામાં જવાને પરવાનગી આપી હું હમામખાનામાં સ્નાન માટે ગઈ, મેં મારાં પેહેરેલાં કપડાં ઉતારીને એક ઝીણું વસ્ત્ર પહેરીને તે હમામ ખાનાનું બારણું બંધ કરીને જ્યારે નાહાવાનું શરૂ કર્યું! તે વખતે કોણ જાણે કોઇ ગુપ્ત બારણું સાંચાનું હશે તેમાંથી કળ મરડી દ્વાર ખુલ્લું કરીને પેલી મસ્ત યુવતિ કેસર, હળદર, મધ, ઘી અને કસ્તુરી તથા કપુર વીગરે મિશ્રિત કરેલી વસ્તુઓ લઇને મારા શરીરે મર્દન કરવા સારૂ આવી પહોંચી. આ વખતે તેને જોતાંજ હું બ્હાવરી બની ગઇ. તેણીએ મારા શરીર ઉપર મર્દન કરવા માંડયું અને તેજ વખતે કહેવા લાગી કે વાહરે પ્યારી છબીલી! હું તો અત્યાર સુધી તમને છબીલા અને રસીકડા ફાંકડા, અને સ્રીઓના કટાક્ષ બાણનું સહન કરનારા રસને જાણનારા પ્યારા સમજતી હતી પણ તમેતો અલબેલી અને લટકાળી નીકળ્યાં છો, એમ કહીને તેણીએ મારા શરીરના તમામ અવયવો ઉપર હાથ ફેરીને તે વસ્તુનું મર્દન કર્યું. આ વખતે હું કંઇજ બોલી શકી નહીં, પણ નીચું ઘાલીને ચુપ થઇ ગઇ હતી. મારો છુપો ભેદ તે જાણી ગઇ તેના માટે હું મારા મનમાં ઘણું પસ્તાવા લાગી. હવે તો જે થાય તે ખરૂં. અને હવે તો તેની દાસી

તરીકે કીંવા નોકર તરીકે રહીને પણ તેની સેવા બજાવવી. જો એમ નહિ કરું તો આ સમર્થ પરાક્રમવાળી સ્ત્રીયો મારૂં ક્ષણ વારમાં મોત આણશે એવી મને ધાસ્તી પેસી ગઈ. વળી તેમનાથી છાની વાત રાખી છે તેથી રખેને કદાચ તેઓને માઠું લાગ્યું હોય! એમ મને અંતઃકરણમાં ભય લાગ્યો; એટલામાં તો તે ફરીથી બોલી કે હવે કેમ ચુપ થઇ ગયાં છો? જરાક બોલો તો ખરાં! તે વખતે મેં કહ્યું કે હું મારો ભેદ સ્નાન કરીને આપણે નિવૃત્તિએ બેસીશું તે વખતે કહી જણાવીશ. એમ કહીને સ્નાનથી હું અટપાઇ ગઇ અને મર્દનો સ્વાંગ બાજુએ મુકીને હવે તો તેણીએ સ્ત્રીનો શૃંગાર જે આણ્યો હતો તે મારે પહેરવો પડયો; અને તે સ્ત્રીની સાથે હું શૃંગારેલા ઓરડામાં ચાલી. એટલે સુવર્ણના ચારે ટાટમાં બે વૃદ્ધ સ્ત્રીયો નવનવિન વસ્તુઓ ગોઠવીને મુકી દીધાં. સુવર્ણ કળશમાં પીવાને પાણી ગોઠવ્યું, અને તે દરેક ટાટની પાસે પાંચ સાત સુવર્ણના રત્ન જડિત વાટકા મુકયા હતા. એટલામાં એક સુકાઇ ગએલો માણસ કે જેનું શરીર કેવળ હાડપીંજર જેવું હતું તે માણસ ઘણો ભયંકર સ્વરૂપનો હતો તે મદીરા ભરેલી સુવર્ણની સુરાહી અને ચાર પ્યાલા લાવીને ગોઠવ્યા. હું તો તે માણસને જોઇને ચકિત થઇ ગઈ. કેમકે તેની બંને આંખ્યોના ખાડામાં નેત્રના ડોળા બીલકુલ નહોતા પણ કેવળ ખાડા હતા, છતાં તેણે શા આધારે જોયું! અને શી રીતે આવી શકયો તે સંબંધી વિચાર કરવાને મને કંઇજ આધાર જડયો નહીં; તેથી આ સમગ્ર ભેદ જોવાની મને ઘણી ઇચ્છા થઇ. આ વખતે તે સુકાઇ ગએલા માણસે ઢોલક હાથમાં પકડયું, એટલે તેના જેવોજ બીજો માણસ (હાડપીંજર) હાથમાં ખડતાલ લઇને રજુ થઇ ગયો. ખાવાની શરૂવાત થવા લાગી, અને પ્યારા શબ્દ જે મારા પ્રત્યે વપરાતા હતા, તથા સરદાર એ પ્રકારે મને જે કહેવામાં આવતું વતું તેને બદલે મારી રસીકડી પ્યારી! એવા શબ્દો પેલી તરૂણ મસ્ત યૌવનાએ મારા પ્રત્યે વાપર્યા, અને મદિરા પીવાની શરૂવાત થવા લાગી; તથા તે સાથે સ્વાદિષ્ટ અને મધુર સ્વાદવાળા પદાર્થો ખાવાની શરૂવાત થઇ. મને માફક આવે તેટલો દારૂ ઉપરાંત તેણીઓએ આગ્રહ કરીને આપ્યો, તેમના આગ્રહથી મેં લીધો; પણ તે ત્રણે સ્ત્રીઓતો મનમાં આવે તેટલો વારંવાર મદ્ય લેવા માંડયો, અને ભોજન લીધું. આ ક્રમથી અટપાઇ ગયા પછી સમગ્ર ટાટ તથા પ્યાલા વગેરે જે સામાન હતો તે ઉઠાવીને પેલી બે વૃદ્ધ ડોસીયો ઉપાડીને લઇ ગઇ; પછી તે ત્રણ સ્ત્રીયો પૈકી જે વધારે ઉમરવાળી હતી કે જેણીએ યુક્તિથી મારો ભેદ જાણી લીધો હતો તે તેણીએ

ગાયનની શરૂવાત કરી, એટલે તેનાથી જરાક છોટી ઉમર વાળી હતી તે પોતાના હાથમાં સતાર લઇને બજાવવા લાગી. ત્યારે ત્રીજીએ બન્ને હાથથી ચુટકી વડે કરીને તાલ દેવા લાગી. આ વખતે પેલા બન્ને હાડ પિંજર હતા. તેમાંથી એક જણે ઢોલક ઉપર થાપ લગાવી બજાવવાને શરૂવાત કરી. ત્યારે બીજો હાડપીંજર હતો તે નાચવા લાગ્યો તથા તે સાથે ખડતાલ બજાવવા લાગ્યો. ગાયન સાંભળીને તો મને ઘણોજ આનંદ લાગ્યો. પણ તે સાથે નિર્જીવ બનિ ગયેલાં હાડપિંજર નાચવા લાગ્યાં તથા ઢોલક બજાવવા લાગ્યાં તથા ઢોલક બજાવવા લાગેલ જોઇને મને આશ્ચર્યની શિમા રહી નહીં. પણ તે સાથે મેં મન વાળ્યું કે જે આકાશમાં તખ્તને ઉડાવે છે, અને જેણીએ મારા ઘોડાને તખ્તની બરાબર વેગવાન ઠરાવીને આ સ્થળમાં આણ્યો છે ત્યારે તે સ્ત્રીયો દૈવી સત્તાવાળી હોવાથી આ પ્રમાણે કરી શકવાને પ્રબળ હોય એમાં શાનું આશ્ચર્ય ! અરે રામ રામ ! આટલી સત્તા મારામાં કયાંથી આવશે ! આ પ્રમાણે તર્કવિતર્કમાં ગર્ક થઇ ગએલી સઘળો તમાસો જોયાં કરતી હતી. આ પ્રમાણે બે ત્રણ ઘટિકા ગમ્મત ચાલી, પછી તે સઘળા એક પછી એક વિદાય થવા લાગ્યા. હવે માત્ર તે ત્રણ સ્ત્રીયો અને ચોથી હું એમ ચાર જણીયો તે અવાસમાં રહેલી હતી. તે વખતે પ્રૌઢ વયની સ્ત્રીએ મને પ્રશ્ન કર્યો કે તમે સાચે સાચુ કહો કે સ્ત્રી છતાં પુરૂષનો વેશ ધારણ કરી તેવા ઘોર જંગલમાં આવવાનું શું કારણ ?

તે સાંભળીને મેં ઉત્તર આપ્યો કે જેના ઉપર હું આશક થઇ હતી તેને મળવા સારૂ હું નિકળી પડી હતી; તે માણસ બીજી સ્ત્રી ઉપર આશક થઇ સ્થાન છોડીને નીકળી પડયો હતો તેથી તેને જંગલમાં પકડી કાઢીને હું પોતાનો કરી લેવાની યુક્તિ રચવા નીકળી પડી હતી. હું ઘણે દુર આવી પહોંચી; જેમાં ભયંકર જંગલ જોઇને હું ઘણું ગભરાઇ ગઇ, ઘણું પસ્તાવો પામી. છેવટે તે મને મળ્યો નહીં અને હવે તેના માટે આશા રાખવી વૃથા છે એમ જાણી આશા મુકી દઇને જ્યાં જવાય ત્યાં જવાની ઇચ્છા રાખતી હતી. હવે મારૂં સગું વ્હાલું કોઇ નથી, મારી માતુશ્રી મને બાળક અવસ્થામાં મુકી મર્ણ પામી છે. વળી મારો પીતા મારી માતાના મર્ણ પેહેલાં ત્રણ-ચાર માસ ઉપર મર્ણ પામ્યા છે. હવે ફક્ત હું એકલી છું. જેમાં મેં પસંદ કરેલો માણુસ પણ મારાથી સ્નેહ કર્યા વીના બીજીના નેત્ર કટાક્ષમાં સપડાઇ ગયો. તેથી હવે હું નિરાધાર બની ગએલી છું કે જ્યાં મારો ગુજારો થાય ત્યાંજ પડી રહું એમ હવેને માટે હું ઇચ્છા

રાખું છું. આ પ્રમાણે ઉત્તર આપીને હું ચુપ થઇ ગઇ એટલે તે સ્રીયે મને એમ કહ્યું કે હવે તમે હમેશાંને માટે અહિયાંજ રહો; જેવી રીતે આ બે બેહેનો છે તેવી રીતે તમને ગણવામાં આવશે. પણ અમારી આ સ્થળની મર્યાદામાં શું થાય છે ! તે કદી પણ બાહેર વાત પડવી નહીં જોઇયે; તમારી વર્તણુક જ્યારે અમારી સાથે તદ્દન મળતી આવશે ત્યારે તમે આ સ્થાનના ભાગીદાર બની જશો.

આ પ્રમાણે મને ઉત્તર મળવાથી તે વખતે હું સંતોષ પામીને તેમને ઉત્તર આપ્યો કે હું હમેશાંને માટે તમારીજ છું, મારે હવે કોઇની સાથે સંસર્ગ રાખવો નથી અને આ મર્યાદામાં ગમે તેમ થાય તો તેમ થવામાં જ્યારે હું સામેલ રહીને અને સેવા ઉઠાવવાને હાજર રહીશ તો પછી મારે બીજાની શા માટે પરવા રાખવી જોઇયે ! હવે તો મારૂં જીવન કહો તે પણ તમેજ છો, મારૂં રક્ષણ કરનાર કહો તોપણ તમેજ છો, અને મને ઉત્તમ વિદ્યા આપો તેમાં જે હુંશીયાર બની જાઉં તેમાં પણ તમેજ છો.

આટલું સાંભળીનેજ હાથનો લટકો કરતી તે સુંદરીએ મારા મુખ ઉપર અને મારા જમણા હાથ ઉપર ચુંબન કર્યું; અને તે સાથે તેણીએ મારા પ્રત્યેની પ્રેમની લાગણી જણાવી. પછી તેણીએ મને કામગરી સુંપી કે આ ઓરડામાં સાત હાડપીંજર છે તેમને પ્રાતઃકાળ થાય એટલે આ નેતરની સોટીથી સાત સાત ફટકા તમે જાતે મારજો; અને હું જ્યારે તમને બોલાવું ત્યારે અમારી પાસે આવવું. ત્યાં સુધી તમારે આ સાથેના બીજા સુંદીર ઓરડામાં અવાસ કરવો, અને તેમાં રહેવું. વળી નીત્યના રાબેતા પ્રમાણે ભોજન સમયે અમારી જોડે આવીને જમવા બેસવું. હવે અમે અમારા એકાંત સ્થળમાં જઇએ છીએ. એમ કહીને મને બીજો ઓરડો જે સાંપ્યો હતો તેમાં રેહેવાની આજ્ઞા આપીને તે ત્રણે જણીયો ત્યાંથી બીજા અવાસમાં ચાલતી થઇ.

હું સોંપેલા અવાસમાં ગઈ, મનમાં હું ઘણું પસ્તાઇ ગઈ; મને કોઇ રીતની સમજ પડી નહીં, પણ જાણે આસાન કેદમાં ફસાઈ હોઉં તેવો યોગ બન્યો. એ પ્રકારે અજંપામાંજ મેં બપોર પછી છેક સાયંકાળ સુધી વખત ગાળ્યો. આ વખત હું એકાન્તમાં હતી. પણ તે એકાન્ત મેં ધારી નહોતી, કારણ કે હમામખાનામાં એકાન્ત હતી તોપણ તેમાં પ્રવેશ કરીને મારૂં છુપુ લાચ્છન જોઈ લીધું તો પછી મેં મારા છુપા હૃદયનેજ એકાન્ત જાણુંતી હતી; તેથી મેં એજ નિશ્ચય કર્યો કે આ ત્રણે સ્રીયોનો ચોકસ ભેદ મારે જાણી લેવો જોઇયે.

વળી તેમની સંતોષકારક તાબેદારી ઉઠાવીને અને તેમને ખુશી કરીને તખ્તને આકાશમાં ચલાવવાની યુક્તી જાણી લેવી જોઇએ. અને આ અલૌકીક સ્થાનની પુરેપુરી માહીતી મેળવવી જોઇએ. આ પ્રમાણે છેવટનો વિચાર કરીને મેં એક ઘટિકા નીદ્રા લીધી, જે વખતે હું નિદ્રામાં છેક ઘેરાઇ ગઈ હતી અને દીવાબતી થવાનો વખત થયો હતો. તે વખતે જો કે મેં મારા અવાસનાં આગળનાં કમાડ બંધ કર્યાં હતાં; તોપણુ કોઇ છુપા બારણાને ખુલ્લું કરીને મારા પલંગ પાસે પેલી પ્રૌઢ સ્ત્રી આવેલી ઉભી રહેલી હતી, તે મારી નિદ્રાધિન સ્થિતિ જોયા કરતી હતી; પણુ એટલામાં મારાં નેત્ર ખુલ્લાં થઇ ગયાં અને જ્યારે જોઉંછું ત્યારે તે સ્ત્રીને જોવામાં આવી. આ વખતે મને આશ્ચર્ય લાગ્યું નહીં, પણુ તે શા માટે આવી હશે ! તેના માટે મેં સ્હેજ કલ્પના કરી હતી. તે વખતે હું તુરતજ બેઠી થઇ અને તેના પગમાં મારૂ મુસ્તક નમાવીને ઉભી રહી. આ વખતે મ્હારો ભલો સ્વભાવ જાણીને મારા ઉપર કૃપાદ્રષ્ટીથી જોવા લાગી અને બોલી કે પ્યારી ! ચાલો આપણે રાત્રીનો આનંદ મેળવીએ. એમ કહીને બપોરી વખતે જે સ્થળે અમો જમવાને બેઠાં હતાં તેજ વિભાગમાં જઇને ઠર્યાં, અને બપોરની માફક અત્યારે પણુ ગમ્મતં થવા લાગી. ખાણું લેવાની વખતે હમેશાં આ પ્રમાણે એ વખતે રીવાજ છે એમ મેં જાણી લીધું. પેલી ત્રણે સ્ત્રીયો શરાબથી બહુજ મસ્ત થઇ ગઈ હતી. જ્યારે અર્ધ રાત્ર ગઇ ત્યારે તે સ્ત્રીયો ત્યાંથી ઉઠી અને મને સોંપેલા ઓરડામાં નિદ્રા લેવાને રવાને કરી. અને તે ત્રણે સ્ત્રીયો ત્યાંથી કયાં ગઇ ? તેની ખબર પડી નહીં. જેવી રીતે બપોરે મને અજંપ હતો તેવી રીતે અત્યારે પણુ અજંપ થવા લાગ્યો. અને વીચાર થયો કે હું હાલ નવે નવી છું માટે મને ઇલાયદા સ્થળમાં મોકલે છે. વળી પ્રાતઃકાળમાં નેતરની સોટી લઇને પેલા સાત હાડપિંજરને સાત સાત ફટકા મારવાના છે. તે કામ જરૂર કરવું જોઇયે. અરે રામ રામ ! તેમાં શો ભેદ હશે ? બાબત કેટલીકવાર હું વિચારમાં પડી. સઘળી રાત્ર એમજ વ્યતિત કરી. ન ચાલે થોડીક ઉંઘ આવી. તેથી હું પ્રાતઃકાળમાં ઉઠીને તૈયાર થઇ ગઇ, અને હાથમાં સોટી લઇને પેલાં હાડપિંજર હતાં તે સ્થળે હું જઈ પહોંચી. પછી દરેક હાડપીંજરના સામે ઉભી રહી. તે પૈકી પ્રથમ એક હાડપિંજરથી મેં સોટી મારવાને શરૂવાત કરી. તે વખતે પેહેલા હાડપિંજરે મને જોઇને કહ્યું કે બાઇ સાહેબ ! તમે આજે કાંઇ નવિન છો એમ જણાય છે. જુવો કે દયા એજ ધર્મનું મુળ છે. હવે તો છેક હાડકાંજ રહ્યાં છે અને તે હાડકાંમાંજ અમારા

પ્રાણુને તે સ્ત્રીયોએ રાખ્યો છે. જો તેમાંથી આપ કૃપા કરીને એકી વખતે તે પ્રાણ કાઢી નાખો તો મોટો ઉપકાર માનીશું. કેમકે દરરોજ સોટીનો માર અમારાથી સહન થતો નથી; હે માતા! તમે સમજો છો આખરે બધું ફના છે. આ પ્રમાણે કહીને તે સોટીઓનો માર ખાવાને માટે નિત્યના નિયમ પ્રમાણે સામો ઉભો રહ્યો. તેને જોઇને ખરેખર! મને તો કેવળ દયા ઉત્પન્ન થઇ. પણ થએલી આજ્ઞા પ્રમાણે કામ બજાવવું જોઇયે. એમ ધારીને મેં તેઓને સોટીયો મારવાની શરૂવાત કરી. પણ તે સોટી માત્ર તેઓના શરીરને અડી ન અડી એવી રીતે દયા રાખીને મારતી હતી. દરેક જણે આ પ્રમાણે મારી રહેમ નજર જ્યારે જોઇ ત્યારે તેઓએ મારો ઘણોજ ઉપકાર માન્યો. આટલું કામ કરીને હું પાછી ફરી; અને પેલી સ્ત્રીને મળીને મેં કહ્યું કે ફરમાવેલું કામ આ તાબેદાર કીંકરીએ કર્યું છે, તેવું સાંભળીને તેણીએ મને સાબાશી આપી. ત્યાર પછી તે સ્ત્રીએ મને એક એક જુદાં જુદાં કામ સોંપવા લાગી કે જેથી તે અવાસની અંદર શી શી વસ્તુઓ છે તેની મને માહીતી મળતી ગઈ. તે કામ દરેક વસ્તુ લાવવા લઇ જવા પુરતું અને જ્યાં ત્યાં ગોઠવવા પુરતું હતું. આ પ્રમાણે તેમની તાબેદારી નિદાન પંદર દિવસ સુધી મેં કરી. મારા કામમાં કોઇ પ્રકારની ન્યુનતા થઇ નહીં, તેથી તે ત્રણે જણીયો મારા ઉપર વધારે પ્રસન્ન થઇ. અને આ મકાન છોડીને હવે તે બીજે કંઇ જવાને ઇચ્છાજ રાખતી નથી, કિંવા કોઈ પણ રીતનો અણુગમો થતો નથી. એવો અભિપ્રાય તેમણે બાંધ્યો. આથી કરીને તે ત્રણે જણીયોએ મારા ઉપર વિશ્વાસ આણ્યો અને મને કહેવા લાગી કે હવે તમને અમારી મંડળીમાં દાખલ કરીશું; કેમકે તમારી યોગ્યતા ચાકરડીની માફક કામ કરવાની નથી. તમે ઘણાં સુકુમાર, સ્વરૂપવાન, અને અમોને શોભા આપો તેવાં છો, માટે જે વીદ્યા અમે ત્રણે જાણીયે છીએ તે વિદ્યા તમે જાણો એટલે આપણે ચારે જણની ગમ્મત ઘણી સારી થશે. અને તમે અમારા રંગઢંગમાં મળી જશો.

મેં ઉત્તર આપ્યો કે જે કંઇ હુકમ ફરમાવશો તે બજાવવાને હું હાજર છું. આટલું સાંભળીને એજ રાત્રે મને અલગ નહીં રાખતાં તેમના અલગ સુશોભીત અવાસમાં દાખલ કરી. સ્થળ જોઇને તો ઈંદ્ર પણ મોહ પામ્યા વિના રહે નહીં, તેવા સ્થાનમાં મને પોતાની બરોબરી કરવાને રાખી. આમ થવાથી મને સંતોષ થયો અને એજ રાત્રીએ પોતપોતાના તખ્ત ઉપર ત્રણે જણીયો બેઠી. ત્યારે ચોથું તખ્ત બીજા ઓરડામાં એક હતું તે મને આપીને તેમાં મને બેસારી;

અને તે વખતે તે તખ્તના અગ્ર ભાગમાં એક યંત્ર હતો તે ચોઢી દીધો. અને એક યંત્રની માળા હતી તે મને કોટમાં પેહેરવા સારૂ આપી. તે માળા એવી હતી કે તેના મધ્ય ભાગમાં જે સુવર્ણનું પાંન હતું, અને તેમાં જે અક્ષરો લખેલા હતા તે પાન મારા હૃદય ઉપરજ આવીને બરાબર ઠરી રહે તેવી હતી; તે મેં મારા કંઠમાં ભરાવી. પછી તે તખ્ત ઉપર બેસવાને મને આજ્ઞા કરી. અને દીપકના પ્રકાશ માટે તખ્તની એક બાજુએ શમેદાની ગોઠવી. આ વખતે પેલી પ્રૌઢ સ્ત્રીએ મને કહ્યું કે તમે મનમાં જેવી કલ્પના કરશો તે પ્રમાણે આ તખ્ત ગતી કરશે. માટે આ વખતે તમે એવી કલ્પના કરો કે ત્રણે તખ્ત જે તરફ જાય તે તરફ મારૂં તખ્ત જાય. એમ તમે મનમાં ધારો. આ પ્રમાણે આજ્ઞા થવાથી તે ત્રણે જણીયોના તખ્ત પાછળ મારૂં તખ્ત જવાને મેં કલ્પ્યું, અને તેમ થવાથી તે તખ્ત આકાશમાર્ગે ગતી કરવા લાગ્યાં. આ વખતે મને આનંદનો પાર રહ્યો નહીં. જ્યારે બે ઘટિકા થઇ ત્યારે જે સરોવર ઉપર હું રાત્રે વાસો રહી હતી તેજ સરોવરની પાળ ઉપર પ્રથમ પ્રમાણે તખ્ત ઠર્યું. આ સ્થળ જોઇને મારી પૂર્વની સ્થિતિ મને યાદ આવી; પેલી સ્ત્રીયોએ મને કહ્યું કે ચાલો હવે જળક્રીડા કરવા સારૂ જઇયે એમ કહીને મને સાથે લીધી. તે અગાધ જળના પાણીના તટ આગળ જઇ પહોંચ્યાં. તે ત્રણે સ્ત્રીયોએ તાળીયો વગાડી એટલે ચાર મોટા મઘરો આવ્યા. તે મઘર નિત્યના રાબેતા પ્રમાણે પોતાની પીઠ ખુલ્લી કરીને સરોવરના કીનારે આવીને સ્થિર રહ્યાં. તે ત્રણે સ્ત્રીયો દરેક મઘર ઉપર ચઢી બેઠી. ત્યારે તેમની તેવી યુકતી જોઇને હું પણ એક મઘર ઉપર ચઢી બેઠી. આટલું કર્યાં બાદ તે મઘર ઘણા જોસથી મધ્ય સરોવરમાં આમ તેમ ચાલવા લાગ્યા. વળી અનેક પ્રકારના કમળોનું વન જોવામાં આવ્યું. આ વખતે જળક્રીડાની ગમત ઘણી સારી લાગી. જ્યારે પાછલી રાત્રીનો સમય થયો ત્યારે જળક્રીડાથી અટપીને અમે સરોવર બાહેર આવ્યાં. મઘર સઘળા જળમાં ચાલ્યા ગયા, અને અમે તખ્ત ઉપર બેસીને અવાસ તરફ આકાશમાર્ગે ગતી કરતાં વળ્યાં.

આ પ્રમાણે દરરોજ ગમ્મત ચાલતી હતી. જેમાં તે સ્થાનમાં મને એક મહીનો વ્યતિત થયો. મારા મનમાં તમારો વિયોગ બહુ સાલતો હતો. પણ તે કામથી અટપી લેવાને હજુ પાંચ મહિના છે એમ ધારીને હું અત્રેની યુક્તી ગ્રાહ્ય કરી લેવાને રોકાઇ. પણ પેલા હાડપીંજરોને દરરોજ સાત સાત સોટી મારવાનું કામ તો મનેજ સોંપેલું કાયમ રાખ્યું.

એક દીવસે તે ત્રણે સ્ત્રીયો પોતાના ખાનગી કામને માટે કંઇક જવાને માટે ઇચ્છા રાખતી હશે. તેથી તે સઘળી મને કહેવા લાગી કે અમે આજથી ત્રીજે દિવસે અત્રે આવીશું, માટે ત્યાં સુધી આ અવાસની સંભાળ નીત્યના રાબેતા પ્રમાણે તમે રાખજો. વળી આ સઘળી જગાની માહીતી તમને છેજ, તેમજ જેવી રીતે તમારી તાબેદારી ખાનપાન વીગેરેની તમામ જોઓ છે તે ઉઠાવશે.

આ પ્રમાણે કહીને તે ત્રણે જણીયો બપોરે ભોજન લઇને તખ્ત ઉપર બેસીને ચાલવા લાગી. આ દીવસે હું સ્થળમાં એકલી રહી; રાત્રીના સમયે પેલો હાડપીંજર મારી આગળ ગાયન કરવા સારૂ આવ્યો અને ખાણું તૈયાર કરીને પેલી ડોસીયો નીત્યના નિયમ પ્રમાણે આપવા આવી. આ વખતે હું ઘણાજ ઉદાર મનથી તે સઘઅને જોવા લાગી, તેમાં પેલા હાડપિંજરોનો આશીર્વાદ મારા ઉપર ઘણો હતો. એકાંત તક જોઇને તેઓ જાણે મને કાંઈ કહેવાને ઇચ્છતા હોય એમ મને જણાયું. આ વખતે પેલી ડોસીયો મારી પાસે હાજર નહોતી, જ્યારે હું ખાઇ રહું ત્યારેજ તે આવી શકે તેમ હતું; તેથી બે હાડપિંજરો પૈકી એકે જવાબ આપ્યો કે દયાળુ માતાજી ! અમે સઘળા જે હાડપિંજરો છીએ તે સઘળા રાજકુમારો છીએ; પેલી ત્રણ સ્ત્રીયો છે તે અત્યંત ઘોર કૃત્ય કરનારી કૃત્યાઓ છે. તેઓ શૂરવીર, ચતુર અને રાજકુમારને ખોળવા નીકળી પડે છે. કોઇક જગોએ મૃગયા રમવા અરણ્યમાં આવી પડેલો રાજ્યકુમાર હોય તેને અટમસટમ સમજાવીને આ સંસ્થાનમાં લાવે છે; અને જ્યારે ત્રણ પુરૂષ ભેગા કરે છે ત્યારે તે પુરૂષોને ઉત્તમ વસ્તુ ખવરાવીને તેમની મન ભાવતી તબિયત સાચવે છે. અને દરેકને તે ત્રણે જણીયો એકેક પસંદ કરી લે છે. પછી તે સ્ત્રીયો તેમની સ્ત્રી બની જાય છે, કેટલાક દીવસ સુધી તેમનાથી વિલાસ કરે છે. જ્યારે તેઓ અહિંથી છટકી જવાની ઇચ્છા રાખે છે ત્યારે તેમનાથી મધુર ભાષણ કરીને સુવર્ણની દાબડી દરેકની પાસે છે તે દાબડીમાં તેઓને કોઇ એવી યુક્તીથી પુરી દે છે કે જ્યારે તેઓની જરૂર પડે ત્યારે તેમને બાહેર કાઢીને તેમનાથી આનંદ મેળવીને પછી તેમાં પુરી દે છે. તેઓ છેક નિર્માલ્ય બની જાય છે ત્યારે તેઓને ચાર માસ સુધી સારો ખોરાક આપીને તેમની કુળદેવી નિલાંબરી નામની પર્વતોની ખીણમાં છે તે દેવી આગળ ભોગ માટે રજુ કરી દે છે ત્યાંજ પેલી

દાબડીઓ ખુલ્લી કરી દે છે અને તે ગુફાનું દ્વાર બંધ કરીને અને પેલાઓને તેમાં પુરીને આ તરફ આવતી રહે છે. નીલાંબરી દેવીના પ્રભાવથી શરીરમાંનું તમામ માંસ ઉડી જાય છે અને માત્ર

હાડપીંજર રહે છે. તે કૃત્યાઓ એક મહીનો વીત્યા પછી પેલા ત્રણેની ખબર જોવા સારૂ આવે છે. ત્યારે હાડપીંજર બની ગયેલા હોય તેમને પાછા અહીંયાં આણે છે. દેવીએ શરીરના માંસનો ભોગ લીધો તેથી તેના પ્રભાવથી અમારો પ્રાણ માત્ર હાડકામાં રહ્યો છે. તેવી સ્થીતી અમે સાત જણાની થઈ છે. અમને પ્રાતઃકાળમાં જે સાત ફટકા મારે છે તેનું કારણ અમે વખતે વખતે તેના ઘોર કૃત્યથી ચીડાઇ ગએલા હોવાથી જ્યારે ગાળ બોલી ગયા હતા તે કડુક ભાષણનો દ્વેષ રાખીને અમને દરરોજ સાત સાત સોટીનું શાસન થાય છે. હે માજી! આ સ્થાનમાં જ્યારથી આપ પધાર્યા છો ત્યારથી સોટીયોના મારની પીડા ઘણીજ ઓછી થઇ ગઇ છે. તેનો ઉપકાર જેટલો માનીએ તેટલો થોડો છે.

જ્યારે હાડપિંજરે આઁ પ્રમાણે કહ્યું તે વખતે મને પણ શરીરમાં કમકમાટી ઉત્પન્ન થઇ. આ વખતે તે હાડપીંજર પ્રત્યે કેટલાક પ્રશ્ન કરવાની મને ઇચ્છા થઇ. પછી મેં પુછ્યું કે તે સ્ત્રીયો હાલ કયાં ગઇ હશે તે તમે જાણો છો? અને એ શીવાય તે કૃત્યાઓની વિશેષ હકીકત જાણો છો? કે જેથી તમારો છુટકારો થાય!

તે સાંભળી તે પીંજરે મને ઉત્તર આપ્યો કે માજી! તે કૃત્યાના આધિનમાં અમે રહ્યા છતાં પણ તેમનો ઉંડો ભેદ અમે જાણી શક્યા નથી! પેલી વૃદ્ધ ડોસીયો કોણ છે અને કેઇ જગોએ છુપી રહે છે? તેનો પણ ભેદ અમને મળ્યો નથી. અમે છેક માંસ વિનાના હાડપીંજર બની ગએલા છીએ તે પાછા પુર્વે જેવું અમારૂં શરીર ચામડી સાથે સુશોભિત હતું તેવું હવે શી રીતે બની શકે! તેની યુક્તી પણ અમારા જાણવામાં નથી. હે માજી! જો તમે તે ભેદ જાણીને અમારો ઉદ્ધાર કરશો તો જન્મો જન્મ સુધી અમે તમારો ઉપકાર કદી પણ ભુલવાના નથી. અમને પૂર્વ જન્મનું કોણ જાણે કયા પ્રકારનું પાપ નડયું છે કે આ સ્થિતિમાં આવી ગયા છીએ અને છેક આશા મુકીનેજ અમે બેઠા છીએ કે આ અમારી સ્થિતિ મર્ણ કરતાં પણ અત્યંત અધમ બનેલી છે કે કોઇ કાળે આ સ્થાનની મર્યાદામાંથી અમને છુટવાનો વખત મળવાનો નથી, તેમ અમારૂં શરીર પૂર્વ પ્રમાણે બનવાનું પણ નથી. હે માજી! તમે દયાળુ છો માટે આ હકીકત તે ત્રણે સ્ત્રીયોની ગેરહાજરીમાં કહીયે છીએ. જો કદાચ આટલી વાત તમને કહી છે એવું તે કૃત્યાઓ જાણે તો તે કોણ જાણે અમને કેવી અધમ સજા કરે તેના માટે કંઇજ કહી શકતા નથી; તે સ્ત્રીયોનાં કૃત્ય જોઇને તો અમને કમકમાટી પેસી

ગઇ છે. ફક્ત ચામડી અને માંસ વિના અમને હાડકાંજ રહેલાં છે, તે જોઇને તમને દયા આવ્યા વિના રહે નહિ તેમ છે. આ પ્રમાણે તેઓએ મને હકીકત કહી અને તે સાંભળતા સુધી હું ભોજન માટે ગ્રાસ ધીમે ધીમે લેતી હતી; પછી તે હાડપીંજરને તેઓની ઓરડીમાં જવાને મેં પરવાનગી આપી અને તેઓને કહ્યું કે તમે કોઇ વાતે ગભરાશો નહીં. હું તમારા માટે બનશે તેવો યત્ન કરીશ પણ તમે આ વાત મનમાંજ રાખજો. આ પ્રમાણે સાંભળી તેઓ આનંદ પામતા પોતાની કોટડીમાં ચાલ્યા ગયા હું ખાઇ રહી, એટલે પેલી બે વૃદ્ધ ડોસીયો ટાટ વીગેરે લેવાને હાજર થઇ. આ વખતે તેમના પ્રત્યે મીઠી નજર કરીને મેં પ્રશ્ન કર્યો કે વૃદ્ધ માતાજી! હું આ સ્થાનમાં સુમારે દોઢ માસથી છું પણ જ્યારે હું તમને ઓળખું નહિ. તેમ બીલકુલ જાણું નહિ. ત્યારે તે કેટલી બધી મારી ભુલ કહેવાય, મને લાગે છે કે આપની મારા ઉપર કૃપા નથી, અત્યારે આ સઘળો અવાસ મને સોંપીને ત્રણે બેહેનો ફરવા નીકળી પડયાં છે. તે પણ મને બેહેન પ્રમાણે ગણે છે, અને હું પણ તેમનાથી બીજી કોઇ પણ વસ્તુ વિશેષમાં સમજતી નથી. ત્યારે તેમના પ્રત્યે પ્રેમની લાગણી જે કંઇ તમે રાખતાં હશો તેવી પ્રેમની લાગણી મારા પ્રત્યે આપે રાખવી જોઇયે. હું તો તમારૂં બાળક છું. હું આપથી જુદાઇ રાખતી નથી. મારે પણ આ અવાસમાં સઘળો જન્મારો કાઢવાનો છે. માટે તમે કોણ છો! તે બાબત જો કે મને માહીતી આપશો તો મને ઘણો આનંદ થશે.

આ પ્રમાણે મારાં વાક્યો બન્ને ડોસીયે સાંભળ્યાં. સાંભળતાની સાથેજ એક ડોસીના નેત્રમાંથી ખરખર આંસું નીકળવા માંડયાં, અને તેનું હૃદય એકદમ ભરાઇ આવ્યું; તેથી તેનાથી એક પણ શબ્દ બોલાઇ શકાયો નહીં. તેવું જોઇને હું તુરત ઉભી થઇ અને તે ડોસીના નેત્ર ઉપર મારો રેશમી રૂમાલ ફેરવીને આંસુ લુંછી નાંખ્યાં અને તેમને મેં મારી છાતી સરસાં ચાંપીને અત્યંત ભરૂંસાપાત્ર શબ્દો વાપર્યા. છતાં પણ તે ડોસી કોઇ પણ શબ્દ બોલવાને હીમ્મતવાન થઇ નહી, તે વખતે બીજી વૃદ્ધ ડોસી હતી. તેણીએ તે ડોસી પ્રત્યે કહ્યું કે મોટી બેહેન! તમે શા માટે ગભરાઓ છો? આ દયાળુ બાઇ સાહેબની વર્તણુકી જોઇને આપણને કેટલો બધો આનંદ થાય છે! વળી તે જ્યારથી અહિયાં છે ત્યારથી આપણને કશીએ હરકત પડતી નથી, માટે જે કંઇ ખાનગી વાત હોય તે આ બાઇ સાહેબને કહેવાને હરકત નથી.

નેત્રમાંથી આંસુ લુંછાઇ ગયા પછી તે ડોસીએ ઉત્તર આપ્યો કે બેહેન ! મ્હોતનો જેટલો ભય નથી તથા ક્રૂર પ્રાણી જે કે વાઘ વરૂનો જેટલો ભય નથી તેટલો ભય તે ત્રણે સ્ત્રીયોનો છે. વળી આપ અજાણ્યાં છો, તેથી તે વાત કહેવાને મારૂં મન કબુલ કરતું નથી. પણ તમે આ સ્થાન છોડીને ગમે તેવી યુક્તીથી સટકી જશો તો ઘણું સારૂં છે. એટલું કહીને તે ડોસી બોલતી બંધ થઇ અને ફરીથી તે ગરીબ સ્વભાવની વૃદ્ધ ડોસીના નેત્રમાંથી આંસું ચાલવા માંડયાં. આ દેખાવ જોઇને મેં તે ડોસીનો હાથ પકડીને વચન આપ્યું કે મને હજાર બ્રહ્મહત્યાદીક પાપ છે કે જો તમારી કહેલી વાત બાહેર નીકળે. વળી મારાથી બનશે તો, તમારી ગભરામણ તથા તમારૂ દુઃખ જરૂર હું દુર કરી શકીશ. તમે મને પોતાની ભરૂસાની લાયક અને પ્રમાણિક દીકરી સમજીને વાત કરો, તમે કોઇ વાતે મારા માટે મનમાં અંદેશો લાવતાં નહીં.

આટલું સાંભળી તે ડોસીને મારા ઉપર ભરૂસો આવ્યો અને ત્યાંથી ખસીને મારો હાથ પકડી બીજી એકાન્ત જગોમાં મને લઇ ગઇ અને કહેવા લાગી કે બેહેન ! તે ત્રણે સ્ત્રીયો અત્યંત ઘોર કૃત્ય કરનારી કૃત્યા છે. માટે કોઇ પણ વાતે તેમનો ભરૂસો રાખતામાં ? તે ઘણી નિર્દય, કપટી, વિશ્વાસઘાતી અને અત્યંત જાદુખોર છે એટલા માટે હું તમને કહું છું. વળી હું અને આ મારી બેહેન આ સ્થાનમાં શી રીતે સપડાયાં છીએ તેની ટુંકામાં ટુંકી હકીકત કરૂં છું કેઃ—

ગાંધર્વ પ્રદેશમાં ભદ્રમંડલ નગરનો રાજા ધનંજયની હું માતુશ્રી છું. અને આ મારી જોડે છે તે મારી બેહેન છે. એક વખતે અમે બન્ને બેહેનો રથમાં બેસીને ધવલગીરી પર્વતની તળેટીમાં અંબીકાનું દર્શન કરવાને માટે હું મારી દીકરી મદલેખાને લેઇને જ્યારે ગઇ હતી તે વખતમાં જીન પ્રદેશનો રાજા તે મારી પુત્રી મદલેખાનું હરણ કરી ચાલતો થયો. તેથી તેના વિયોગથી હાયપીટ કરતી ભદ્રમંડલ ભણી મારા પુત્ર ધનંજયને ખબર આપવા જ્યારે વળી, તે વખતે આ કૃત્યાઓ સુવર્ણના તખ્ત ઉપર બેસીને સુમારે સાયંકાળ વખતે જંગલમાં અમને મળી, તે વખતે તેમનો દિમાક, અને તેમનું પરાક્રમ તથા તેમની તખ્તની દૈવિક શક્તી જોઇને અમે બન્ને બહેનોને વિસ્મય લાગ્યું, તેથી અમે તો તેમને જોતાંજ નમી પડયાં. તે વખતે અમને અનેક યુક્તીનો દીલાસો આપી તખ્ત ઉપર બેસારીને આ સ્થળમાં આણી છે.

આટલી વાત સાંભળીતાજ મને આનંદ થઇ ગયો, અને હું તે વૃદ્ધ ડોસીયોના પગમાં માથુ નમાવીને નમી પડી. સાથે હું કહેવા

લાગી કે માતાજી! હું આપના પુત્રની પુત્રિ છું. ધનંજય મારા પિતા થાય છે, અને તેમના સંબંધથી તમે મારા પિતાની માતુશ્રી થાઓ છો; માટે હું આપનું બાળક છું. આટલું સાંભળીને તે ડોસીએ મને છાતી સરસી ચાંપી, અને પ્રેમનાં આંસું મારા ઉપર વર્ષાવ્યાં; પણ હું આ સ્થાનમાં સપડાઈ ગઇ તેના માટે તે વૃદ્ધ ડોસી ઘણું મુઝાઇ. છતાં તે સાથે તે એટલું સંતોષ પામી કે મારો અધિકાર તે કૃત્યાઓએ પોતાનો કેટલોક ભેદ આપીને વધાર્યો છે.

જ્યારે આમ થયું ત્યારે મેં મારી વાત અત્રે આવતા સુધી જે કંઇ બની હતી તે તમામ કહી જણાવી.

પછી વૃદ્ધ માતુશ્રીએ કહ્યું કે બેટા! જ્યારથી અમે અહિયાં આવ્યાં છીએ ત્યારથી રસોડામાં રસોઇનું કામ કરીયે છીએ. તે કૃત્યાઓની આજ્ઞા વિના અમારાથી અહિયાં પગ મુકાતો નથી. વળી અહિથી ક્યાં નાશી છુટીયે! કેમકે વચમાં સમુદ્ર આવે છે. વળી આ સ્થળ એવું ગુપ્ત છે કે સમુદ્ર કીનારા ઉપર કોઇનું પણ વ્હાણુ આવતું નથી તેમજ પગે ચાલીને જતા જતામાં તખ્ત ઉપર બેસીને તે કૃત્યાઓ અમને જલદીથી પકડી પાડીને બુરા હેવાલથી અમારૂં મોત આણે. આ પ્રમાણે અનેક વિચારથી અમારી કોઇ પણ પ્રકારની હિમ્મત ચાલતી નથી. આ પ્રકારે સઘળી વાત જાણીને મેં વૃદ્ધ ડોસીને કહ્યું કે માતુશ્રી! હું આપનું બાળક છું, પણ જ્યારે કૃત્યાઓ આવે ત્યારે તમે જાણે મને ઓળખતાંજ નથી તેવો વ્યવહાર રાખજો. હવે હું ધીરે ધીરે તમારો છુટકારો થાય તેવી ગોઠવણ કરીશ. તમે કોઇ પણ રીતથી મુઝાશો નહીં. હવે મારે શું કરવું જોઇયે! તેના માટે જોગવાઇ સારૂ હું ઘટમાળમાં છું. તે કૃત્યાઓ કઇ વખતે આવશે? તેનો નિશ્ચય નથી. વળી તમારી સાથે ખાનગી વાતચિત કરવાનો મારો વ્યવહાર કદાચ તે જાણી જાય તો તેમાંથી ઘણુંજ વિપરિત કામ થાય; માટે હવે તમે મારી પાસેથી સટકી જવું જોઇએ. વળી વખતે જ્યારે તમારી જરૂર પડશે ત્યારે તમારા જેવું હું કામ બતાવીશ. આ પ્રમાણે તે વૃદ્ધ ડોસીયોને સમજાવીને તેમને તેમના એકાંત સ્થળ તરફ રવાને કરવામાં આવી.

પ્રકરણ ૮ મું.

કપટજાળ અને પરોપકાર.

બીજે દિવસે બપોરે ત્રણ તખ્ત ઉપર બેસીને પેલી કૃત્યાઓ આવી પહોંચી. તે વખતે હું શૃંગારેલા અવાસમાં એકલી બેઠી હતી.

મને એકલી બેઠેલી જોઇને તે ત્રણેને ઘણોજ આનંદ થયો. તખ્ત ઉપરથી ઉતરીને અવાસમાં આવી, અને ઘણા પ્રેમથી મને ભેટી પડી. પછી રોજના નિયમ પ્રમાણે અમે ચારે જણીયો ભોજન લેવા બેઠી. તે વખતે પેલા હાડપીંજરોની પણ ગમત થવા લાગી. તે તમામ કામથી અટપીને જ્યારે અમે ચારે જણીયો તેજ સ્થળમાં એકાંતે બેઠાં હતાં તે વખતે પેલી પ્રૌઢ વનિતાએ ઉંચા શ્વાસથી નિશ્વાસ મુક્યો. તે જોઇને મ્હેં પુછ્યું કે બહેન! આજ આપની મુખમુદ્રા શા માટે પ્રફુલ્લ જણાતી નથી? હવે મ્હારે આપ વીના આ સ્થળમાં બીજું કોણ છે? કદાચ મારા સરખુ કામ હોય અને ફરમાવશો તો હું કરી શકું તેમ છું. કપાળે કપાળે જુદી બુદ્ધિ હોય છે, આપ તો મારાં મુરબ્બી છો, હવે મારાથી જરીયે આંતરો રાખવો નહિ. હવે હું શા માટે આપનાથી આંતરો રાખું ? મને પક્કી ખાત્રી છે કે બીને ચતુર પુરૂષની જરૂર છે, અને તેવા પુરૂષને આપણા સપાટામાં લાવવાને શાની મહેનત પડવાની છે? કદાચ તે વાત ન હોય તો બીજે ગમે તે હુકમ ફરમાવશો તે બજાવી લાવવાને હું તાબેદાર તૈયાર છું.

જ્યારે આ પ્રમાણે મેં વાત કરી તે વખતે તે પ્રૌઢ યુવતિના હૃદયમાં આનંદનો પારજ રહ્યો નહીં. અને તેણીને ખાત્રી થઇ ગઈ કે આ સ્ત્રી જરૂર કામ બજાવી લાવે તેવી ચંચળ અને ચાલાક છે. એમ સમજીને તેણીએ ફરીથી મારા જમણા હાથના દસ્ત ઉપર ચુંબન કર્યું. પછી કહેવા લાગી કે પ્યારી! હવે આપણે ચારે જણ એકજ છીએ. હવે તમારાથી કોઇ પ્રકારની હું જુદાગીરી સમજતી નથી, માટે હવે હું મારા મર્મની વાત કહું છું કે, અમે ત્રણેની પાસે સુવર્ણની જે દાબડીયો હતી, તે દાબડીયો ફરીથી અમારા હાથમાં આવતી નથી અને તેવી દાબડી સંપાદન કરવાને એકસોને આઠ ચતુર માણસોનો ભોગ જ્યારે અમારી નિલાંબરી દેવીને આપીયે ત્યારે તે દાબડીમાં તેટલી શક્તી પ્રવેશ થઇ શકે તેમ છે. જ્યારથી અમારી દાબડીયો ગુમ થઇ ગઇ ત્યારથી અમે ઘણાંજ બેચેન રહીયે છીએ. તેથી તે દાબડીનો તપાસ કરવા સારૂ ઘણી જગોએ ભયંકર જંગલમા ઠેર ઠેર આથડીને અને છેવટે થાકીને અત્રે આવેલાં છીએ. હવે તેટલી શક્તી પ્રગટ થવાને એકસોને આઠ બુદ્ધિવાન મર્દોની જરૂર છે. ભલે કરી અનુક્રમે ચાર ચાર માણસો આવે અને તે છત્રીસ વારે દસ વરસની મુદતે પણ પુરાં થાય તો તેની હરકત નથી. માટે પ્યારી! તેટલાં માણસ ઘણી મુદતે પણ તું પેદા કરવાની શક્તી ધરાવે છે કે કેમ!

આટલું સાંભળીને તે વખતે મેં પ્રસન્ન વદનથી કહ્યું કે મોટાં બેહેન ! એ કાંઇ કઠિણ વાત નથી. આપતો એકસો ને આઠ કહો છો પણ હું વચન આપુ છું કે રફતે રફતે અને અનુક્રમ વખતે ભલે દસ વરસની અવધ થાય તોપણ તેટલી વખતમાં એકસોને સાઠ ચતુર અને વિદ્વાન પુરૂષ લાવવાને શક્તી ધરાવું છું.

સાબાશ સાબાશ પ્યારી ! હવે અમારા મનમાં આનંદનોજ વરસાદ વરસી રહ્યો છે. હવે તમને સઘળા કામની લગામ અમે સોંપી દઇશું', એમ પ્રૌઢ યુવતી બોલી.

એ વખતે તેમના પ્રત્યે હાથ જોડીને મેંહેં વિનંતી કરી કે બેહેન ! ગમે તેટલી મને સઘળા કામની સત્તા આપશો તો પણ આપની તાબેદારી બજાવવાનો જે ધર્મ છે તેતો હું કદી પણ ત્યાગ-વાનં નથી. પણ તે પહેલાં હું વિનંતી કરૂં તે ઉપર જો આપ ધ્યાન આપશો તો તેથી આગળ જતાં વધારે ફાયદો છે. વળી મારો સઘળો જન્મારો આ સ્થળમાં કાઢવાનો છે. માટે આપની પુરેપુરી વિદ્યા મને જણાવશો તો કોઇથી હું ફસાઇ શકું નહી. વળી મારૂં મર્ણ કેઇ જગોએ થશે તેની મને ખબર નથી. માટે તેનો બંદોબસ્ત આપ કરશો તો પછી પુરૂષોને પકડી લાવી રજુ કરવાનું કામ માથે લેવાને અને તેના માટે તજવીજમાં ફરવાને મને ઠીક પડે. વળી તમારે માટે મારા મનમાં બહુ ફીકર રહે તે પણ રહે નહી. આપણા સઘળાઓનુ એકજ જગોએ મોત હોય તો પછી ભલેને કદી બલા આવે તો પણ તેનાથી આપણે કદી ડરવાનું નથી.

આટલું વચન સાંભળીને તે પ્રૌઢ યુવતી પોતાનું અમુલ્ય કામ સાધન કરી લેવાનું છે એવી અત્યંત આશામાં ફસાયલીએ મારો સમય સુચકતાનો જવાબ સાંભળીને ઘણુંજ પ્રસન્ન પામી. અને તે સમય ત્રણે જણીઓ નિશ્ચય સંકેત કરીને તુરતજ મારો હાથ પકડયો અને કહેવા લાગી કે અત્યારેજ તમે અમારી સાથે ચાલો. કે જેથી તે સંબંધીનો તમામ ખુલાસો કરી નાંખીયે; એમ કહીને ત્રીજા ઓરડામાં પ્રવેશ કર્યો અને એક સંચ હતો તેની કળ દાબી એટલે તેનું પાટીયુ છેક જમીનમાં ઉતરી પડયું.—જ્યારે તેમ થયું ત્યારે તેમાં ઉતરવાને પગથીયાં જોવામાં આવ્યાં.—તે રસ્તે ચાલવા માંડયું.—અંદર ઘણું અંધાર હતું. પણ મારી આગળ પેલી ત્રણ સ્રીયો ચાલતી હતી; અને હું છેક પાછળ હતી;—ચાલતાં ચાલતાં સુમારે ત્રણ કોસ રસ્તો ભોંયરામાં સાંકડા રસ્તામાં કાપ્યો. ત્યારે ઉ-પરે ચઢવાનાં પગથીયાં આવ્યાં. તે પગથીયાં સુમારે બે હજાર જ્યારે

અમે ચઢયાં ત્યારે ત્યાં સંચ આવ્યો. તે જગોએ મજબુત ખીલો હતો તે છીદ્રમાં ઘાલીને જ્યારે ઠોક્યો ત્યારે બારણું ખુલ્લુ થયું. એટલે અજવાળું માલુમ પડયું અને બાહેર નીકલ્યાં, ત્યારે એક કોસ ઉંચાણુ પર્વત ઉપર ચઢયા હોઇએ એવું જણાયું; ત્યાંથી અમે તેથી પણ ઉંચાંણુમાં ચઢવા લાગ્યાં. જ્યારે સરાસરી એક કોસ દુર ગયાં ત્યારે એક ગુફાના દ્વાર આગળ પથ્થર ગોઠવેલો જણાયો તેને યુક્તિથી ખસેડીને અંદર પ્રવેશ કર્યો.–જરાક દુર ગયાં એટલે ત્રણ હાથ કાળા પથ્થરની વિકાળ મુર્તિ માલુમ પડી. તે આગળ ઉભાં રહીને પેલી ત્રણ કૃત્યાઓએ સ્તુતિ કરી. ત્યારે તે વખતે હું પણ હાથ જોડીને ઉભી રહી હતી; પછી થોડી વાર કેડે એક ગોખલામાં માટીનો કુંભ હતો તે કુંભમાં જળ ભરીને તે જળમાં મારા જમણા હાથનો પાંહાંચો બોળાવ્યો, તે વખતે જાણે મારો હાથ કોઇ ખેંચતું હોય એમ જણાયું. પણ ઝાઝી વાર મારો હાથ તેમાં રખાવ્યો નહી. પછી તે નિલાંબરી દેવીના ચરણને ધોઇને તેમાંથી બિંદુના છાંટા ઘડામાં નાંખ્યા ત્યાર બાદ મદિરાનું પાત્ર નિલાંબરી દેવીના મુખમાં રેડયું. અને તે મદીરાનો ભાગ છેક નીચેની કુંડીમાં આવવાથી તેમાંથી મદ્ય પાત્ર ભરીને ઘડામાં રેડયું.—એટલું કર્યા પછી તે ઘડાનું મુખ બંધ કરીને નીલાંબરી દેવીની પાછળ પોલાંણનો ભાગ હતો તે પોલાંણમાં ત્રણ ઘડા ગોઠવ્યા હતા તેની જોડે ચોથો ઘડો ગોઠવ્યો; આમ કર્યા પછી તે ત્રણે જણીમાંથી અગ્રેશ્વર પ્રૌઢ યુવતિ મને કહેવા લાગી કે આ કુંભ તમારો છે અને બાકીના ત્રણ કુંભ અમે ત્રણે બેહેનોના છે.—હવે તમારૂ મૃત્યુ નથી. જ્યારે આ કુંભને કોઇ ફોડી નાંખનાર અને તેમાંથી પ્રવાહી પદાર્થ ઢોળી નાંખનાર કોઇ મળે ત્યારેજ તુર્ત મૃત્યુ ઉત્પન્ન થાય; આ પ્રમાણે તેણીયે મને કહ્યું.

તે વખતે તપાસ કરીને મેં પ્રશ્ન કર્યો કે આ કુંભના છેક નીચાણમાં સુવર્ણની સુરાહી શાની છે ! અને તેમાં શો પદાર્થ છે ! તે શા કામનો છે !

તે વખતે કૃત્યાએ જવાબ આપ્યો કે આ દેવીને જે ભોગ આપવામાં આવે છે તેમનાં છેક હાડપિંજર રહેલાં હોય છે તે હાડપિંજરને માંસ અને ચર્મ સહીત ચેતનમાં આણવાં હોય તો આ સુરાહીમાં અમૃત છે તેનો બિંદુ છાંટવાથી સજીવન થાય છે. અને તેઓ પોતાના રસ્તે પડે છે. પણ આપણે તેમ નથી કરતા કારણકે આ ગુપ્ત સ્થાનની તે લોકોને માહીતી મળે છે અને છેવટ પરીણામે આપણા ઉપર આફત આવ્યા વિના રહેજ નહી, માટે તેવાંને તેવાં

હાડપિંજર રાખવામાં આવે છે; વળી તે હાડપિંજરનો પ્રભાવ સજીવન રહેવાનો એવો છે કે; તે વીસ વરસ સુધી રહે છે પછી તેમના પિંજરામાં ચૈતન સત્વ ઉઠી જઇને જમીન ઉપર શાન્ત થઇ જાય છે. હાલ જે સાત હાડપિંજરો છે તેઓને વીસ વરસ થયાં નથી પણ આર વરસ થયાં છે. તેથી ઘાંણા વખતે ગમ્મત કરવા પુરતાંજ કામમાં આવે છે. અને એક કોટડીમાં પડ્યાં રહે છે. બેહેન! તેમાં આપણું શું ગયું! જો પડ્યાં રહ્યાં પણ તે હાડપિંજરોને સજીવન કરવામાં કંઇજ માલ નથી.

આટલો જ્યારે ખુલાસો આપ્યો ત્યારે એજ વખતે મેં તેમના પગ ઉપર મારૂ માથુ મુક્યું અને હાથ જોડીને હું કહેવા લાગી કે બાઇ સાહેબ! હવે જેટલો ઉપકાર આપનો માનું તેટલો ઓછો છે આજે આપે મારૂં જીવન સફળ કર્યું. મારો આયુષ્ય વધ તથા મારૂં જીવન સુધાર્યું; વળી મારા ઉપર તમે સધળો ઇતબાર રાખ્યો છે તો પછી હું તમારૂં દરેક કામ કરવાને શા માટે શક્તીવાન ન થાઉં.

હવે મારા ધારવા પ્રમાણે આપના જેવી બળવાન થઇ ચુકી છું. આપના જેટલી મારામાં પણ વિદ્યા પ્રગટ થઇ ગઇ છે પણ ફરી પુછુ છું કે સુવર્ણનો તખ્ત આકાશ માર્ગે હાકવામાં બીજો કાંઇ ભેદ હવે રહેલો છે!

તે બોલી કે ના હવે કંઇજ ભેદ નથી. એટલે તે તખ્ત ઉપર જ્યાં સુધી યંત્ર છે ત્યાં સુધી અને જ્યાં સુધી તમારા કંઠમાં યંત્રની માળા સુવર્ણના યંત્ર લખેલા પાન વાળી છાતી ઉપર છે ત્યાં સુધી તમારા મનમાં આવે તે તરફ રાત્રદીવશ ખેલ્યા કરશો તોપણ કોઇ પ્રકારનો વાંધો આવતો નથી.

અમે સુવર્ણની યંત્રવાળી માળા ક્ષણમાત્ર પણ બ્હીલી મુકતાં નથી. માટે તે સંભાળવાને માટે તમે ખુબ કાળજી રાખશો.

આ પ્રમાણે ખુલાસો થયા બાદ કેટલીકવાર અમે ત્યાં બેઠાં ત્યારપછી ત્યાંથી ઉઠીને આવેલે રસ્તે તથા ગુફામાં થઇને અમારા સ્થાનના ઓરડામાં દાખલ થઇ ગયાં ત્યારે દીવાબત્તીનો વખત થવા આવ્યો હતો. રાત્રીએ દરરોજના રાખતા પ્રમાણે ગમત થઇ રહી હતી પછી તે સઘળુ સમેટયા પછી રાત્રીએ અમે ચારે જણીયો જુદા જુદા પલંગમાં નિંદ્રાવશ થયાં.

પેલી ત્રણે સ્રીયો જે વખતે નિંદ્રવશ થઇ તે વખતે મારાં નેત્ર ખુલ્લાં હતાં. હું અંદરખાને જાગતી હતી અને મારા હૃદયમાં ગોઠવણીના દરેક વિચાર ચોક્કસ થવા લાગ્યા, હવે કેમ કરવું તેના માટે

રાત્રીએ વિચાર ઘડી કાઢયો પછી પ્રાતઃકાળ થયો એટલે સ્નાન ધ્યાનથી અટપીને બપોરે જમી લીધું, અને તે થયા બાદ, મેં પ્રૌઢ વયની કૃત્યા પ્રત્યે હાથ જોડીને વિનંતી કરી કે હું જે કામે જાઉં છું તે કામમાં હાલ એકદમ બાર માણુસો સુશોભિત—ચતુર, વિદ્વાન, અને તરૂણ વયના ઘણા બાહાદુર લાવવાની છું. જેમાં માતાજીને ભોગ આપવામાં કોઇ પણ રીતની ખોડખાંપણ હોય નહીં તેવા લાવીશ. અને તેમ કરવામાં માત્ર બે દીવશથી ત્રીજે દીવશ કરવાની નથી. ત્યારે હું વિનંતી કરૂં છું કે આપના સુવર્ણનાં ત્રણ તખ્ત અને યંત્રની ત્રણે માળાઓ મને આપો તો દરેક તખ્ત ઉપર ત્રણ ત્રણ અને ચાર માણુસોને સાંકડે મોકળે બેસારવામાં આવે. એટલે હાલ કેટલીક મુદત સુધી ચાલી શકે તેટલું કામ કરવાને આપણુને પણ ઠીક થઇ પડશે અને સુવર્ણની દાબડીયો પ્રયોગથી તૈયાર કરવામાં નિદાન બે વરસની અંદર એકસોને આઠ માણુસોનું ઠેકાણું પાડી દેવામાં આવે તો તેથી આપણે તે કામથી જલદી અટપી લઇયે તો કેમ !

માહારૂં આ પ્રમાણે સગવડ ભરેલું વચન સાંભળીને તેમને તો ઘણોજ આનંદ થયો. તે સ્ત્રીયો નિરંતર ભટકતી હતી છતાં તેમના સપાટામાં કોઇ આવતું હોતું. અને હું જ્યારે એકદમ બાર માણુસોનો જથો કરી નાંખવાની પ્રતિજ્ઞા લઇને નીકળું છું ત્યારે તેમને આનંદ થવામાં શાની મણા રહે !

તે પ્રૌઢ સ્ત્રીયે અને બાકીની બે સ્ત્રીયોએ પોતપોતાના કંઠમાંની યંત્રની માળાઓ મને સ્વાધીન કરી એટલે તે ત્રણે માળા મેં મારા મજબુત ગજવામાં મુકી દીધી અને તે સાથે ત્રણે તખ્ત મારા તખ્ત સાથે જોડી દીધા. અને તે તખ્ત ઉપર પાણીની સુરાહી. અને અનેક પ્રકારની ખાવાની ચીજો ગોઠવીને હું ત્યાંથી ઉપડી.

આ સ્થળથી હવે મારે ક્યાં જવું જોઇયે ! તેના માટે મેં નિશ્ચય કર્યો હતો; કે ઓરડાના ભોંયરામાં માર્ગ હતો તેતો મારા જાણુવામાં હતો અને તે કઇ દીશાએ માર્ગ જાય છે તે બાબત મેં નિર્ણય કર્યું હતું તેથી તે અવાસથી પુર્વે દીશાએ જે પર્વત હતો તે પર્વત ભણી આકાશ માર્ગે મેં ગતી કરી. અને નીલગીરી દેવીની ગુફામાં પ્રવેશ કરવાનો જ્યાં પથ્થર હતો એજ જગાએ સઘળાં તખ્ત સુદ્ધાં હું પોહોચી; તે પથ્થરને મેં ફેરવ્યો અને તેમાં બાકીના ત્રણે તખ્તો અંદર ઘસેડી લીધાં અને મારૂં તખ્ત તે ગુફાની અંદર દ્વાર આગળ રાખ્યું, પછી હું શ્રી નિલાંબરી દેવીની આગળ જઇને ઉભી રહી. અને ચકમક પથ્થરની અગ્ની પ્રગટ કરીને ઘીનો દીપક

પ્રજ્વાલિત કર્યો. એટલે પ્રકાશ થયો; આ વખતે બપોર પછી ત્રણ ઘટિકા વીતી હતી. તે વખતે દેવીની મેં સ્તુતિ કરી. અને કહ્યું કે હે દેવી ! તું જગતનું કલ્યાણ કરવાવાળી છતાં તામસી પ્રકૃતિવાળી અત્યંત ઘોર કૃત્ય કરનારી ઉપર શા માટે કૃપા કરે છે ! જે પરોપકાર કરનાર છે તેના ઉમદા કામ સામે તું કેમ નજર નથી કરતી ! હે દેવી ! જેઓ મનુષ્ય દેહ પામીને પરમાર્થ કરનારા શરવીર રાજપુત્રો છે તેઓની સાથે અનેક પ્રકારના ભોગ ભોગવીને અને તેમને નિર્બળ કરીને અને ત્યાર પછી તેઓને ઉત્તમ ખોરાક આપીને તારી આગળ રજુ કરે છે. ગુફાનું દ્વાર સંચથી બંધ કરીને તે કૃત્યાઓ ચાલી જાય છે અને તે નિરઅપરાધી તારી આગળ ભુખ્યા અને તરસ્યા મર્ણ પામે છે. તે શું તેમનું ઉમદા કામ કહેવાય છે ! હે માજી ! હું તેવા અધમ કર્મને ધિક્કાર આપું છું માટે તું મારા કામમાં સહાય થજે. આ પ્રમાણે કહીને અને તેને નમસ્કાર કરીને હું ઉભી થઇ પછી તે દેવીની પાછળ જે ઘટ ગોઠવ્યા હતા. તે પૈકી મારા નામનો ઘટ હું જાતે ઓળખતી હતી તે કાયમ રાખીને બાકીના ત્રણે ઘટ એજ જગોએ અતિ સત્વરથી ફોડી નાંખ્યા. અને તુરત નમસ્કાર કરીને હું પેલી ગુફાના દ્વાર આગળ આવીને ફક્ત મારૂં તખ્ત મારે કબજે કરીને અને પેલી વધારાની યંત્રની ત્રણે માળાઓ મારા ઘુંઝામાં મૂકીને ગુફાનું દ્વાર બંધ કરીને ત્યાંથી બીજી દીશાએ એક ઉંચો પર્વત હતો તેના શિખ્ખર ઉપર કોઇને પણ ખબર પડે નહી તેવી રીતે તખ્ત ઠરાવી દીધું અને ત્યાં બેઠે બેઠે પેલું કૃત્યાઓનું સ્થાન જોવા લાગી; ત્યારે એક સુક્ષ્મ આકૃતિ અવાસની જણાતી હતી. તે અવાસમાંથી એકદમ ધુમાડીના ગોટા નીકળવા માંડયા. અને જેવી રીતે ધરતી કંપ થવાથી મોટા મોટા પથ્થર અરધા કોસ સુધી આકાશમાં ઉડીને પડે છે તેવી રીતે તે સ્થળમાંથી ધુમ્ર વર્ણ સાથે પથ્થરથી ચણેલા અવાસના પથરાઓ ચારે બાજુથી ફાટીને એકદમ જમીનમાં ગેબ થઈ ગયાં. અને તે જગોએ ખાસ મેદાન જોવામાં આવ્યું. આ વખતે મને ઘણોજ ભય લાગ્યો પણ તેની ખાત્રી કરવાને માટે હું વિશેષ ચાર ઘટિકા સુધી તે શિખ્ખર ઉપર ટકી, અને બારીક દ્રષ્ટીથી વારંવાર જોયા કર્યું પણ મેદાન શીવાય બીજુ કંઇજ દેખાયું નહી. પ્રથમ છાપરૂ તથા અવાસી દેખતી હતી તે પણ ફના થઇ ગએલું જણાયું. જ્યારે મ્હેં આ પ્રમાણે ખાત્રી કરી ત્યારે હું એજ તખ્ત ઉપર બેશીને એજ દીશાએ વળી અને જોઉછું તો પેલી ત્રણે દુષ્ટ સ્ત્રીયોનાં લોહીથી ખરડાયલાં મડદાં રસ્તામાં રખડતાં જોવામાં આવ્યાં.—તે જગોએ પેલી નિર અપરાધી બે ઘરડી ડોસીયો એક

ખાખરાના ઝાડના થડમાં બેસી રહેલી દીઠી. અને પેલાં હાડપીંજર જમીન ઉપર ખુલ્લા મેદાનમાં જેમનાં તેમ બેસી રહેલાં જોવામાં આવ્યાં. આ શિવાય બીજુ કંઇજ દીઠું નહી. મોટા ચોક તથા સંગારેલા ઓરડા તથા મોટા મોટા પલંગ વિગરે સ્વપ્નવત્ જોવામાં આવ્યું. આ વખતે પેલી બન્ને ડોસીયો મારી પાસે આવીને વારંવાર પગે લાગવા લાગી. અને કહ્યું કે હે બાઇ સાહેબ! આજનો આ અદ્દભુત ચમત્કાર જોઇને અમારૂ હૈયુ હાથ રહેતું નથી. જો તમે અહીયાં આવ્યાં નહોત તો આ વીકટ જંગલમાં રાત્રેજ અમારા પ્રાણ ભયને લીધે નીકળી જાત. આ બધુ કયાં ગયું? અને આ કુત્યાઓ શી રીતે મર્ણ પામેલી અહીયાં જમીનમાં અથડાય છે. એ સઘળું જોઇને તો અમારા હાજા ગગડી ગયા છે. હે બેહેન તમારૂ ભલું થજો, એ પ્રમાણે કહીને તે બન્ને ડોસીયો મારા આગળ ઉભી રહી. એટલામા વારંવાર નમન કરતા કરતા પેલા હાડપીંજર આવી પહોંચ્યા અને તેઓ પણ દીન વચનથી મારી સ્તુતિ કરવા લાગ્યા, મ્હેં તે સઘળાંઓને આશ્વાસન આપ્યું કે હવે તમારો છુટકારો થવાનો છે. જો હું અત્રે આવી નહોત તો તમારૂ કલ્યાણ કદી પણ થાત નહી–હવે હું મારો મર્દ સ્વાંગ ધારણ કરૂ છું. એમ કહીને પોતાનો મર્દ સ્વાંગ ટોપ કવચ વીગેરે જે બાજુએ પડયુ હતું તે સમગ્ર ધારણ કરીને અને કંઠમાં યંત્ર પેહેરીને તખ્ત ઉપર ચઢી બેઠી પછી તે બન્ને ડોસીયોને અને હાડપિંજરોને કહ્યું કે તમે હમણાં સબુર રાખો હું હમણાં આવું છું. એમ કહીને નીલાંબરીની ગુફા તરફ હું જઇ પોહોચી અને તેમાંથી બીજા ત્રણ તખ્ત લઇને હું ત્યાં આવી. પછી એક તખ્તમાં પેલી ડોસીયોને બેસાર્યા. અને બે તખ્ત ઉપર પેલા હાડપિંજરોને ગોઠવીને ત્યાંથી ફરી પાછી નીલાંબરી દેવી આગળ રજુ થઇ ગઇ. તે જગોએથી દેવીની પાછળથી કોઇને ખબર પડે નહીં તેવી રીતે સુવર્ણની સુરાહીમાંથી પ્રવાહી પદાર્થ લઇને પેલાં હાડપિંજરો ઉપર છાંટવામાં આવ્યું એટલે તેઓ પૂર્વે હતા. તેવા કાન્તીવાળા સુશોભિત સ્વરૂપવાળા સાતે માણસો પ્રગટ થયા અને તેઓ મારા પગમાં માથું નમાવીને વારંવાર સ્તુતિ કરવા લાગ્યા. તે માણસોને મેં આજ્ઞા આપી કે મારો ઘોડો છે તે એક પછી એક બેસીને તમે તમારા અસલ રસ્તે ચાલ્યા જાઓ. આ પ્રકારે તેમને આજ્ઞા આપી અને આખી રાત્ર નીલાંબરી દેવીની ગુફામાં વાસ કર્યો. પ્રાતઃકાળ થયો. એટલે મારી પાસે બીજી ત્રણ માળાઓ મારા ઘુંઝામાં હતી તે કાયમ રહેવા દઇને તે તમામ તખ્ત સાથે દોરડાની સ્પર્શ યુકતી કરીને પેલા લોકોને સમુદ્રની મર્યાદા ઓળંગાય. મારો ઘોડો હતો તેને તે કુત્યાઓએ

કપાળમાં યંત્ર ચોઢયો હતો એમ મને નિશ્ચય થયાથી તેને તેમ કરવાથી તે પણ તખ્તની બરોબર ઘણા વેગથી સમુદ્રને ઓળંગી શક્યો. સમુદ્ર ઓળંગ્યા બાદ તેઓને મારો ઘોડો અર્પણ કરીને ખુશકીરસ્તે તેમને તેમના દેશ તરફ જવાને પરવાનગી આપી. તેઓ મારો અત્યંત ઉપકાર માનીને રસ્તે ચાલતા થયા.

બાકીના બન્ને ડોસીયોને તખ્ત ઉપર બેસારીને ભદ્રમંડલની ભાગોળમાં મુકયા. અને તેમને મેં કહ્યું કે હવે આ તખ્ત તમારી પાસે રહી શકશે નહીં. અને હું મારા કામે નીકળી છું તે કદી પણ નગરમાં પગ મુકવાની નથી. તમે શી રીતે છુટયાં તે સંબંધી મારા પિતાજીને તમે વાત કરજો. એમ કહીને પેલાં ત્રણે તખ્ત સાથે નિશ્ચય દિશા જે બાંધી હતી તે તરફ મેં પ્રવાસ કર્યો. અને છેવટે રાત્રીની શરૂવાતમાં હું નીલાંબરી દેવીની ગુફા આગળ આવી પોહોચી. અને તેમાં ત્રણે તખ્ત ગોઠવી દીધાં. આખી રાત્ર તે નિર્ભય સ્થાનમાં હું રહી. પછી પ્રાતઃકાળ થયો એટલે દેવીને નમસ્કાર કરીને અને તખ્તને યોગ્ય જગોએ કે કોઇને હાથ આવે નહી તેમ ગોઠવીને તથા ગુફાનું દ્વાર બંધ કરીને ત્યાંથી આકાશ માર્ગે રસ્તો પકડયો. રાત્ર દીવસ સમુદ્રને રસ્તે પ્રવેશ કરતાં. છેવટે અગમ્ય સ્થાનમાં હું અત્રે આવી પહોંચી. તેમાં એક સુભગા નામની બાવન પરી પૈકીની એક અપ્સરા કે જેણે મને એમ જાણી કે આપણા નાયકનો ઉદ્ધાર થયો માટે તખ્ત ઉપર બેશીને આવે છે તેથી તે હર્ષ યુક્ત થૈહેલી બનેલી મને જોતાંજ તુર્ત ભેટી અને મારા હાથનું ચુંબન લેવા લાગી– આ વખતે હું નવિન તથા અજાણ્યો હોવાથી બીજું કંઇજ બોલી શકી નહી પણ જ્યારે તે પોતાના અવાસમાં લઇ ગઇ ત્યારે તે પોતે તેમાં એકલી રહેતી હતી એમ જણાયું તેણીયે મને સઘળા સમાચાર પુછ્યા એટલે મ્હેં મારો સઘળો ભેદ ખુલ્લો કર્યો અને મ્હેં જાહેર કર્યું કે હું પુરૂષ નથી પણ સ્ત્રી છું.—વળિ હું જેને મ્હાઉં છું તેનો તપાસ કરવા આવી છું.–આ પ્રમાણે મ્હે પોતાનો સઘળો હેવાલ જ્યારે જાહેર કર્યો ત્યારે તે મારા ઉપર ઘણીજ કૃપા રાખવા લાગી. અમે બન્ને બેહેનપણીયો થઇ—પણ જ્યારે દીવશે હું ફરવા નીકળું ત્યારે મર્દનો પોશાક પેહેરીને ફરતી હતી. મારી બેહેનપણી સુભગાએ પોતાનો નાયક કૃષ્ણાંબરી દેવીની જાદુ વિદ્યામાં પક્ષી બનેલો છે તેથી તેના વિયોગથી અમે સઘળી બાવન પરિયો શોક ભોગવિયે છીએ. જ્યારે તે અસલ સ્થીતિમાં આવે નહી ત્યાં સુધી અમને કોઇ પણ પ્રકારનું ચેન પડવાનું નથી. આ પ્રમાણે તેણીએ સમગ્ર વાત મને કહી હતી,—પછી જ્યારે કેટલાક વખત વીતી ગયો કેટલાક મહીના

થયા ત્યારે એમ જણાયું કે તે કૃષ્ણાંબરી દેવીનો કોઇ વીર પુરૂષે વધ કર્યો છે.-જ્યારે મ્હેં મારી બેનપણીને થતો આનંદ આજથી પાંચમે દીવસે જોયો ત્યારે બાવન પરીયોને કોઇ પણ રીતથી નમીને બદ્રમંડલ લઇ જવાને પ્રયત્ન કરવો એમ મારા મનમાં આવ્યું હતું- હવે તે વાત બાજુ ઉપર મુકુછું પણ દરરોજના રાબતા પ્રમાણે હું જ્યારે મર્દનો સ્વાંગ પેહેરીને સેજ ફરવા નીકળ્યો તે વખતે ઘણી અજાયબી ભરેલી હકીકત બની.—

આ સઘળી હકીકત તે સ્રીયે પ્રતાપરૂદ્રને પૂર્વે લખ્યા પ્રમાણે કહી બતાવી અને તેમાં છેવટે વસંતકોકિલાએ કહ્યું કે એજ કૃત્યાના કૃત્યને જીતીને આપના હાથનો જ્યારે દોરો મેં છોડયો ત્યારે આપના દર્શનનો મને લાભ થયો છે એમ કહીને વસંતકોકિલાએ પ્રતાપરૂદ્રના જમણા હાથના દસ્ત ઉપર ચુંબન કર્યું.

આ વખતે અપ્સરાઓના નાયક સમક્ષ તથા તે સમયે કેટલીક અપ્સરાઓ નીકટ બેઠી હતી તે તમામ સમક્ષ પ્રતાપરૂદ્રે પોતાના હૃદય ઉપર હાથ મુકીને વસંતકોકિલા પ્રત્યે કહ્યું કે તમે જે પરાક્રમ કર્યું છે તેવું મારાથી લેશ પણ બની શકે તેમ નથી. તમેજ શુર મર્દ કહીયે તો ચાલે. તમેજ સ્રી જાતીમાં છતાં સઘળી સ્રીયોના મનનું અને તેમના પરાક્રમના ગર્વનું ખંડન કરનારાં વિરાંગના છો વળી તમેજ પોતાના બચાવ માટે જે માહારો ઉપકાર માનતાં હતાં તેનો ખરેખરો બદલો વાળ્યો છે. આ બદલો એવો વાળ્યો છે કે તેના બદલામાં હું બદલો વાળવાને સેંકડો જન્મ ધરૂં તો પણ અશક્ત છું કેમકે તે કૃત્યાના હાથથી પથ્થર પ્રતિમા બનેલો ક્યારે પણ હું મુક્ત થાત નહીં. વળી બદ્ર મંડલમાં ઇંદ્ર રાજાના આવવાને કરેલો વાયદો જુઠો પડત, તેમ કરીને હમેશાંને માટે એવો તો હું નાલાયક અને અસત્ય વક્તા ઠરત કે મને મળેલા મનુષ્ય જન્મ કેવળ વૃથા અને ભારવાહક જેવો તથા મૃત્યુ તેવો માનવાને કંઇજ પણ શક નથી હે દેવી આ બાબત તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે!

વળી તમે પોતાની સમગ્ર વાત કહી તેમાં એક શંકા હું એટલીજ દુર કરૂં છું કે તમે જે સરોવર ઉપર રાત્રવાસો રહ્યા હતા એજ સરોવર ઉપર હું તમારા આવતા અગાઉ રાત્ર વાસો રહ્યો હતો, અને તે સમયમાં અર્ધ રાત્રીએ તમારા કહ્યા પ્રમાણે સુવર્ણ તખ્ત ઉપર બેસીને કૃત્યાઓ આવેલી હતી. તે તખ્તને સુના મુકીને સ્નાન કરવા ગઇ હતી. તેણીઓએ એક કાળા રંગના માણસને રક્ષપાળ મુકયો હતો તેને મેં મારા બાણથી વિંધી નાંખ્યો હતો.

હતો. જ્યારે તે જમીન ઉપર પડયો અને મર્ણની અણી ઉપર હતો, ત્યારે તે વખતે હું તેની પાસે ગયો હતો. મરતી વખતેં તેના બોલવા ઉપરથી એમ જણાતું હતું કે કૃત્યાઓની તાબેદારીમાં રહ્યા કરતાં કરતાં આ મર્ણ ઉત્તમ છે. અને મને મારનારનો હું મોટો ઉપકાર માનું છું આ પ્રમાણે જ્યારે તે બનેલો હતો ત્યારે હું તેની પાસેજ ઉભો હતો. મરતી વખતે તમામ ભેદ મને કહી બતાવ્યો તેથી પેલી સુવર્ણની જે ત્રણ દાબડીયો હતી તે મેં ઉપાડી લીધી અને હું વૃક્ષ ઉપર ચઢી ગયો હતો. પછી કૃત્યાઓ ત્યાંથી દાબડીયો નહી જોવાથી અફસોસ કરતી ચાલી ગઇ.

આ પ્રમાણે પ્રતાપરૂદ્રે વસંતકોકિલાને પોતાના તમામ પ્રવાસની વાત કહી જેમાં ત્રણ દાબડીયોમાંથી ત્રણ માણસોના છુટકારાની હકીકત અને તેઓએ જે વાત પ્રતાપરૂદ્રને કહી હતી તે સમગ્ર વાત તથા તેઓ પૈકી બે માણસો ભ મંડળના હતા તે અને એક રાજ-કુમાર પોતાનો વાસો જે ગામમાં હતો તે ગામના રાજાનો પુત્ર હતો તે વીગરે તમામ હકીકત પ્રતાપરૂદ્રે વસંતકોકિલાને કહી સંભળાવી.

આ વખતે તે સઘળી મંડળીમાં વસંત કોકિલાના પર ક્રમનાં સંપૂર્ણ વખાણ થયાં; પછી રાત્રી સમયે ભોજનનો વખત થવાથી ઘણા આનંદથી ભોજન કરી લીધું; પછી પ્રાતઃકાળ થયો.

ઇંદ્ર રાજાને હવે ભદ્રમંડલમાં આવવાને માત્ર પંદર દિવસ રહ્યા છે. તેથી તેમના આવવા અગાઉ પ્રથમથી એક અઠવાડીયા પુરતુ જઇ પહોંચવું જોઇયે. તેટલા માટે તુંગભદ્ર જે કે અપ્સરાઓનો નાયક હતો તેને પ્રતાપરૂદ્રે કહ્યું કે હે ભાઈ! તમે મને જે વચન આપ્યું છે તે કામ કરવાને માટે હવે ભદ્રમંડલમાં અમારા મિજબાંન તરીકે બાવન અપ્સરાઓ સાથે પધારશો, અને આપના આવ્યા પછી સ્વર્ગમાં નીવાસ કરનારા ઇં રાજા પણ ભદ્રમંડલમાં પધારવાના છે. માટે હવે તેમના આવતા પહેલાં આઠ દીવસ અગાઉ આપણે ભદ્રમં-ડળમાં જવું યોગ્ય છે. કેમકે ઇંદ્રને આવવાને હવે માત્ર ચૌદ દીવસ બાકી રહ્યા છે.

પ્રતાપરૂદ્રનું વચન સાંભળીને ઘણા આનંદ સાથે તુંગભદ્રે તે-મ કરવાને હા પાડી. તે વખતે બહુજ વિચિક્ષણ અને લાવણ્યવતિ ચંદ્ર જોત્સ્ના નામની અપ્સરા હતી તેને તુંગભ કહ્યું કે સમગ્ર બાવન પરીયોને ભેગી કરીને આ જગોએ કાલે સાંઝ સુધીમાં આવો. અને પરમ દિવસે ભદ્રમંડલ જવાને પ્રાતઃકાળે તૈયારી કરવાની છે.

નાયકનું વચન સાંભળી સુવર્ણ તખ્ત ઉપર બેસીને ચંદ્ર જોત્સ્ના

ત્યાંથી વિદાય થઇ. અને થએલી આજ્ઞા પ્રમાણે બાવન પરિયોને લઇને બીજે દીવસે તુંગભદ્ર પાસે આવી પહોંચી.

આ વખતે સાયંકાળ હતો; જેમાં બાવન પરીયોનાં સુવર્ણ તેમ પ્રકાશ આપતી શમેદાની (દીપકની રોશની) સાથેની શોભા આપી રહેલાં હતાં જેમાં કોઇ શ્યામ વર્ણની છતાં સુરેખ દીપક જ્યોત તુલ્ય નાશિકાવાળી તથા મોહક મિત્રવાળી છતાં ધવલ વસ્ત્ર ધારણ કરનારી દીપતી હતી. ત્યારે બીજાઓ ગુલાબ પુષ્પ સમાન રંગવાળી લોચનને લલચાવનારી સ્વમ વસ્ત્ર પેહેરીને મનને ક્ષણવારમાં આકર્ષે તેવી દેખાતી હતી હતી. કોઇ ચંપકવર્ણની પોતાના સ્વરૂપના ગુમાનમાં છતાં સંગીતતાનમાં મસ્ત હતી. એવી અનેક રીતે જુદી જુદી પ્રકારની શોભા બતાવનારી અપ્સરાઓનો જથો જોઇને પ્રતાપરૂદ્ર ખરેખર આશ્ચર્ય પામ્યો અને તેમને જોઇનેજ તેને નિશ્ચય થયો કે ઇંદ્ર આગળ સ્વર્ગમાં જે શોભા હતી તે શોભાને ઝાંખી પાડી નાંખનારી આ બાવન પરિયોને જ્યારે ઇંદ્ર જોશે તે વખતે તેને આનંદ થયા શિવાય રહેશે નહીં. આહાહા! હવે મારી મુરાદ પુરી થશે! આ પ્રમાણે વિચાર કરતો પ્રતાપરૂદ્ર એકી દ્રષ્ટીથી જ્યાં તે તરફ જોયાં કરે છે. તેટલામાં તુંગભદ્ર નાયકે તમામ અપ્સરાઓને આજ્ઞા આપી કે હે બાઇયો! મારો ઉદ્ધાર આ પ્રતાપરૂદ્ર વીરપુરૂષથી થએલો છે અને તેમની ડાબી બાજુએ પવિત્ર અને વિરંગના જે બાઇસાહેબશ્રી વસંતકોકીલા બેઠાં છે તે સર્વનો ઉદ્ધાર કરવારૂપ અત્યંત પરાક્રમ કરનારાં દેવીરૂપ છે. માટે તેમની સાથે આવતી કાલે આપણે ભદ્રમંડલ જે કે ગાંધર્વ રાજ કહેવાય છે. ત્યાં જવું છે. હવે તે તો આપણા મિજબાંન છે. પણ હવે તે આપણને મિજબાંન તરીકે પોતાના પ્રદેશમાં તેડે છે. હું તેમની કોટીક જન્મ પર્યંત શેવા ચાકરી બજાવું તે પણ થોડી છે. માટે કાલે તે તરફ જવાને તૈયારી કરો. હવે અત્રેથી ક્યાંયે જવું નથી.

આ વખતે પ્રતાપરૂદ્રની આગળ નાચ શરૂ કરો. અને તેમનું મન પ્રસન્ન કરો. આ પ્રમાણે તુંગભદ્રનું વચન સાંભળી સઘળી અપ્સરાઓએ પોતાના પગમાં ઘુઘરા બાંધી દીધા. જ્યાં એમ થયું એટલે તુંગભદ્રે શરોદો હાથમાં લીધો. અને તેનો મિત્ર જે હતો તેણે નરઘાંનો સાજ કમરમાં બાંધી તૈયાર થયો. રાગણીની લેહેરો સરોદા ઉપર કાંમઠી ફેરવીને જેમ જેમ તુંગભદ્ર છોડતો જાય તેમ-તેમ બાવન અપ્સરાઓના ઘુઘરા બંધન સાથેના પગ એક સરખી રીતે તાલ સાથે પડવા લાગ્યા, આ વખતે જે શોભા થઇ રહેલી

હતી તે શોભાનું વર્ણન લખવાને ભલ ભલા રસિક માણસોને પણ હદ મળી શકે નહી; કેમકે સંગીતથી કે જે મસ્ત સ્થિતિ થાય છે તે સ્થિતિનું વર્ણન મસ્ત પુરૂષોજ લખી શકે છે. પણ જેને સંગીતનું ગ્નાન નથી તે લાવણ્ય અને ઉત્તમ સ્વરૂપયુક્ત સુંદરી સમુહના મુખથી નીકળતા સંગીત રંગ ઢંગની મજાહ શું જાણશે ! ત્યારે આ વખતે પ્રતાપરૂદ્ર અને વસંતકોકિલાને તે સઘળું જોઇને વધારે આનંદ થયો. આ પ્રકારે ગાન તાન થવામાં અર્ધ રાત્ર વીતી ગઇ. પછી થોડીકવાર સુધી નિરૂતિ ભોગવીને પ્રાતઃકાળ થયો એટલે બાવન પરિયો તથા તુંગભદ્ર અને તેનો મિત્ર વિગેરે સુધાં પ્રતાપરૂ અને વસંતકોકિલા પોતપોતાના તખ્ત ઉપર બેશીને આકાશમાં ગતી કરવા લાગ્યા.

થોડાક દીવસ થયા એટલે ભદ્રમંડળ નગર બાહેર વિશાળ અને સુશોભિત બાગ આગળ આવી પોહોચ્યા. આ વખતે પ્રાતઃકાળ હતો. તેથી તે મોટા વિસ્તારવાળા બાગમાં મદનકુમાર ભવ્ય બંગલાના ચોગાનમાં સુવર્ણના પાટલા ઉપર બેશીને દાતણ કરી રહેલો હતો; આ વખતે આકાશમાંથી સુવર્ણ તખ્તનો દેખાવ તેણે જોયો. અને તે જોતાંજ પોતે વિસ્મય પામતો ઉભો રહ્યો. એટલામાં તો પ્રતાપરૂદ્ર અને વસંતકોકિલાનાં તખ્ત મદનકુમાર આગળજ જમીન ઉપર ઉતર્યાં અને તે સાથે બાવન પરીયો સહીત તુંગભદ્ર પણ બાગમાં ઉતર્યા.

પ્રતાપરૂદ્રને જોતાંજ મદનકુમાર ભેટી પડયો. તથા તે સાથે પોતાની બેહેન વસંતકોકિલાને જોઇને તેને નમી પડયો. તે વખતે તુરત એક જાસુસ પોતાના પિતા ધનંજય તરફ પ્રતાપરૂદ્ર તથા વસંતકોકિલા બાવન પરિયો સહવર્તમાન બાગમાં આવ્યા છે. તેવી ખબર આપવા મોકલી દીધો.

જાસુસથી હકીકત મળતાંજ ધનંજય પોતાની રાણી સાથે પ્રતાપરૂદ્રને મળવા સારૂ આવ્યો આ સમગ્ર દેખાવ જોઇને તથા વસંત કોકિલાને જોઇને તથા બાવન પરિયોનો અદભુત દિમાક જોઇને હર્ષથી ઘેહેલો બનિ ગએલો ધનંજય પ્રતાપરૂદ્રને છાતી સરસો ચાંપીને મળ્યો અને રાણીજીયે પ્રતાપરૂદ્રનાં વારંવાર વારણા લીધાં તથા વસંત કોકિલાને મળ્યા.

બાવન પરીયોને રેહેવાને માટે બાગ પર મોટા મોટા વિસ્તાર વાળા બંગલાઓ હતા તેમાં તેમને રેહેવાને માટે સ્થળ આપ્યું જેથી તેમાં તુંગભદ્ર તથા તેનો મિત્ર તેમાં રહ્યા અને ઉત્તમ પ્રકારનો ખોરાક તે તરફ મોકલી દેવાને તજવીજ કરી. ત્યારે બીજી તરફ મદન

કુમારના બંગલામાં પ્રતાપરૂદ્ર ધનંજય તથા વસંતકોકિલા અને રાણીજી એમ સમગ્ર બેઠાં. અને એકાંતમાં પ્રતાપરૂદ્રે પોતાની વાત કહી સંભળાવી. ત્યાર બાદ વસંતકોકિલાએ પણ પોતાની વીતેલી હકીક્ત કહી આ પ્રમાણે બન્નેની વાત સાંભળીને ધનંજય રાજા ઘણોજ વિસ્મય પામ્યો. અને પોતે બોલ્યો કે હે પ્રીય પ્રતાપરૂદ્ર ! આ મારી નેત્રની કીકી કરતાં પણ અધિક પ્રિય વસંતકોકિલાનો પરીપૂર્ણ સંસ્કાર તમારીજ સાથે છે કે તે મિથ્યા કરવાને બ્રહ્મા પણ શકતીવાન નથી. વળી હું તમે બન્નેના પરાક્રમથી ઘણોજ પ્રસન્ન છું. અને હવે જેમ તમારી ધ્યાનમાં આવે તેમ કરો. સઘળો રાજ્યનો કારભાર અને વહિવટ આપનેજ સ્વાધીન છે એમાં કંઇજ શક નથી પણ આ મદનકુમારનું રક્ષણ કરનારા તમેજ છો. એમ કહીને ધનંજય તથા રાણીજી ઘણા પ્રેમથી નેત્રમાં આંસુ લાવવા લાગ્યાં.

આ પ્રકારે થોડીક વાર બેસીને ધનંજય અને રાણીજી પોતાની રાજગદ્દીમાં ચાલ્યા ગયા.

પ્રકરણ ૯ મું.

સ્વર્ગની રૂપમંજરીએ કહેલો સંદેશો.

પ્રતાપરૂદ્રે જે વખતે ભદ્રમંડલ છોડયું ત્યારથી એક મહીનામાં બે વખત મદનકુમાર પાસે રૂપમંજરી આવતી હતી. હવે છ મહીના પુરા થવાને આઠવાડીયાની વાર છે તેથી હવે શી રીતે તજવીજ છે ? તેનો નિશ્ચય કરવાને રૂપમંજરી તખ્ત ઉપર બેશીને આજે પ્રાતઃકાળમાં ભદ્રમંડળ નગરની બાહેર મદનકુમારના બાગમાં પ્રવેશ કરીને આવી પહોંચી. અને એક જાસુસ સાથે કહાવ્યું કે રૂપમંજરી આપના દિદારનું દર્શન કરવા આવે છે.

ખબર પહોંચતાંજ બંગલામાં પ્રવેશ કરવાને રૂપમંજરીને પરવાનગી મળી. તેથી તે ઘણા આનંદથી તેમાં ગઈ અને જુવે છે તો પ્રતાપરૂદ્ર એક બાજુએ બેઠો છે તેવું જોવામાં આવ્યું. તે જોતાંજ રૂપમંજરીને ઘણો આનંદ થયો અને રીતસર તસલીમ કરીને નિંયમિત આસન ઉપર બેઠી. પછી કહેવા લાગી કે ઇંદ્રિરાજાએ કહાવ્યું છે કે હવે બાવન પરીયોના નાચના દીવસમાં આઠ દીવસ ખુટે છે માટે તે સંબંધી મને તજવીજ કરવા મોકલી છે. અને ઇંદ્રે કહાવ્યું છે કે જે દીવસ અમારે અત્રે આવવાનો મુકરર કરશો તે દીવસે અમે આવીશું.

આ પ્રમાણે સાંભળીને મદનકુમારે પ્રતાપરૂદ્ર સામે દ્રષ્ટી કરી એટલે પ્રતાપરૂદ્રે ઉત્તર આપ્યો કે ઈંદ્ર માહારાજાને જઈને એવું કહો કે આજથી આઠમે દીવસે ગુરૂવારને દીવસે પ્રાતઃકાળમાં પધારવાની કૃપા કરશો એટલે તે દીવસે રાત્રે જલસો થશે. કેમકે બાવન પરીયો અત્રે આવી પહોંચી છે અને તે પોતાના સંગીતને માટે તાલીમ ચલાવે છે.

રૂપમંજરીએ હાથ જોડીને પ્રાર્થના કરી કે તે બાવન પરીયોનાં કૃપા કરીને મને દર્શનનો લાભ કરાવશો તો ઉપકાર માનીશ.

રૂપમંજરીનું વચન સાંભળી પ્રતાપરૂદ્ર ઉભો થયો અને તે અપ્સરાને પોતાની જોડે રાખીને સન્મુખના બંગલામાં ગયો, રૂપમંજરીને જોઇને બાવન પરીયોનો નાયક તુંગભદ્ર હતો તેણે ઉત્તમ રીતે સન્માન આપી આસન ઉપર બેસાર્યો અને દરેક બાવન અપ્સરા સાથે મુલાકાત કરાવી.

બાવન પરીયોનો દીમાક તથા રંગઢંગ તથા ખુબસુરત તથા તેમની તમીજ વગરે જોઇને રૂપમંજરી પોતાના મનમાં છેક ઝાંખી પડી ગઈ, તેમજ તેના હૃદયમાં અભિમાન રૂપી જે વાદળ હતું તે તુરત ખશી ગયું. અને વિચાર કરવા લાગી કે જ્યારે જલસો થશે ત્યારે તે વખતની જે મજાહ ઈંદ્ર જોશે તે વખતે તેને નવાઈ લાગ્યા વિના રહેશે નહીં. આ પ્રમાણે વિચાર કરતી રૂપમંજરી સઘળી રચના જોઇને સંતોષ પામવી બધાંને મળીને તથા પ્રતાપરૂદ્રની આજ્ઞા માગીને સ્વર્ગ ભણી તખ્ત ઉપર બેશીને ચાલતી થઇ.

તેના ગયા બાદ પ્રતાપરૂદ્રે ઈંદ્ર રાજાને માટે તે બાગમાં ઉતારાને સારૂ આગમચથી તજવીજ કરવા માંડી. સ્વર્ગમાં ઈંદ્ર રાજાનો જે વૈભવ પ્રતાપરૂદ્રે જોયો હતો તે તમામ તેના હૃદયમાં દિમાકની રચના રમી રહેલી હતી, તેથી ઈંદ્ર માહારાજ પોતાના સ્વર્ગનો વૈભવ ભુલી જાય એવી ગોઠવણ કરવાને માટે પ્રતાપરૂદ્રે તે બાગમાં રચના રચવા માંડી. તે બાગ એટલો વિસ્તારવાળો હતો કે જેમાં સંગેમરમરના પથ્થરથી જડિત્ર કરેલા એક હજાર ફુવાર એક એકથી સો સો કદમ દુરના પ્રમાણમાં હતા વળી વિસ્તારવાળી સભા કરવાને માટે આરસપાહાણના સફેત પથ્થરથી દસ હજાર માણસો બેસે તેવો મધ્ય બાજુએ ચોક કર્યો હતો અને તે ચોકની સમીપ અકીક પથ્થરનાં મોટાં મોટાં સિંહાસનો ઘણા ઉચાણમાં અને પગથીયાં સાથે એવી ખુબીથી બનાવ્યાં હતાં કે જેનો જેવો અધિકાર હોય તે પ્રમાણે અનુક્રમે બેસી શકે. વળી તે વિસ્તારવાળા મધ્ય બાજુના સુ-

વર્ણું જડીતથી રચેલાં સિંહાસનોની બન્ને બાજુએ બબે હજાર માણુસો ઉત્તમ આસન ઉપર બેસે તેવી બેઠકો બનાવી હતી, અને મધ્ય ભાગમાં એટલી બધી વિસ્તારવાળી જગો હતી કે તેમાં ગમે તેટલા માણુસો, ગાયક, નાયક, તમાસગીર, ભાટચારણ ઇત્યાદિક બેશી શકે. આ પ્રમાણે મધ્ય ભાગમાં ગોઠવણી કરેલી હતી. અને તેની આજુબાજુ તે વિસ્તારવાળા બાગમાં દ્રાક્ષના માંડવા તથા જુદા જુદા પુષ્પના કુંજ તથા ગુલાબ પુષ્પનો સમુદાય તથા ચંપક વૃક્ષની ઘટા અને ઠેર ઠેર અનેક પ્રકારના વૃક્ષોની ઘટા એવી રીતે સુંદર ગોઠવાયલી હતી કે આવો બાગ કદાચ સ્વર્ગમાં પણુ નહિજ હોય એટલુંજ નહીં, પણુ ઈંદ્ર મહારાજે જોયો પણુ નહીં હોય; એવી પ્રકારની તે બાગમાં યુક્તિઓ યોજવા માંડી. મોટી વિસ્તારવાળી ભરગચ્છીથી સુશોભિત પાથરવાને માટે જાજમોના ઢગલા જુદાજ અવાસમાં ગોઠવવામાં આવ્યા. વળી તે બાગમાં આવનાર મિજબાનોને માટે ઉત્તમ પ્રકારનું સુખ પડે તેવાં નવનવિન સાધનો તૈયાર કરવાને પ્રતાપરૂદ્ર ગુંથાયો હતો. આ પ્રમાણે તમામ તજવીજ પાંચ દીવસમાં કરી દીધી. હવે માત્ર ત્રણુ દીવસ બાકી રહ્યા છે. એટલામાં તો સઘળા નગરમાં ઈંદ્ર મહારાજને આ નગરના બાગમાં આવવાની અફવા ફેલાઇ રહેલી હતી. નગરના તમામ લોકોમાં એજ વાતો દરેક મેહેલ્લામાં ચાલતી હતી. ઈંદ્ર રાજા કેવા હશે! એ તો સ્વર્ગના દેવોનો રાજા છે માટે તે કેવા રૂપાળા હશે! વળી કામદેવ જેવા તો તેની પાસે સેંકડો હુકમ ઉઠાવનારા હોય છે, તેવો મહા બળવાન ઈંદ્ર મહારાજાનાં દર્શન આપણે શી રીતે પામી શકીશું? એવી વાતો થયાં કરતી હતી. આ તમામ ગોઠવણી પ્રતાપરૂદ્ર કરે છે માટે તમામ સત્તા તેમના હાથમાં છે. એમ જાણીને નગરના મોટા મોટા ધનાઢ્ય શેઠ શાહુકારો જાતે આવીને પ્રતાપરૂદ્ર પ્રત્યે હાથ જોડીને વિનતી કરવા લાગ્યા કે ધન્યભાગ્ય અમારાં છે કે આપના પ્રતાપથી ઈંદ્ર મહારાજને જોવા પામીશું. આપની કૃપા હશે અને આપ અમને તે બાગમાં બેઠક આપશો તોજ જોવા પામીશું, આ પ્રકારે સેંકડો શ્રીમંત અને અમીર લોકો પ્રતાપરૂદ્રની પલશી કરવા લાગ્યા. પણુ પ્રતાપરૂદ્ર ઘણોજ વિવેકી અને વિચિક્ષણુ હતો તેથી તેણે પ્રજાવર્ગમાં લાયક તથા પ્રમાણીક અને ધનાઢ્ય શાહુકારો પોતાના કુટુંબ સાથે બેસી શકે અને સંપૂર્ણ શોભા જોઇ શકે તેવી આગમચથીજ તજવીજ કરી મુકેલી હતી. જેમ જેમ સિફારશો આવતી જાય તેમ તેમ તે ઘણી માનની લાગણીથી પોતે સ્વીકાર કરતો હતો અને તેમને તે વખતે રીતસર બેઠક આપવાને પોતે યોગ્ય દીલાસો આપતો હતો.

જ્યારે આમ થયું ત્યારે તો નગરમાં ઠેર ઠેર ભારે કોલાહલ થઈ રહેલો હતો. હવે માત્ર એક દિવસ બાકી છે. અને આવતી કાલે રાત્રીએ જલસો થવાનો છે એવો વખત જ્યારે નજીક આવ્યો ત્યારે પેલી મોહિનિ સ્ત્રી જે કે સ્વર્ગમાં ઇંદ્ર મહારાજની અપ્સરાનો ભાઇ ભદ્રકેતુ સાથે પ્યાર બાંધેલો રાત્રીએ પોતાના પીતાના અલગ એકાન્ત અવાસમાં રહેતી હતી, અને પોતાનો પરણુત પતિ મદનકુમારની સાથે માત્ર દીવસેજ રહેતી હતી; પણ છેવટે તે પોતાના ગુમાનમાં છકી ગએલી મદનકુમારનો હાથ તરછોડીને પોતાના પીયર ચાલી ગએલી છે. અને જેનો તમામ ભેદ પ્રતાપરુદ્રે શોધી કાઢીને અત્યાર સુધી આ પ્રમાણે પરીણામ ઉપર યુક્તિ આણી છે તેવા પ્રતાપરુદ્રને બોલાવવા સારૂ એક દાસી આવીને ઉભી રહી. પછી હાથ જોડીને પ્રતાપરુદ્ર પ્રત્યે તે દાસી કહેવા લાગી કે માહારાજ! આપને મોહીનીજી રાણી સાહેબ બોલાવે છે માટે કૃપા કરીને પધારશો?

સમયસુચકતા ઉપર વધારે ધ્યાન આપનાર પ્રતાપરુદ્ર તે વખતે દાસી સાથે ચાલ્યો અને મોહીનીના અવાસમાં આવીને તેમને તસલીમ કરી. મોહીનીએ આડો પડદો (ચક) નંખાવ્યો હતો; તે ચકના ઝીણા છીદ્રોમાંથી દ્રષ્ટી કરીને પ્રતારુદ્ર પ્રત્યે કહ્યું કે અહાહા! આજે મને પણ ઘણો આનંદ થયો છે; એટલે સ્વર્ગમાં નિવાસ કરનાર ઇંદ્રમહારાજ આ ભદ્રમંડલના ભુવનને પવિત્ર કરે છે એ કંઈ જેવી તેવી વાત નથી. વળી તેમને બાવન પરીયોનો નાચ બતાવવાને જે આમંત્રણ આપ્યું હતું. અને તે આમંત્રણ દ્વારાએ આપ છ મહીનાથી પ્રવાસ કરવા નીકળી પડયા હતા તે કામ ફતેહ કરીને અને બાવન પરીયો સહવર્તમાન આપ અત્રે પધાર્યા છો અને આવતી કાલે ઇંદ્ર માહારાજ આવશે; તથા તેમની સમક્ષ ભારે જલસો બાવન પરીના નાચનો થશે. તે સમગ્ર શોભા જોવાની મને પણ ઇચ્છા થઇ છે. માટે કૃપા કરીને યોગ્ય જગોએ મને પણ બેઠક આપ આપશો. મેં એટલાજ માટે આપને તસ્દી આપી છે તે માફ કરશો.

પ્રતાપરુદ્રે હાથ જોડીને કહ્યું કે હું તો આપનો તાબેદાર છું, અને મદનકુમાર સાહેબનો પણ સેવક છું. આપને આમંત્રણ કરવું, એ કંઇ મારી ગુંજાસ નથી. પણ આપે શ્રી મદનકુમાર સાહેબને ખબર આપવી જોઇયે. જ્યારે તેમની પરવાનગી હોય તોજ આપનાથી આવી સકાય. તેમની પરવાનગી વિના હું આપની બેસવાની વ્યવસ્થા કદાચ પરભારે કરૂં તો મારા ઉપર ગુસ્સે થાય એ પણ યોગ્ય કહેવાય નહીં માટે આ બાબત આપનો મત શું છે?

મોહનીએ ઉત્તર આપ્યો કે તે મદનકુમાર આપની મુઠીમાં છે. તેમની જે ઉન્નતી અને તેમની જે કીર્તિ વધી છે તે તમામ આપના ઉમદા પ્રયત્નથી છે. વળી મારા સસરા ધનંજયરાજા છે તે પણ આપને રાજની તમામ લગામ સોંપી બેઠા છે, આપ જેટલું પાણી પાઓ છો તેટલું જળ તે સમગ્ર રાજ્ય પ્રકૃતિ મંડળ પીયે છે. છતાં જ્યારે આપજ આવું કારણ બતાવો એ શું વાસ્તવિક છે કે!

હા, વાસ્તવિક છે. તેમણે મારા ઉપર ભરૂસો આણ્યો છે, અને જે અધિકાર સોંપ્યો છે તે અધિકારથી રાજ્યનો હક મને મળ્યો છે એમ હું સમજતો નથી. મારે તો મારૂં કામ નીમકહલાલીથી કરવુંજ જોઇએ. પણ આપે પોતાના સ્વામી પ્રત્યે નેક નોકરી બજાવી નથી. તેમ તેમનો વિશ્વાસ સંપાદન કર્યો નથી. તેમ જે આપ પોતાની ફરજ શાસ્ત્ર પ્રમાણે અદા કરી શકયાં નથી, તેમ મદનકુમારની પ્રેમની મમતા આપના ઉપર કયાંથી હોય! તેના માટે આપેજ વિચાર કરવો ઘટે છે. આ પ્રમાણે પ્રતાપરૂદ્રે ઉત્તર આપ્યો. પ્રતાપરૂદ્રનું આ પ્રમાણે વચન સાંભળી મોહીનીએ કહ્યું કે દસ્તાવેજ પ્રમાણે મારી વર્તણુંક છે. તેથી વિરૂદ્ધ હું ચાલી નથી. પણ ખરૂં જોતાં મદનકુંમાર સાહેબનો દોષ છે કે તેમણે પુર્ણિમાને દીવસે રાત્રીએ રાખવાને લેખ વિરૂદ્ધ આગ્રહ કર્યો હતો. જ્યારે તેમ થયું ત્યારેજ મારે કંટાળો ખાઇને ઘેર આવતા રહેવું પડયું છે,

વાહ વાહ, બહુ સારૂં કર્યું. એમ કરવાથી આપને તો યોગ્ય લાગતું હશે પણ દંપતિયોના ધર્મને જાણનાર આખી સૃષ્ટિ આપના નીયમને અને આપના આવા કામને ધિક્કારની સાથે હસી કાઢે છે. આપનો આવો નીયમ કાંઇ પ્રેમની મર્યાદામાં નથી. તે નીયમ કાંઇ પતિ પ્રત્યે પતિવ્રત ધર્મની મર્યાદા માનવી. તે નીયમ કેવળ નિતિ બાહેર છે. ધન્ય છે તેવી સતિયોને કે પોતાના પતિની રાત્ર દિવસ સેવા કરીને પોતાના પતિના મર્ણ પછી પોતે અગ્નીમાં બળી મરે છે. તે સતિયોનો દ્રઢ સંકલ્પ એવો તો બળવાન છે કે અગ્નીમાં બળે છે પણ તે દરદનું તેને ભાન પણ રહેતું નથી; ત્યારે તેવી પણ સ્રીઓ આ દુનિયામાં પોતાનું નામ અચળ કરી ગયાં છે. અને આપ પણ સ્રી વર્ગમાં રાણી સાહેબ કહેવાયલાં અત્યારે દસ્તાવેજ લેખની વાત કરો છો, કહો જોઇયે હું એ બાબત શો વિચાર કરૂં! રાણી સાહેબ! મને આ બાબતમાં કંઇજ સુજ પડતી નથી. કેમકે આપની પ્રબળ વિચિક્ષણતા આગળ મારી બુદ્ધિ શા ઉપયોગની! આ પ્રમાણે પ્રતાપરૂદ્રે યુક્તિ રચી.

મોહનિએ કહ્યું કે બસ કરો સાહેબ! હવે ગઇ ગુજરી વાત ઉપર ક્ષમા કરો પણ છેવટ એજ વિનંતી કરૂં છું કે તે સમગ્ર શોભા જોવાને માટે મને જગા આપો તો સારૂં.

પ્રતાપરૂદ્રે હાથ જોડીને વિનંતી કરી કે સઘળી જગા જેને તેને બેઠકને માટે નીમાઈ ચુકી છે. જો કદાચ આપે મને ચાર દીવસ અગાઉ પરવાનગી આપી હોત તો હું કાંઈ પણ તજવીજ કરત; તે સાથે ધનંજય રાજા તથા તેમનાં રાણી સાહેબ તથા મદનકુમાર એ સઘળા આપ ઉપર કફા (નારાજ) છે, તેથી તેમની જોડે બેસવાની જેવી જોઇયે તેવી સવડ પણ તે આપના સ્વતંત્ર વિચારથી વિરૂદ્ધ છે તેથી આપને તેમની જોડે બેસવું સારૂં લાગશે પણ નહીં અને તે પોતાની જોડે આપને બેસારશે પણ નહીં. જ્યારે એમ છે ત્યારે મારે કેવી યોગવાઈ કરવી? રાણી વાસની બેઠક શિવાય બીજી બેઠક આપને લાયક છેજ નહીં. તેથી હું મોટા વિચારમાં પડી ગયો છું.

હાં હાં! હવે મને યાદ આવ્યું. પણ તે ગોઠવણ જો કે હું આપને કહી બતાવીશ તે વખતે આપને ઘણુંજ માઠું લાગશે, પણ મારી અકલ પ્રમાણે તે ગોઠવણ એવી છે કે તેમ કરવાથી કોઇને ખબર પણ પડશે નહીં. અને આપ નિરૂત્તિથી બધું જોઈ શકશો, તથાપી તે બેઠકની સગવડ હું આપને કહેવાને હીમત ધરાવતો નથી.

પ્રતાપરૂદ્રે આ પ્રમાણે હકીકત કહીને મૌન ધારણ કર્યું એટલે મોહનિયે કહ્યું કે પ્રિયભાઇ! તમે મનમાં અંદેશો લાવ્યા વિના કહી દો; કેમકે મને લેશ પણ ખોટું લાગશે નહિ. અને તમે જે વિચાર જણાવ્યો તે ખરેખર વાસ્તવિક છે કેમકે રાણી વાસની તમામ જનાનખાનાવાળી સ્ત્રીયો મારે માટે વિરૂદ્ધ હોવાથી તેમની પાસે બેસવાનું મને પણ મન નજ થાય એ વાત તમે ખરી કહો છો માટે તમે જે ગોઠવણ ધારી હશે તેને હું માન્ય કરીશ.

મોહનિયે પ્રતાપરૂદ્રની ગોઠવણ સાંભળતા પહેલાંજ પોતે હા પાડી. તોપણ પોતે પ્રતાપરૂદ્ર પોતાનું મસ્તક ધુંણાવીને તે કહેવાને જાણે માંડી વાળતો હોય એમ જણાવ્યું.

ત્યારે તેમ તેમ મોહનીને મોહ વધતો ગયો અને સોગન ખવરાવીને કહેવા લાગી કે તમને મારા સમ છે કે તમે મને તે વાત કહો?

ત્યારે પ્રતાપરૂદ્રે યુક્તિથી કહ્યું કે એ બાગમાં મોટા શોભાવાળાં ચાર બાજરૂ બનાવ્યાં છે. તે પૈકી ત્રણ બાજરૂ દરાગત જવાના ઉપયોગમાં લીધાં છે અને એક બાજરૂ ખાસ સંગેમરમરના પથ્થરથી તૈયાર કરેલું સ્વચ્છ છે. અને તેને ચારે બાજુ જાળીયાં મુકવામાં

આવ્યાં છે. વળી ઉપરની બાજુ ધાબું બેંચ્યું છે તેમાં ડોકા બારી મુકવામાં આવી છે તે ઠેકાણે પગથીયામાં બેસીને જો કદાચ સઘળી રચના જોવા ધારે તો પુરેપુરી દેખાય તેમ છે માટે તે નવિન સ્વચ્છ જાજરૂમાં જો કે આપ દાખલ થઈ જાઓ તો કોઈ જાણી શકે તેમ પણ નથી અને તે ખેલ બરખાસ્ત થયા પછી આપ તેમાંથી યુક્તીએ કરીને ચાલ્યાં જશો તો કોઈ જાણી શકશે નહીં. કહો જોઇયે તે ગોઠવણ કેવી છે? પણ એ પ્રમાણે આપને કહેવાને મારી હિમ્મત ચાલી નહીં.

આ વખતે પ્રસન્ન વદનથી મોહીનીયે ઉત્તર આપ્યો કે ભલે કદી જાજરૂ હશે તો તેમાં હું બેશીશ. વળી ચોખ્ખું તથા અવાવરૂં અને નવું છે તેથી તેને નાનો સરખો અવાસ સમજીને પણ તેમાં હું ખુશીથી બેસીશ, પણ તે સમગ્ર રચના મારે ખામુખાં જોવીજ જોઇયે.

ભલે કદી આપનો તે પ્રમાણે વિચાર હોય તો તે જાજરૂમાં બેસારવામાં આવશે. અને આપ આવવાની વખતે હું ઝાંપા આગળ હાજર હોઇશ. તે વખતે હું આપની સાથે આવીને તેમાં દાખલ કરતો જઈશ. હવે મારે બીજું ઘણું કામ છે માટે હું જવાને માટે આજ્ઞા માગું છું. આ પ્રમાણે કહીને પ્રતાપરૂદ્ર બાગમાં આવી પહોંચ્યો.

પ્રકરણ ૧૦ મું.

બીજે દીવસે પ્રાતઃકાળ પછી સ્વર્ગની અપ્સરાઓ સાથે તથા કેટલાક ઋષિ મુનિગણ સમેત તથા કેટલીક સૈન્યા સાથે મોટા ભભકાથી ઇંદ્ર માહારાજ વિમાનમાં બેસીને રૂપમંજરીની આગેવાનીથી ભદ્રમંડલના બાગમાં આવ્યા. તે સમગ્રને ઘણા માનની સાથે રાજા ધનંજયે અને પ્રતાપરૂદ્રે બાગમાં ઉત્તમ ભભકાવાળો ઉતારો આપ્યો. આ વખતે તેમની શરભરા કરવા માટે ઘણા ચાલાક, વિવેકી, વિનયિ અને બુદ્ધિવાન પાંચસે માણુસો હાજર રાખ્યા હતા, તેઓ પોતપોતાનું કામ કરી રહેલા હતા. રાજા ઇંદ્રને આપેલા ઉતારા તરફ પ્રતાપરૂદ્ર અને ધનંજય તથા મદનકુમાર હાજર થયા અને તેમની પાસે વાતચિત કરવા સારૂ બેઠા. આજ રાત્રે બાવન પરિયોનો જલસો છે. તે બાબત રૂબરૂ નિવેદન કર્યું અને તે સાથે રાજા ધનંજયે પોતાનો અત્યંત આનંદ બતાવ્યો. અને કહ્યું કે આપના પધારવાથી હું ભાગ્યશાળી કહેવાયો છું. આપના પગની ધુળથી આ અવાસ તથા નગરની ભુમિ પવિત્ર થઇ છે. એટલુંજ નહિ પણ આપના દર્શનથી ગંગાનદીમાં

સ્નાન કરવાથી જેમ પાતક દુર થાય છે તેમ અમારાં પાપ નીવારણ થયાં છે. આ પ્રમાણે વીવેકયુક્ત વાણીથી રાજા ઈંદ્ર મહારાજને પ્રતાપરૂદ્રે અને ધનંજયે પ્રસન્ન કર્યો. એટલામાં એક જાસુસે આવીને રાજા ધનંજયના હાથમાં પત્ર વાંચવાને માટે આપ્યો, તે પત્ર વાંચીને કંઇ પણ બોલ્યા વિના ધુંઆમાં નાંખી દીધો. જે આનંદ ઈંદ્ર મહારાજના આવવાથી ધનંજય રાજાના મુખ ઉપર જણાતો હતો. તે આનંદ પત્ર વાંચ્યા પછી જણાયો નહીં, પણ ઉલટમાં ક્રોધ વ્યાપી ગયેલાં નેત્ર જણાવાં. આ દેખાવ જોઇને ઈંદ્ર રાજાએ ધનંજયને કહ્યું કે પત્ર વાંચ્યા પછી તમારા શરીરમાં નેત્રની આકૃતી કેમ બદલાઇ ગઇ છે? તે હું જાણવા માગું છું. એટલું સાંભળી ધનંજયે પેલો પત્ર ખુલ્લો કરી વાંચવાની શરૂવાત કરે છે.

ભદ્રમંડલ નગરના મહારાજા ધનંજયજી. જીનપ્રદેશના માહારાજેંદ્ર તરફથી લખવામાં આવે છે કે તમે અમારા પુત્ર વરસચિને પકડીને આસન કેદ રાખ્યો છે તેને હાથી ઉપર બેસારીને અમને તમે જાતે આપવા આવો. અમે તમારી સાથે યુદ્ધ કરવા માટે તમારા નગરથી ચાર કોસ દૂર પડાવ કર્યો છે. માટે અમારી છાવણીમાં આવીને માફી માગી જાઓ, તે સાથે દંડના દસ હજાર મોહોર અને હીરાની કંઠી, એક લાખ રૂપીયાની આપી જાઓ! જો તમે તેમ નહીં કરો તો અત્યારે યુદ્ધ કરવા તૈયાર થાઓ.

આ પ્રમાણે પત્ર સાંભળી ઇંદ્રરાજાએ પ્રશ્ન કર્યો કે તેનો પુત્ર વરરૂચીને તમે શા માટે આસાન કેદ કર્યો છે?

આ પ્રમાણે પ્રશ્ન થવાથી પ્રતાપરૂદ્રે વસંતકોકિલાનો જેવી પ્રકારે છુટકારો કર્યો તે સઘળો વૃતાંત કહી સંભળાવ્યો. તે વૃતાંત સાંભળીને આસાન કેદી વરસચીને ઈંદ્રે પોતાની પાસે બોલાવ્યો અને તેના મુખથી તમામ વાત કબુલતથી સાંભળી લીધી. આ પ્રમાણે નિશ્ચય કર્યા પછી ઈંદ્ર માહારાજને ઘણો ક્રોધ ચઢયો. એજ વખતે ઈંદ્રમાહારાજે પોતાની સેન્યા સજ્જ કરી. પછી ધનંજયને કહ્યું કે હું જીન દેશના રાજાને તેના લશ્કરનો ધાણ વાળીને અને તેને કેદ કરીને થોડીજ વારમાં તરત આવું છું. તમે નિશ્ચયથી બેસો. આ પ્રમાણે કહીને ઘણી ત્વરાથી તેની છાવણી ભણી ઈંદ્ર માહારાજ જઇ પહોંચ્યો. અને એજ વખતે તુમુલ સંગ્રામ કરી તેની સઘળી સેનાનો ઘાણ વાળી નાંખીને જીન પ્રદેશના રાજાને બાંધીને અને કેદ કરીને બપોર વીત્યા બાદ ભદ્રમંડલમાં દાખલ કર્યો. આ પ્રમાણે કદી પણ થયું નહોતું, છતાં ખુદ રાજાને કેદ કર્યો. અને તે જીન પ્રદેશમાં ઈંદ્રરાજાએ

પોતાના તરફથી ચાર યોદ્ધાઓ મોકલીને તેની રાજગાદી ઉપર ગાંધર્વ નગરના રાજા ધનંજયની આણ ફેરવી; જીન પ્રદેશના રાજાની સેનમાંથી કેટલાક નાશી છુટેલાઓએ તે રાજ્યમાં જઇને રાજ્ય રાણીયોને હકીકત કહી હતી. તેથી ત્યાં કોઇનું જોર ચાલ્યું નહીં; પણ ભદ્રમંડલમાં જીન પ્રદેશનો રાજા જીવતો પકડાયો છે એમ જાણીને તે જીન પ્રદેશના રાજાની પાટવી રાણી જે કે ધનંજયની બેહેન થાય તે પોતાના ધણીને છુટો કરવા અને તેને રાજ્ય સોંપવા માટે પોતાની બે પુત્રિયો સોળ અને વીસ વરસની ઉમરની સાથે લઇને ભદ્રમંડલમાં આવી પહોંચી. આ વખતે રાત્ર પડી હતી. તેથી તે આવેલી બાઇ રાજમહેલમાંજ રહી.

ત્યારે આ તરફ આજે બાવન પરીના નાચનો જલસો થવાનો તેના માટે યોગ્ય બેઠક ઉપર જેની જેવી યોગ્યતા પ્રમાણે બેસવા લાગ્યા; ત્યારે આ વખતે પેલી મોહીની કોઇને ખબર પડે નહીં તેમ ઝાંપા આગળ બીજે રસ્તે થઇને આવતી હતી. તેને દુરથી આવતી જોઇને પ્રતાપરૂદ્ર ઝાંપા આગળ ઉભો રહી, તેમને બાગમાં પ્રવેશ કરાવીને નિશ્ચય કરેલા જાજરૂમાં તેમને પુરવામાં આવ્યા.

બાગમાં દીપકની રોશની ઠેર ઠેર કરવામાં આવી હતી. ગણતાં પણ તેનો સુમાર જડે નહીં તેટલા દીપકના અતી પ્રકાશવાળા સ્થંભ હતા, એટલુંજ નહીં પણ જ્યાં બાવન પરીયોનો જલસો થવાનો હતો તે ઠેકાણે તો ચારે બાજુ દીપકની હારાવલી એવી કરી હતી કે સૂર્યના પ્રકાશને પણ ઝાંખો પાડી દે તેમ હતું.

ઉંચા બેઠક ઉપર ઇંદ્રમાહારાજ આ વખતે બીરાજ્યા હતા, તેથી નીચા આસન ઉપર ભદ્રમંડલનો રાજા ધનંજય બેઠો હતો. અને તેની જોડે મદનકુમારને બેસારવામાં આવ્યો હતો. ત્યાર પછી તેથી નીચાં આસનો ચાર પાંચ ખાલી રાખવામાં આવ્યાં હતાં.

આ વખતે પ્રતાપરૂદ્ર ચારે બાજુ વ્યવસ્થા માટે શસ્ત્ર અસ્ત્રાદીક અંગ ઉપર ધારણ કરીને ફરતો હતો. આ તમામ યુક્તી પ્રતાપરૂદ્રેજ કરી છે એમ ઇંદ્ર માહારાજના સમજવામાં પક્કી રીતે હતું. તેથી પ્રતાપરૂદ્ર ઉપર કુદરતિ પૂર્ણ કૃપા ઇંદ્ર માહારાજની થઇ હતી.

આ અવસરમાં બે હાથ જોડીને પ્રતાપરૂદ્રે ઇંદ્ર માહારાજ પ્રત્યે કહ્યું કે મહારાજ! આપ કદરદાન છો, માટે હું મારી બુદ્ધિ પ્રમાણે વિનંતી આપને કરૂં છું કે ભલે કદી જીન પ્રદેશનો રાજા અને તેનો રાજપુત્ર વરરુચિ આસાન કેદ તરીકે અત્રે છે યદ્યપિ ગમે તેમ હો તોપણ તે રાજા છે માટે તેમને આ જલસો જોવા ખાતર આ સભામાં પ્રવેશ કરવા દેવાને અને રાજા ધનંજયની જોડે બેસારવાની

મારી ઇચ્છા થઇ છે તેમજ મારા સાંભળવા પ્રમાણે તે રાજાની રાણી કે જે અત્રેના ધનંજય માહારાજની બેહેન થાય છે, તે પોતાના ભાઇને મળવાને માટે પોતાની બે પુત્રિયોને લઇને આવ્યાં છે અને તેમનો ઇરાદો શો છે તે પણ જણાશે, છતાં તેમને પણ રાણી મંડળમાં આવવાને આપની આજ્ઞા માગું છું.

આ પ્રમાણે પ્રતાપરૂદ્રનું વચન સાંભળીને ઇંદ્ર મહારાજે તેમ થવા પરવાનગી આપી. તેથી પ્રતાપરૂદ્રે અતિ સત્વરથી જીન પ્રદેશના રાજાને અને તેનો પુત્ર વરરૂચીને તથા તેમની રાણી અને બે પુત્રીયો સહવર્તમાન બાગમાં આમંત્રણ દઇને બોલાવ્યાં અને તેમને યોગ્ય આસને બેસારવામાં આવ્યાં. એટલે જીન પ્રદેશના આસાન કેદી રાજાને તથા તેના પુત્રને ધનંજય રાજા જોડે બેસવાની ગોઠવણ કરવામાં આવી.

જમણી બાજુએ જે બેઠક કરી હતી તે ઠેકાણે ઇંદ્ર મહારાજના સેનાપતિ, યોદ્ધાઓ વીગરે તથા ભદ્રમંડલ રાજાના લશ્કરી માણસો તથા પટાવતો વીગરે આસન ઉપર બેઠા હતા, અને ડાબી બાજુએ રાજ કારકીર્દી માટે નિમાયલા મુત્સદી લેખકો તથા કવિ પંડિત અને દિવાન ઇત્યાદિકની બેઠક હતી. તે બન્ને સામસામી બેઠકની મધ્યમાં ઘણા વિસ્તારવાળી છુટી જગો રાખવામાં આવી હતી. તેમાં બાવન પરિયો ઉતમ પ્રકારના અલંકાર ધારણ કરીને તથા પગમાં ઘુઘરા બાંધીને આવેલી હતી; તેમાં કોઇ સ્યામ વર્ણની, કોઇ ગુલાબ પુષ્પ સમાન વર્ણની, કોઇ કુંદ પુષ્પના રંગને માત પમાડે તેવી મનોહર અપ્સરાઓ વિશાળ નેત્રવાળી ઇંદ્ર માહારાજ સામે દ્રષ્ટિ કરીને બેઠી હતી.

ભદ્રમંડલ રાજાની પ્રજા વર્ગ પૈકી શેઠ આદીક શ્રીમંતોની બેઠક પણ યોગ્ય જગોએ ગોઠવી હતી. આ વખતે કેવળ શાન્તવૃત્તિ થઇ રહી હતી. તમામ બેઠેલા લાયક નાયકોના હૃદયમાં એજ અભિલાશા ઉતાવળ કરી રહી હતી કે હવે ક્યારે ગાયનની અને નૃત્યની શરૂવાત થાય! એવી ઇચ્છાથી તમામની દ્રષ્ટિ બાવન પરિયો ઉપર ચકોરવત્ દ્રષ્ટિ થઇ રહેલી હતી; એટલુંજ નહીં પણ ખુદ ઇંદ્ર માહારાજ હરેક અપ્સરાઓના મુખ કમળ ઉપર વારંવાર પોતાના નેત્રરૂપી સાહસ ભમરોને ફેરવ્યા કરતો હતો; અને પોતે ગાયન સાંભળતા પેહેલાં તથા નૃત્ય આદિક થયા પેહેલાંજ તેમને જોઇને ફિદા થઇ ગયો હતો; પોતાના આસનથી કેટલીક સ્વર્ગની પરીયો નીચલા ભાગમાં બેઠી હતી તથા તેમાં અગ્રગણ્ય રૂપમાંજ હતી. તેના તરફ ઇંદ્ર મહારાજે દ્રષ્ટી કરીને કહ્યું કે વાહ વાહ રૂપમંજરી! તમે ભદ્રમં-

કાળમાં આવીને જે પરિશ્રમ ઉઠાવ્યો છે તે લાયક છે. હું સંતોષ પામ્યો છું. આ પ્રમાણે સાંભળીને રૂપમંજરીયે પોતાનું મસ્તક ઝુકાવીને કહ્યું કે મહારાજ! એમાં મેં કંઇજ કર્યું નથી. માત્ર અહીંથી આપની પાસે, અને આપની પાસેથી આ તરફ ફક્ત ફ્હેલ કરી છે, પણ ખરૂં જોતાં ખરો પરિશ્રમ અને તમામ વ્યવસ્થા તૈયાર કરવાનું કામ આ પ્રતાપપદ્ર શુરવીરેજ કરી છે.'

સંતોષકારક વાત સાંભળીને ઇંદ્ર માહારાજ પ્રતાપરૂદ્રને પોતાની પાસે બોલાવીને તેના પીઠ ઉપર પોતાનો હાથ ફેરવીને પોતાનો સખા ગણીને તેના ઉપર પ્રેમની ઉત્તમ મમતા જણાવી. આ વખતે પ્રતાપરૂદ્રે હાથ જોડીને કહ્યું, કે મહારાજ! હું મારા ભાગ્યને ધન્યવાદ આપું છું કે આપના પવિત્ર હાથ મારા શરીરને સ્પર્શ થયા તેથી હવે મને મોક્ષ પ્રાપ્ત થશે; પ્રતાપરૂદ્રનું વીવેકયુક્ત વચન સાંભળી ઇંદ્ર મહારાજને સંતોષ થયો, અને કહ્યું કે મારાં નેત્ર બાવન પરીયોનો નાચ જોવાને લાલચુ થઇ રહ્યાં છે અને તેમના મુખથી સંગીત સાંભળવાને મારા કાન ઘણા આતુર છે. હવે શાની વાર છે? હવે કોણ આવનાર છે? કોની રાહ જોવાની છે?

પ્રતાપરૂદ્રે કહ્યું કે આપની આજ્ઞા થાય એટલીજ વાર છે.

ઇંદ્ર મહારાજની આજ્ઞા થઇ એટલે તમામ બાવન પરિયો ઉભી થઇને માહારાજને તસલીમ કરી. આ વખતે સઘળી અપ્સરાનો નાયક છેક આગળ આવીને ઇંદ્ર મહારાજને પ્રણામ કરીને સરોદા ઉપર કામઠી ફેરવવાની શરૂવાત કરી. ઉત્તમ રસ યુક્ત અને મધુર નાદથી મજાહ સાથે ભૂપ કલ્યાણ આદિક રાગણીની લેહેરો છોડવા માંડી. તે લેહેર પ્રમાણે એકજ ઢબ સાથે ઘુંઘરા બાંધેલા પગનો તાલ બાવન પરિયોનો રંગ પણ ફેર પડે નહીં તેવી રીતે પગ ધ્વનિ થવા લાગ્યો. આ વખતે હાવભાવ અને નેત્ર કટાક્ષનો દેખાવ કોઇ વિલક્ષણ મોહ પ્રાપ્ત કરે તેવો થઇ રહ્યો. આ વખતે સઘળા બેઠેલા માણસો ચીત્રવત્ બની ગયા. જાણે પથ્થરની પ્રતિમા હોય તેવી રીતે બનેલા હોઇને બાવન પરિયો તરફજ એકજ દ્રષ્ટિથી જોઇ રહેલા હતા. ઇંદ્ર રાજાની પણ આ વખતે તેવીજ સ્થિતિ બની રહેલી હતી. સંગિતમાં કુશળતા ધરાવનારા સ્વર્ગવાસી કેટલાક ઋષિગણ આદિક હર્ષઘેલા થએલા પોતાનાં મસ્તકને આસ્તાઇ તાલની હદ ઉપર હલાવીને આનંદનું સ્વરૂપ બતાવવા લાગ્યા.

આ વખતે રાગણીયોની નીકળતી લહેરોએ આનંદ અને ઉત્સાહ તથા મોહનું ઉદિપન સર્વે જનોના હૃદયમાં કરાવનારૂં થઇ

પડયું. એજ વખતે બાવન પરિયોએ જયદેવ કૃત અષ્ટપદિ લલિત રાગણીમાં ગાવાની શરૂવાત કરી.

અષ્ટપદિ લલિત.

ચંદન ચર્ચિત નીલ કલેવર, પીત વસન વન માલી;
કુંડલ લોલનિ લોલ કપોલનિ, બોલનિ વિહસનિ શાલી. ૧
હરિ ઇહિ નવલ વધુ નિકરે, વિલસતિ યુવતિ વિલાસપરે;
પીન ઉરોજકો ભાર લિયે, હરિકો ભરિ અંક સરાગહિ;
ગોપ વધુ કોઉ ગાયકે આઇ, અલાપતિ પંચમ રાગહિ. ૨
હિમ જાઇ કપોલકે બાતનકે, મિસ કોઉ લાગિ શ્રુતિ મૂલે;
ચુંબન દીન તહાં પુલકે પિય, અંગ સખે અનુકુલે. ૩
કોઉ બિલાસ હુલાસ ભરી, દ્રગ મદન મોદ રસ ભીને;
ધ્યાવતિ નવર વધુ મનમોહન, વદન કંજ ચિત દીને. ૪
કૌતુક કેલિ કલાનતેં કો અતિ, યા યમુના જલ કુલહી;
મંજુલ બંજુલ કુંજનિમેં, કર એંચતિ જાત દુકુલહિ. ૫
કરતલ તાલ તરલ વલયાવલિ, કલિત કલસ્વન વંશિ;
નૃત્ય નિપુન રસ રાસ તિયા, લખિકેં હરિ તાહિ પ્રશંશિ. ૬
ભેટત કાહુસો ચુંમત કાહુ કો, કાહુસોં વિલસત રામા;
એકનસો મુસિકયાન નિહારન, ચલન ઔર રંગ ભામા. ૭
શ્રી જય દેવ ભનિત યહ અદ્દભુત, કેશવ કેલી રહસ્યમ;
વૃંદા બન બિપિને ચરિતંમ્બિતનોતુ, શુભાની યશસ્યમ. ૮

આ પ્રમાણે અષ્ટપદિ સાંભળીને સભામાં વાહ વાહની ધ્વનિ થઇ રહી. ત્યાર બાદ ફરીથી ઇંદ્ર મહારાજે ગાયન ચાલુ થવાને અને નાચ થવાને આજ્ઞા કરી તેથી તે કામની શરૂવાત થવા માંડી.

ગઝલ.

શાકી બખોદા આજ પીયા જામ કીસીને,
બદનામ કિયા મુઝકો સરેશામ કિસિને. શાકી. ૧.
કયા બાત કહું કિસિને કહું હાલે દિલ અપના,
પાયા નહિં ઉસ હાલકા અંજામ કિસિને. શાકી. ૨.
કયા કામ કિયા નામ કિયા ઇશ્કને મેરા,
નાહકે કિયા ઉસ ઇશ્કકું બદનામ કીસીને. શાકી. ૩.
રૂશવા મુઝે હરજા કિયા બર વાયદે ખેલાફી,
કયા ખૂબ દીયા હમકુ યહ ઇલજામ કિસિને. શાકી. ૪.
આંતી હયે મયશર નજરૂ અબ વસ્લે અઇયામ,
ફિર ચાહે દિયે શાદીકે પયગામ કિસિને. શાકી. ૫.

રેખતો.

જલવહ જો ઉસને દેખા મેરા જી જાનતા હે,
ફેર ખોદાઇ નજર આઇ મેરા જી જાનતા હે. જલવા. ૧.
ઉઠ ગઈ મેરી જુબાંસે દો જહાંકી સહેજ્જત,
જો મઝાહ ઇસ્કને પાયા મેરા જી જાનતાહે. જલવા. ૨.
મય ખતાવાર હું ખત કયું કે લિખું અયે સાહેબ,
જેસા લોગોને સિખાયા મેરા જી જાનતા હે. જલવા. ૩
કૌન કહતાહય તેરે અસ્કકે અંજાન રહા,
જીતેજી તુને જલાયા મેરા જી જાનતા હે. જલવા. ૪
અયજફર ઉસ ગુલે ખંદાંકી મહબત તુજકું,
દમ બદમ ઉસને સતાયા મેરા જી જાનતા હે. જલવા. ૫

આ પ્રમાણે અનુક્રમે દરેક પરીઓ ઇંદ્ર માહારાજની જેમ જેમ આજ્ઞા થતી જાય છે તેમ તેમ નાચ સાથે ગાયન કરે છે અને તે તમાસો સઘળા ચિત્રવત બનેલા જોયાં કરે છે. હવે આ સઘળી મિજલસની મઝાહને બાજુએ મુકીને આપણે બીજી હકીકત બાબત વગાયે છીએ.

પેલો ભદ્રકેતુ જે કે સ્વર્ગમાં ઇંદ્ર મહારાજની માનીતી અપ્સરાનો ભાઇ ભદ્રમંડલના રાજકુમાર મદનકુમારની સ્ત્રી મોહિનિ ઉપર આસક થએલો છે તે દરરોજના નિયમ પ્રમાણે આજ બાર વાગ્યાની સંધીમાં તેણીના અવાસ તરફ આવ્યો. પણ ત્યાં તેના અવાસના બારણાં બંધ જોયાં; છતાં કદાચ એક બારી ખુલ્લી રહેલી હતી તેમાં તે ભદ્રકેતુએ પ્રવેશ કરીને તપાસ કર્યો. ત્યારે મોહીનીને દીઠી નહીં તે ભદ્રકેતુના જાણવામાં આવ્યુંજ હતું કે આ ભદ્રમંડળ નગરના રાજ્ય બાગમાં સ્વર્ગથી ઇંદ્ર માહારાજ અત્રે બાવન અપ્સરાનો નાચ જોવા પધારેલા છે. માટે રખેને કદાચ મોહીની તે નાચ જોવા ગઈ હસે માટે હું પણ તેનો તપાસ કરૂં કે તે કયાં બેઠી છે. આ પ્રમાણે વિચાર કરીને તે ભદ્રકેતુ બાગમાં આવી પહોંચ્યો. અને તેણે ચારે બાજુ સુક્ષ્મ રૂપ ધારણ કરીને જોયું. પણ મોહીનીને દીઠી નહીં, તેથી તે ઘણો વિકળ થયો. તેમજ ચીંતાથી ગાભરો બની ગયેલો તે બાગના દરેક વૃક્ષો તરફ તથા કુંજ લતા અને અનેક દ્રાક્ષ ઘટામાં ફરી વળ્યો. પણ પત્તો લાગ્યો નહીં. છેવટે છેવટના ભાગ તરફ સેજ સાજ જુવે છે ત્યારે એક બાજરૂમાં ઉજ્વળ મુખવાળી સ્ત્રી આમતેમ ફાંફાં મારતી ઇંદ્ર સભામાં જે નાચ થતો હતો તે જોયાં કરતી હતી. તે સ્ત્રી તરફ ભદ્રકેતુની નજર ગઇ અને

પાસે જઇને જુવે છે ત્યારે પોતાની પ્રાણ પ્યારી મોહિની પોતે જુવે છે. જોતાંજ તે ભદ્રકેતુનો મિજાજ જતો રહ્યો અને તેના હૃદયમાં ક્રોધાગ્ની વ્યાપી ગયો. પછી તે મોહીની પાસે જઇને ભદ્રકેતુ કહેવા લાગ્યો કે પ્યારી! શું તારી આવી સ્થિતિ કે! શું તને બજારમાં બેસવાની જગો આપી છે! અરે તારી આ પ્રકારે અધમ સ્થિતિ! તારૂં આ પ્રમાણે અપમાન કરનાર કોણ? તેં પોતાનું નુર શા માટે ગુમાવ્યું? આ ભ્રષ્ટ બજારમાં તને જેણે બેસાડી છે તેના હજાર કટકા શા માટે ન કરવા. કેમ આ વખતે તારે શો વિચાર છે? અરે હાય! તારી આબરૂ જવાથી હું પોતાની આબરૂ ગઈ એમ માનું છું જેની કીર્તિ ગઈ તેનું જીવતર પણ મિથ્યા છે. તે જીવતો છતાં મૃતક તુલ્ય છે આટલું સાંભળી મોહિનીએ કહ્યું કે હું ના ઇલાજથી આ ઠેકાણે બેઠી છું.

નહીં નહીં, એ નાઇલાજ કંઇ પણ કામમાં આવે નહીં, તે તમામ મારી આબરૂ ગઇ છે, હવે તુ ધીરજ રાખ્ય, હવે તું નજરે જો કે હું કેવું પરાક્રમ કરૂં છું! ગમે તેમ થાય પણ હું મારા શત્રુનું નીકંદન વાળી નાખું કે હમેશને માટે મને સુખ મળે, એમ વીચાર કરીને તે ઇંદ્રની સભામાં અધ્ધર ગયો. આ વખતે પ્રતાપરૂદ્રની ચારે તરફ દ્રષ્ટી ફરતી હતી. તે પ્રતાપરૂદ્ર પ્રથમથીજ જાણતો હતો કે આ સભામાં વિઘ્ન થયા વિના નહીં રહે. પણ ઇંદ્ર માહારાજના પ્રતાપથી સઘળાં સારાં વાનાં થશે એમ સમજીને જે થવાકાળ હતું તે જોવા ઉપર પ્રતાપરૂદ્રની દ્રષ્ટી ચકોર હતી. અનાયાસ પેલા ભદ્રકેતુએ અદ્ધરથી એવી ઝડપ મારી કે જેવી રીતે તેતર પક્ષીને બાજ ઉઠાવી લે છે તેવી રીતે મદનકુમારની ગર્દન પકડીને તે ભદ્રકેતુ અદ્ધર આકાશ માર્ગે ચાલ્યો ગયો. આ વખતે પ્રતાપરૂદ્રે કીકીયારી કરીને ઇંદ્ર માહારાજને કહ્યું કે માહારાજ! આપ તો આ નાચ મજરો જોવામાં ધ્યાન ગ્રસ્ત થયા છો પણ રાજકુમાર ભદ્રકેતુની ગર્દન પકડીને આ બાઇશ્રી રૂપમંજરીનો ભાઇ ભદ્રકેતુ આકાશમાં ચાલ્યો ગયો છે અને તે આકાશમાં લઇ જઇને ત્યાંથી કોઇ શીલા તલ ઉપર પટકીને હજારો ચુરા કરી નાંખશે.—આટલું સાંભળતાંજ ઇંદ્ર માહારાજે પોતાના યોદ્ધાઓમાંથી આઠ બાહાદુર યોદ્ધાઓને આગ્ના આપી કે તે કમબખ્તને પકડીને મારી પાસે લાવો અને કુમારને કોઇ રીતે હરકત થાય નહીં તેવી રીતે ઉચકી લાવો.

ઇંદ્ર માહારાજનું વચન સાંભળતાંજ શસ્ત્ર પકડીને આકાશ માર્ગ આઠ યોદ્ધાઓ ઘણા વેગથી ધસ્યા અને અંતરીક્ષમાં ઘણે ઉંચે જઇને તે ભદ્રકેતુને પકડયો તેની સાથે યુદ્ધ કરીને અદ્ધરથી રાજપુત્રને

છીનાવી લીધો. તે આઠ પૈકી એક જણે રાજપુત્રને ઉચકી લીધો અને બીજા સાત જણાએ તે ભદ્રકેતુને જકડબંધ બાંધીને મિજલસની સભામાં રજુ કર્યો, અને મદનકુમારને મુળ જગોએ તેમના પીતા જોડે બેસાર્યો. આ વખતે ઘણો આનંદ થઇ ગયો.

રંગમાં ભંગ થયો. નાચની જે વખતે ખરેખરી મજાહ જામી રહી હતી તે વખતે ભદ્રકેતુએ ચીંતા ઉત્પન્ન થાય એવું તોફાન કર્યું.

ગુન્હેગાર ભદ્રકેતુને ઇંદ્રરાજાએ પ્રશ્ન કર્યો કે અરે કમબખ્ત! તારે આમ કરવાનું કારણ શું ? એવો પ્રશ્ન કરતાની સાથે પ્રતાપરૂદ્રે ઇંદ્ર માહારાજ પ્રત્યે હાથ જોડીને ટુંકામાં સઘળી વાત કહી દીધી. જેમાં સ્પષ્ટ જણાઈ આવ્યું કે મદનકુમારની પરણુત સ્ત્રી મોહીનીના પ્યારમાં ફસાયલો દરરોજ તે આવતો હતો; અને તેના સંગથી ભ્રષ્ટ થએલી મોહીની છે. હાલ જાજરૂમાં આ સભાનો દેખાવ જોવા બેસારેલી છે તેથી તેની આવી સ્થિતિ જોઇને પોતાનું પ્રબળ પરાક્રમ તેની પ્રાણ પ્રિયાને બતાવવાને તથા જન્મારાનું કાસળ કાઢી નાંખવાને માટે મદનકુમારને આકાશમાં લઇ પટકવા માટે લઇ ગયો હતો.

પ્રતાપરૂદ્રનું વચન સાંભળી ઘણાજ ક્રોધથી રૂદ્ર જેવો બની ગએલો ઇંદ્રે પોતાનો પગ પછાડીને ભદ્રકેતુને કહ્યું કે નીચ! શા માટે બોલતો નથી ! આ પ્રકારે વારંવાર ઇંદ્ર મહારાજ અત્યંત ટુંકારાના શબ્દો કહ્યા; તોપણ તે એક પણ શબ્દ બોલ્યા વિના ચિત્રવત્ બનેલો ઉભો રહ્યો. જ્યારે તેના તરફથી લેશ પણ ઉત્તર મળ્યો નહીં ત્યારે તેને કેવળ સદોશ ગણીને પોતાના યોદ્ધાઓને આજ્ઞા આપી કે તેને હમણાં ને હમણાં અર્ધો જમીનમાં દાટીને લીલા કાંટાથી બાળી નાંખો.–ખાખ કરો. હુકમ થતાનીજ સાથે તેને તેવી સ્થીતી કરવા સારૂ લઇ ગયા. અને તેજ પ્રમાણે તેને જીવતાં અગ્નીમાં બાળી નાખ્યો. આ તમામ તમાસો જાજરૂમાં બેઠી બેઠી મોહનિયે જોયો, અને તેણીયે પોતાના આખા જન્મારાની સુખની આશાઓ ત્યાંજ પડતી મુકી અને તથા તે સાથે નિરાશ થએલી ત્યાંજ નીચું ઘાલીને પસ્તાવો પામતી બેશી રહી.

ઇંદ્ર મહારાજનો ક્રોધ સાંત કરવાને માટે ફરીથી નાચ શરૂ થયો. થોડીક વારમાં ભદ્રકેતુને વિનાશ કર્યાનો ક્રોધ ઉતરી ગયો, અને પાછલી રાત્રીની રાગણીયોનો નાચ ચાલવા લાગ્યો.

આ વખતે ઇંદ્ર મહારાજ રૂપમંજરીને કહ્યું કે પ્યારી! તમારા ભાઇને દેહાંત શિક્ષા કરી છે. તેના માટે તમને ખોટું લાગ્યું હશે! તેના પ્રત્યુત્તરમાં રૂપમંજરીયે ઉત્તર આપ્યો કે માહારાજ! મારા

ઉપર આપની અકૃપા સંપાદન કરનાર મારો ભાઇ હતો. જેણે મારૂં ખોટું ઇચ્છ્યું છે તો તે બીજા કોનું ભલું ઇચ્છે! તેના કરતાં તો તે દેહાંત શિક્ષાને યોગ્ય બન્યો છે તેના માટે હું લેશ પણ અફસોસ નથી.

રૂપમંજરીનું વચન સાંભળીને ઇંદ્ર પ્રસન્ન થયો; ત્યારે તે વખતે હાથ જોડીને પ્રતાપરૂદ્રે ઇંદ્ર માહારાજના ઉત્તમ વિવેક માટે વિશેષ વિવેચન કરીને ટેકો આપ્યો, અને તે સાથે પ્રતાપરૂદ્રે વિનંતી કરી કે આપ કૃપા કરીને વિશેષ ચાર દીવસને માટે અમારા મિજબાન થાઓ. આ બાવન પરીયો આપ રહેશો ત્યાં સુધી આનંદનો વધારો કરશે, અને આપ નામદાર સામે નૃત્ય કરીને સંતોષ આપશે.

પ્રતાપરૂદ્રનો અને ભદ્રમંડલના રાજાનો આ પ્રમાણે આગ્રહ જોઇને ત્રણ દીવસ રહેવાને માટે ઇંદ્ર માહારાજે કબુલત આપી.

આજની સઘળી રાત્ર ગમ્મત રમ્મતમાં આ પ્રકારે વીતી, પ્રાતઃકાળ થયો એટલે પેલી મોહીની અફસોસ થતી પોતાના પીયર ભણી મુખ ફુપાવતી ચાલી ગઈ.

ત્યારે બીજી તરફ જીનદેશના રાજાને નજર કેદ કર્યો છે તેણે વિચાર કર્યો કે હવે કોઈક પ્રકારે આપણે ભદ્રમંડળના રાજાને કદી પણ જીતી શકવાના નથી; કારણ કે તે રાજાની સાથે જ્યારે ઇંદ્ર માહારાજ મિત્રાચારીનો હક્ક રાખે છે ત્યારે તેની પ્રબળ સત્તાથી આપણા રાજ્યની પાયમાલી થયા વિના રહેવાની નથી માટે હવે હમેશાંને માટે ભદ્રમંડલના રાજા સાથે સંબંધ રાખવાથીજ આપણે સુખી થઇશું. અને એટલા માટે મારી બે પુત્રિયો છે તેમાંથી એક પુત્રી સુલોચના નામની ઘણીજ મનોહર અને રૂપાળી છે તે મદનકુમારની સાથે પરણાવી દેવી જોઇએ કે જેથી તે નિકટ સંબંધ જોડાયાથી અને ભદ્રમંડલનો રાજા પોતાની બેહેનની વિનંતી સાંભળીને મને પોતાનું રાજ્ય સોંપી દેશે તોજ હવે હું સુખી થવાનો છું. આ પ્રકારે જીનના રાજાએ વિચાર દ્રઢ કર્યો, અને પ્રતાપરૂદ્રને બોલાવીને પોતાનો ચોક્કસ વિચાર જણાવ્યો.

પ્રતાપરૂદ્ર સંધિવિગ્રહના કામમાં ઘણો કુશળ હતો તેથી તે વાત પ્રતાપરૂદ્રે ઘણી ખુશીની સાથે સ્વિકારી. આ સઘળી હકીકત પ્રતાપરૂદ્રે ધનંજય રાજાને વિદિત કરી, તેથી રાજાને હર્ષનો પાર રહ્યો નહી, કેમકે આ પ્રસંગે ઇંદ્ર માહારાજની સાથે મિત્રતાના સંબંધથી શત્રુ છતાં મિત્ર થઇને સંબંધ જોડવા તૈયાર થયો, અને પોતાની પુત્રિ આપવાને વિચાર જણાવ્યો. તે જાણીને પોતે ખુશી થયો. એટલામાં ધનંજય રાજાની બેહેન આવી પહોંચી. તેણે જીન પ્રદેશનું રાજ્ય

પાછું મળવાને માટે પોતાનો પાલવ પસારીને બ્હેનના સંબંધથી સાક્ષો માગવા લાગી; અને મદનકુમારને પોતાની પુત્રી આપવા બાબત વિચાર જણાવ્યો કે જે વાત પ્રતાપરૂદ્રે ધનંજય રાજાને પ્રથમ કહી હતી. સમગ્ર વાત સાંભળીને ધનંજય રાજાએ ઉત્તર આપ્યો કે મ્હેં મારા રાજ્યની લગામ પ્રતાપરૂદ્રના હાથમાં આપી છે માટે તે તમારી માગણી મંજુર કરીને રીત પ્રમાણે વ્યવસ્થા કરશે માટે તમે કોઈ વાતે હવે દુઃખ માનતાં નહીં, આ પ્રમાણે કહીને તેણે પોતાની બ્હેનનું મન મનાવ્યું.

એજ બીજે દીવસે પાછો ફરી જલસો રાત્રી વખતે શરૂ થયો અને બાવન અપ્સરાઓનો નાચ થવાને આરંભ થયો. આ વખતે મોહીની તે બાગમાં આવી નહોતી, તે તો કેવળ પોતાના અધમ કામને લીધે ઘણુંજ પસ્તાવા લાગી હતી. અને હમેશાંને માટે સ્વર્ગમાંથી આવનાર મેવો લાવનાર અને અતરની શીશીયો આપીને ખુશી કરનાર દેહાંતને પ્રાપ્ત થઈને વિયોગ થયો, અને તે ભેદ ઈંદ્રની સભામાં જાણવામાં આવ્યો. તેથી હવે કર્મ ભ્રષ્ટ થએલી મદનકુમારના અવાસમાં દાખલ થવાને કેવળ નાલાયક બનેલી આ વખતે પોતાના કપોલ પ્રદેશ ઉપર હાથ મુકીને વિમાસણ કરવા લાગી હતી. આ વખતે સઘળી વસ્તુઓ તેને કાંટાના શુળ જેવી લાગી હતી. આ વખતે તેના મોહરૂપી મેદાનમાં દાવાનળ અગ્નિ સળગ્યો હતો, અને હવે કયા પ્રકારે મારો સ્વીકાર મદનકુમાર કરે ! અને હું એવું કયું પ્રયત્ન કરૂં કે તેમનો પ્યાર મારા ઉપર પાછો લાગુ થાય ! તેના માટે બહુજ વીચારના ધુંચવાડામાં પડી ગઈ, પણ જ્યારે તેવો વિચાર કરવા લાગી કે મારૂં તમામ પોગળ જાણનાર પ્રતાપરૂદ્ર છે માટે તેનું મન મારા વિરૂદ્ધમાં છતાં વાળી નાંખવું એ ઘણુંજ મુસ્કેલ છે. એમ સમજીને તે પાછી હાયપીટ કરતી પોતાની પથારીમાં પગ પછાંડવા લાગી, અને તેથી કરીને તે આજ બાવન પરીયોનો નાચ જોવા સારૂ આવી નહોતી.

પ્રતાપરૂદ્ર અને ભદ્રમંડળના રાજા ધનંજયના આમંત્રણ પ્રમાણે હવે મુદત પુરી થવા આવી, જેમાં બાવન પરીયોના નાચ મજરાથી ઈંદ્ર મહારાજ તૃપ્ત થયા હતા. માત્ર ફક્ત આજની રાત્ર આનંદમાં ગુજારવાની બાકી રહેલી છે અને તેમ થયા પછી પ્રાતઃકાળમાં તખ્ત ઉપર બેસીને સ્વર્ગ તરફ જવું છે એવો તક જ્યાં નિકટ આવ્યો તે વેળાએ છેલી રાત્રી માટે બાવન પરિયોને અને પરિયોના નાયકને અમુલ્ય આભુષણ તથા દાગીના વિગેરેનો પોશાક આપવાને માટે ઈંદ્ર માહારાજે સંકડો જરીયાન કપડાંના તથા કરોડો

રૂપીયાના હીરા માણીક જડીત હાર વીગરેનો જથ્થો સ્વર્ગથી મંગાવીને તૈયાર રાખી મુકયો હતો. તે સમગ્રનો ઉપયોગ જેને જેમ ઘટે તેમ કરવાને માટે ધ્યાનમાં લીધું હતું.

પ્રકરણ ૧૧ મું.

નિમકહલાલ પ્રતાપરૂદ્રની, કદર ઇંદ્રનો સંતોષ અને ધનંજયનો અત્યંત પ્રેમ.

આજે છેવટનો જલસો હતો. સઘળી રાત્ર ગાયન અને નાચના રંગઢંગમાં ઇંદ્ર રાજાએ ઘણાજ આનંદ સાથે ગાળી. જ્યારે પાછલી રાત્રનો સમય થયો તે વખતે બાવન પરીયોના નાયકને ઘણી સાબાશી આપીને હીરાનો અમુલ્ય હાર તેના કંઠમાં આરોપણ કર્યો અને તે પ્રમાણે ઉત્તમ પોશાક પેહેરાવ્યો. ત્યાર બાદ બાવન અપ્સરાઓને અનુક્રમવાર તેમની યોગ્યતા પ્રમાણે રત્નજડીત દાગીના અને પોશાક આપવાનું કામ કેટલીક ઘડિતા સુધી શરૂ થયું. તે સમગ્ર કામ આટપી ગયા બાદ સભામાં ઇંદ્રમહારાજ ઉભા થયા અને ધનંજય રાજાના આમંત્રણથી તથા પ્રતાપરૂદ્રના સઘળા પ્રયત્નથી જે સંતોષ ઉત્પન્ન થયો હતો તેના માટે ઘણા વિવેચન સાથે ભાષણ કર્યું. પ્રતાપરૂદ્રને પોતાની પાસે બોલાવીને તેને પોતાની છાતી સરસો ચાંપ્યો અને તેને સઘળી ગોઠવણ માટે ઉત્તમ સાબાશી આપતાં કહ્યું કે તમારી સઘળી બાહોશી માટે રૂપમંજરીયે ઉત્તમ વખાણ કર્યાં છે, અને તેથીજ હું સંતોષ થાઉં છું કે, તમારૂં હમેશાંને માટે ભલું થાઓ.

આટલું બોલીને ઇંદ્ર માહારાજ જ્યાં જરાક અચકીને ઉભો રહે છે એટલામાં ધનંજય રાજાએ હાથ જોડીને વિનંતી કરી કે માહારાજ મારૂં ધન્યભાગ્ય છે કે આપ અત્રે પધાર્યા છો અને આવો ઉત્તમ અવસર મને કયાંથી મળવાનો છે માટે આ મારી પુત્રી વસંતકોકિલાને હું પ્રતાપરૂદ્રને આપવાને નિર્ણય કર્યું છે માટે આપે પોતાના હાથે બન્નેનો હસ્ત મેળાવો કરશો તો આપના શુભ આશિર્વાદથી બન્નેની હયાત વિઘ્ન રહિત રહેશે.

ધનંજયનું વચન સાંભળી ઘણા હર્ષથી ઇંદ્ર માહારાજ વસંતકોકિલાનો હાથ અને પ્રતાપરૂદ્રનો હાથ પકડીને બન્નેનો ગાંધર્વ વિવાહ કરી દીધો. પછી મદનકુમાર તરફ નજર કરીને રૂપમંજરી અપ્સરાનો હાથ પકડીને લગ્ન કરી આપ્યું. આ વખતે પ્રતાપરૂદ્રે ઇંદ્ર માહારાજને વિનંતી કરી કે માહારાજ! આ દક્ષ પ્રદેશના રાજા

પોતાની પુત્રિ સુલોચનાને મદનકુમાર પ્રત્યે અર્પવા તૈયાર થયા છે તેથી આપ પોતાના મુબારક હાથથી તેમનાં લગ્ન થવાં જોઇએ. પ્રતાપરૂદ્રના કહ્યા પ્રમાણે ઇંદ્ર માહારાજે ઘણા ઉત્સાહ સાથે તેમ કર્યું. પછી તે તમામને પોતાના તખ્તની નીચલી બાજુએ બેસાર્યા પછી પોતે કહેવા લાગ્યા કે.—

હે ધનંજય રાજા! હું આજે ઘણોજ ખુશી થયો છું. તમે આ બાગ સ્વર્ગના નંદન વન જેવો તૈયાર કર્યો છે. અને તે તૈયાર કરવામાં તથા બાવન અપ્સરાઓને અત્રે લાવવામાં અતી પરિશ્રમ વેઠનાર પ્રતાપરૂદ્રને હું ધન્યવાદ આપું છું. તે પ્રતાપરૂદ્રને તથા આ મદનકુમારને હું મ્હારા બેટાબેટી પ્રમાણે ગણું છું. માટે કંઇ પણ સંદેશો નહીં આણતાં વખતે વખતે સ્વર્ગમાં આવવાને હું પરવાનગી આપું છું. સ્વર્ગમાં લાવવાને સાધનરૂપ તમારા માટે આ ત્રણ તખ્ત આપતો જાઉં છું. તેથી મનોવેગ પ્રમાણે મનમાં થતા વિચારને આધીન થઇને આ તખ્ત આકાશમાં ગમન કરીને સ્વર્ગમાં આવી શકશે; અને તેથી મારી ભેટ થશે; માટે તે તક કદી ભુલતા નહીં.

મને તમારા સહવાસથી તથા તમારા આમંત્રણથી તથા તમારી સઘળી મેહેમાનગતીની શરભરાથી મને ઘણો સંતોષ થયો છે.

તમારી સાથે ન્યાય રહિત ગેરવ્યાજબી વિગ્રહ કરનાર આ જીનદેશનો રાજા છે. અને અન્યાયથી વર્તનાર તેમનો પુત્ર વરરૂચિ છે. કે તેમને તે સમયે યોગ્ય સાશન મળ્યું છે. પણ હવે તેમણે તમારી સાથે નિકટ સંબંધ જોડયો. માટે તમારા લીધે હું તેમના પ્રત્યે હાલ દ્રષ્ટીએ જોઉં છું. અને તેમનું લઇ લીધેલું રાજ્ય હવે પાછું સોંપી દેવું જોઇએ. હવે આશા રાખું છું કે હમેશાં તે તમારી સાથે વફાદારીથી વર્તશે. અને જે સંબંધ સાંધ્યો છે તે સંબંધની મમતા રાખીને કુટંબ વાત્સલ્યતાનો ધર્મ સાચવશે.

ઇંદ્રરાજાનું વચન સાંભળી જીનપ્રદેશના રાજાએ હાથ જોડીને વિનંતી કરી કે માહારાજા! હવે હું નવો અવતાર પામ્યો છું. મારા હૃદયમાં પૂર્વના ગર્વ ભરેલા વિચાર કેવળ નષ્ટ થઇ ગયા છે; તેથી મારી સઘળી જીંદગી ગાંધર્વ નગરના રાજેંદ્ર પ્રત્યે પ્રેમ ભક્તી યુક્ત વ્યતિત થવાની છે. વળી જેવી રીતે ઘઉંના વાવેતરમાં ચીલ પાણી પીએ છે. વળી જેવી રીતે પારસમણીના સ્પર્શથી લોખંડ સુવર્ણમય થાય છે તથા જેવી રીતે અમૃત પ્રાશન કરવાથી વ્યાધિ રહિત શરીર બને છે તેવી રીતે હું ગાંધર્વ નગરાધિપતિ ધનંજય રાજાના પ્રતાપથી આપ સ્વર્ગાધિપતિ દેવેન્દ્ર પ્રભુના દર્શનનો લાભ પામ્યો છું તે કંઇ થોડી વાત નથી. આપનાં અલભ્ય દર્શનનો લાભ

તેમનાથીજ થયો છે. તે ઉપકાર હું શી રીતે ભુલું! એમ કહીને તે ગદ્દગદ કંઠથી ઇંદ્રિ મહારાજના ચરણમાં મસ્તક નમાવીને ઉભો રહ્યો.

ઇંદ્ર રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે તમારૂં હમેશાં તેમના પ્રત્યે પવિત્ર હૃદય રહો એમ હું ઇચ્છું છું. એટલું કહીને બીજી તરફ ઉભેલો બાવન પરિયોના નાયક બાજુ દ્રષ્ટિ કરીને ઇંદ્ર મહારાજે કહ્યું કે તમારી ઉત્તમ વિદ્યા ઉપર મને સંતોષ થયો છે. વળી જેવી રીતે તમે અત્રે આવીને જે મજાહ બતાવી છે તેવી મજાહ સ્વર્ગમાં દેવ સમુદાયને બતાવશો તો તેમને ઘણો સંતોષ થશે. વળી તમે પ્રતાપરૂદ્ર પ્રત્યે જે પ્રેમની લાગણી બતાવી છે તેના માટે તમારા ઉમદા વીવેક સારૂ મને સંતોષ થાય છે.

તેટલું વચન સાંભળી નાયકે હાથ જોડીને ઉત્તર આપ્યો કે રાજેન્દ્ર! પ્રતાપરૂદ્રે મારો ઉદ્ધાર કર્યો છે, એમ કહીને તમામ હકીકત તેણે પોતાની જે હતી તે કહી દીધી. પોતે કેવી રીતે પક્ષીની સ્થિતિમાં ફસાયો હતો, અને પ્રતાપરૂદ્રે કેવી રીતે તે કૃષ્ણાંબરીનો અંત આણ્યો તે સમગ્ર વાત ઇંદ્ર રાજાને કહી સંભળાવી તેથી ઇંદ્રરાજા તથા ધનંજય ઘણું આશ્ચર્ય પામ્યા અને એજ વખતે પ્રતાપરૂદ્રને ઇંદ્ર મહારાજે કહ્યું કે સંત પુરૂષોનું બળ વિશેષ છે. અને તેમની સત્તાથી બાણવાહનનું જે ધનુષ્ય અને તેના ત્રણ બાણ તમને મળ્યાં છે તે કેવળ દેવોનું પણ મ્હોત શોધી કાઢવાને સમર્થ છે. હવે અત્યારે હું પ્રશ્ન કરૂં છું કે મ્હારૂં મ્હોત કઇ જગોએ છે તે તમે નિશ્ચય કરશો એટલે મને વધારે ખાત્રી થશે.

પ્રતાપરૂદ્રે ઇંદ્ર મહારાજનું વચન માથે ચઢાવીને તેણે આકાશમાં ફેંક્યું કે બાણ ક્યાં ગયું! તેની ખબર પડી નહીં, પછી તે બાણ થોડીકવારમાં આવીને પ્રતાપરૂદ્રના કાન આગળ ભમરની માફક ગુંજારવ કરતું કંઇક કહીને ભાથામાં સમાઇ ગયું. આટલું થયા બાદ પ્રતાપરૂદ્રે ઇંદ્ર મહારાજના કાન આગળ આવી એકાંત જગોએ લઇ જઇને કહ્યું કે મહારાજ! આપનું મ્હોત આપની ઇંદ્રીના ચડમાં છે. આપ જઇને તે ઉપર તપાસ કરો કે તે જગોએ સીંદુરનો ચાંલ્લો થયો છે કે નહી! આટલું વચન સાંભળી અત્યંત આશ્ચર્ય પામતો ઇંદ્ર તે ચિન્હ જોવાને માટે એકાન્ત સ્થળમાં ગયો અને જ્યારે જુવે છે ત્યારે તે જગોએ સિંદુરનું નિશાન થએલું જોવામાં આવ્યું. તે દેવનો રાજા હતો. તેને પોતાના મ્હોતના સ્થાનની ચોકસ ખબર હતી. તે ખબર જ્યારે પ્રતાપરૂદ્રના બાણે પ્રતાપરૂદ્રને કહી આપી તે વખતે ઇંદ્રનો તમામ ગર્વ ઉતરી ગયો. અને તે સાથે મોટી ચિંતામાં પડી ગયો.

આ તમાસો જોઈને પ્રતાપરૂદ્રે કહ્યું કે માહારાજ હું તો આપનો પુત્ર છું, માટે આપ ભાવી બળ માટે ચિંતાતુર થતા નહીં, કારણ કે આ બળવાન બાણ અને ધનુષ્ય છે તોપણ જણુવાહનનું મસ્તક કપાયલું સ્થંભ ઉપર લટકયું હતું. છતાં આ ધનુષ્ય અને બાણ કંઈજ કામમાં આવ્યાં નથી. તેજ પ્રમાણે આ વસ્તુ મારી પાસે છે પણ જે કાળે કાળ ચક્રનો અંત જ્યારે મારી જીંદગીને અસર કરશે તે વખતે આ વસ્તુ નિરૂપયોગી થઈ બીજાને હાથ જશે. અને તે આ વસ્તુના પ્રભાવને જાણશે નહીં માટે અમારી સેવકવૃત્તિ આપના પવિત્ર ચરણ ઉપર હમેશાં કાયમ રહે તેવો આપ મને અને આ તમામને આશીર્વાદ આપશો એટલેજ અમારૂં શ્રેય થવાનું છે.

ઈંદ્રરાજા અત્યંત પ્રસન્ન થતો પ્રતાપરૂદ્રને ધન્યવાદ આપ્યો અને ધનંજયને કહ્યું કે જ્યાં સુધી તમારી પાસે પ્રતાપરૂદ્ર છે ત્યાં સુધી તમારા રાજ્ય ઉપર કાંઈ પણ ચઢાઇ કરવાને સમર્થ નથી અને હું પણ તમારા પ્રત્યે પ્રેમની લાગણીથી જોઉં છું. હવે પ્રાતઃકાળ થવા આવ્યો છે માટે જઇએ છીએ, અને અમારૂં બોલવું હમેશાં યાદ રાખશો.

આ પ્રમાણે કહીને અને તમામને મળીને ઈંદ્રમાહારાજ પોતાના સમગ્ર માણસો તથા અપ્સરા સાથે સ્વર્ગ તરફ ચાલ્યા.

તેમના ગયા બાદ, બે દીવસ બાવન પરીયોનો નાયક ત્યાં રહીને પ્રતાપરૂદ્રની તથા ધનંજય રાજાની અને મદનકુમારની આજ્ઞા લઇને અને વખતે વખત તે પ્રદેશમાં આવવા માટે આમંત્રણ દઇને બાવન પરીયોસહ તખ્ત ઉપર બેસીને તેઓ તેમના સ્થાન તરફ રવાને થયા.

પોતાના ગુરૂએ જે ધનંજય રાજાને કહ્યું હતું કે આ પ્રતાપરૂદ્રથી તેં જે વસ્તુઓ જોઇ નથી તે તારા જોવામાં આવશે. તે તમામ વાત ખરી પડી.

૧ એક તો અવાચક થઈ ગએલા મદનકુમારને બોલતો કર્યો.

૨ બીજુ મોહિનિ સ્ત્રીની કપટજાળ ખોળી કાઢી.

૩ ત્રીજું તે મોહીનીથી લપટાયલો સ્વર્ગનો દેવ ભદ્રકેતુ આ રાજ્યના પુત્રનો કટ્ટો શત્રુ થયો એમ સમજીને તેનો જે પ્રકારે નાસ થાય તેવી યુક્તી શોધવામાં કપટજાળ રચી.

૪ છેવટે ઈંદ્રસભામાં નિવાસ કરનારી રૂપમંજરીને પદભ્રષ્ટ કરાવીને ભદ્રમંડળમાં આવે તેવી યુક્તી યોજી.

૫ અત્યંત કષ્ટ વેઠીને અને તેમાં પણ પરાક્રમ કરીને બાવન અપ્સરાઓને લાવ્યો.

૬ ઈંદ્રને બોલાવીને—જીન પ્રદેશના રાજાને હરાવ્યો અને તેને વશ કરીને ઉલટી તેની કન્યા લીધી.

૭ ઇંદ્રને સર્વ પ્રકારે સંતુષ્ટ કર્યો અને તેની અપ્સરા પોતાના રાજ્યમાં રાખી. અને ઇંદ્રનો અભિમાન દુર કર્યો કે જેમાં પ્રતાપરૂદ્રે તેનું મ્હોત શોધી કાઢયું.

૮ અને છેવટે મદ્રમંડલની રાજ્યકન્યા કદર પામીને પોતે મેળવી.

આટલાં કામ ધનંજયે નહિ જોવામાં આવે તેવાં જોયાં તેથી તેને આનંદનો પાર રહ્યો નહીં. અને છેવટે સઘળા રાજ્યની લગામ પ્રતાપરૂદ્રના હાથમાં આવીને પોતાની હયાતીમાં પોતાના પુત્ર મદનકુમારને રાજ્યગાદીએ પ્રતાપરૂદ્રની દેખરેખ નીચે એસાર્યો અને પ્રતાપરૂદ્રને તમામ સોંપીને ધનંજય અને રાણી એ બન્નો તપશ્ચર્યા કરવા સારૂ અરણ્યમાં નિવાસ કર્યો.

પ્રતાપરૂદ્રે રાજ્યની લગામ પોતાને હાથ રાખીને મદનકુમારને સંપૂર્ણ વિદ્વાન કર્યો, જેથી મદનકુમારે પ્રતાપરૂદ્રને પોતાના મોટા ભાઇ પ્રમાણે માન્યો હતો. અને તેના મુખમાંથી નિકળેલી આજ્ઞા પોતે પાળતો હતો, તેથી તેના રાજ્યમાં દીનપ્રતિદીન સુધારા થતા ગયા, અને તે રાજ્ય ઉત્તમ ઉન્નતિએ પહોંચ્યું.

આજકાલ દુનિયામાં પ્રતાપરૂદ્ર જેવા નિમકહલાલ માણસ કવચિત નીકળશે. તેણે રાજ્યનું ભલું થવા માટે કેટલી બધી મેહેનત કરી છે તેના માટે આ વાર્તામાં બોધ લેવાનો છે. કેટલાક રૂસ્વતખોર માણસો રાજ્યનું હિત ન બગાડે તો રૂસ્વત ખાઇને બીજાને પેમાલીમાં નાખી દે છે. માટે આ વાર્તાથી એવો બોધ થાય છે કે રાજ્યનું હીત કરનારને પ્રથમ તો ઘણુંજ દુઃખ વેઠવું પડે છે પણ પછીથી તે આ દુનિયામાં પોતાનું નામ અમર કરી જાય છે. ભલું કરનારાઓની પથ્થરની પ્રતિમા દેવની પેઠે પુજાય છે આધુનિક વખતમાં જેઓ રાજ્યભક્ત છે. તેઓશ્રી વિક્ટોરીયા રાણી સાહેબની છબીને દેવી તુલ્ય ગણીને પુષ્પની માળા પેહેરાવે છે અને તે છબિ પ્રત્યે ભક્તી રાખીને વારંવાર નમસ્કાર કરે છે તેનું કારણ એજ છે કે તે રાણી સાહેબનું અંતઃકરણ ઘણુંજ દયાળુ હતું. એટલુંજ નહીં પણ તેમની કારકીર્દીમાં કોઇ પણ પ્રકારનો વિગ્રહ કે બખેડો થયો નથી માટે પૂર્વ જન્મના સંસ્કારનું તપ વિશેષ હતું એમ સિદ્ધ થાય છે. અને એક શ્રદ્ધાથી તે રાણી સાહેબની છબીનું પુજન કરનારાઓનો મનનો મનોર્થ ફળે છે એવો દાખલો ઘણી જગોએ જોવામાં આવ્યો છે; એટલુંજ નહીં પણ તેમની ભક્તી કરવાથી હું પોતાને મન કામના પરીપૂર્ણ થવાનો દાખલો જે મળ્યો છે તે હું સારી પેઠે જાણું છું. સબબ એજ કહેવાનું છે કે આ વારતામાં ખરેખરો રાજ્ય ભક્ત પ્રતાપરૂદ્ર છે અને રાજપુત્રી વસંતકોકીલા જેવી પતિવ્રતા અને દઢ બુદ્ધિવાળી

આ દુનિયામાં કોઇકજ નીકળશે કે જેણીયે પોતાના પરાક્રમથી ઉમદાં કામ કરી ઉપકારનો બદલો વાળીને ઇચ્છેલા વરની સાથે વરી ચુકી. મતલબ એ છે કે જ્યારે મન પવિત્ર હોય છે તો તેમાં કદી પણ મલીનતા પ્રવેશ કરી શકે નહીં. અને તેવા પવિત્ર મનથી થતા કામમાં ભલે કદી વિઘ્ન આવેતો પણ તે વિઘ્ન વાદળાની માફક ખશી જાય છે. વળી આ વાર્તામાં દુષ્ટ અને કુલટા રૂપ મોહીની સ્ત્રી કે જે ભદ્રકેતુ સાથે રાત્રીએ સંબંધ રાખનારી હોવાથી મદનકુમાર પાસે રાત્ર રહેતી નહોતી. પણ છેવટે પ્રતાપરૂદ્રની નિમકહલાલીથી થએલા ફતેહ કાર્યના પરીણામમાં તે મોહીનીને પસ્તાવાનો પ્રસંગ આવ્યો. અને તેણીએ હમેશાંને માટે પોતાની જીંદગીનું સુખ ત્યાગ કર્યું. વળી તે જીવતા સુધી પસ્તાવો પામીને બીજી સ્ત્રીયોને શીક્ષણ આપવા લાગી. છેવટે તે સ્ત્રીએ સાધુ વૃત્તિ ધારણ કરી અને પોતાનું દુષ્ટ કામ જ્યાં ત્યાં જણાવતી હતી. અને પોતાનો પશ્ચાતાપ જાહેર કરીને સ્ત્રીયોને સુધારવા માટે તેને નીમી હતી. અને તેને રહેવા સારૂ રાજસ્થાન તરફથી જુદો અવાસ આપ્યો હતો. તેના માટે તમામ ખર્ચ નોકરો સુદ્ધાં બાંધી આપ્યો હતો.

સદાચરણ એ માનવ દેહનું ભુષણ છે. સ્ત્રીયોનું સતિત્વ, અને શીયળવ્રત તથા પતિવ્રતપણું એજ તેમનું અચળ ભુષણ છે અને તેથી તેમને જલદીથી સ્વર્ગમાં સુખની પ્રાપ્તી થાય છે.

તેમજ પુરૂષ વર્ગે પણ પોતાની સાધ્વી અને પવિત્ર સ્ત્રીનું પાલન કરીને તેને કોઇ પણ દીવસે દુભવવી નહીં અને પોતે સત્ય વક્તા બનીને જીતેંદ્રિય રહેવું એજ ઉત્તમ ભુષણ છે.

આ વાર્તા અદ્દભુત રસથી ભરપુર છે પણ વાચકવર્ગ તે સમસ્ત વાંચીને તેમાંથી ઉત્તમ સાર સોધી કાઢશે. સ્ત્રીયોને અને પુરૂષ વર્ગને આ વાર્તા ઉપયોગી છે.

હમેશાંને માટે આશીર્વાદ દઉં છું કે પ્રતાપરૂદ્ર જેવા રાજભક્ત બનીને સાર્વભોમ રાજાનો પ્યાર મેળવો અને તમે આ દુનિયામાં પોતાનું નામ ધ્રુવના તારાની માફક સ્થીર રાખો.

અને સ્ત્રી વર્ગને કહું છું કે તમે વસંતકોકિલાની માફક બહાદુર બનીને પોતાના પતિની સેવા બજાવો કે જેથી આ હિંદમાં તમારૂં નામ અમર રહે.

સમાપ્ત.

તૈયાર થાઓ ! લુંટા લુંટ મોટી ધમાલ !!!

રૂપિયા સવામાં અંગ્રેજી

૭ માસમાં ન આવડે તો રૂ. ૧૦૦ ઈનામ.

આજ લગી આ જાતની બાહાર પડેલી તમામ બુકોમાં મોટામાં મોટી, નવામાં નવી, સારામાં સારી, સ્હેલામાં સ્હેલી અને સોંઘામાં સોંઘી ચોપડી આજ છે. આ જાતની બીજી કોઈ પણ ચોપડી ખરીદતાં પહેલાં આ જોજો.

સેલ્ફ ઈંગ્લીશ ઈન્સ્ટ્રકટર

(રાજભાષા)

ઘેર બેઠાં જો તમારે વગર માસ્તરે રીતસર અંગ્રેજી શિખવું હોય તો સેલ્ફ ઈંગ્લીશ ઈન્સ્ટ્રકટર જરૂર ખરીદજો.

લોભીઆ પુસ્તક પ્રગટ કરનારાઓની માફક આ પુસ્તકના વધુ ભાગો જુદા છપાવ્યા નથી પણ તે બાર ભાગમાં પુરૂં કરી એકજ પુસ્તકમાં બહાર પાડયું છે.

અક્ષરજ્ઞાન, વાંચતાં, લખતાં, બોલતાં, કાગળ લખતાં વગેરે શીખવા માટે આ પુસ્તક એક ઉત્તમ સાધન છે, અને આના જેવી સમજ બીજા કોઈ પુસ્તકમાં નથી.

ખરીદનારને જો ચોપડી પસંદ નહીં પડે તો તે અસલ સ્થિતિમાં પાછી લેવામાં આવશે તેમજ શિખનાર એમ કહેશે કે ચોપડીનો છ માસ અભ્યાસ કર્યા છતાં તેને ઈંગ્રેજી નથી આવડતું તો તેને રૂપિયા સો ઈનામ આપવામાં આવશે. કિમ્મત રૂપિયો સવા, પોસ્ટેજ માફ (પૃષ્ટ ૩૫૨)

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

એક સાથે બન્ને ભાગવાળું સંપૂર્ણ મ્હે

અરેબિયન નાઈટ્સ.

એક હજારને એક રાતની અદ્‌ભૂત વાર્તાઓનો ભંડાર

અદ્‌ભૂત અને રસીલી વાર્તાઓમાં અરેબિયન નાઈટ્સ પહેલો દરજ્જો ભોગવે છે.

દુનિયાંની બધી ભાષાઓમાં તેનાં ભાષાન્તર થયાં છે.

આ પુરૂષ ગ્લેડસ્ટન પણ તેને માટે કહે છે કે,—"જો કોઇ સારામાં સારાં એકસો પુસ્તકો ચુંટી કહાડવાનું કહે તો તેમાં હું કદી પણ **અરેબિયન નાઈટ્સને** મૂકયા વગર નહીં રહું." કહો આથી વધારે સારૂં સર્ટીફીકેટ કયું જોઈએ? એકવાર હાથમાં વાંચવા લેતાંજ તમારા મનને જીતી લેનારૂં ખરેખરૂં જાદૂઈ પુસ્તક, વાર્તાના રસનો મહાસાગર અને બુદ્ધિનો ભંડાર અરેબિયન નાઈટ્સ છે. અદ્‌ભૂત ઉત્તમ વાર્તાઓ, આશરે છસો મ્હોટાં પૃષ્ઠોનો પાકાં પુંઠાનો દળદાર ગ્રન્થ જેમાં સંપૂર્ણ મૂળ ગ્રન્થનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગ્લેઝ ચીકણા કાગળ સોનેરી પુંઠું કીંમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ ૦-૮-૦ રફ કાગળ સોનેરી પુંઠું કીંમત રૂ. ૨-૦-૦ પોસ્ટેજ ૦-૬-૦

પુસ્તકો મળવાનું ઠેકાણું:-

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.